Chap-4

<u>પ્ર ક ર ણ : ૪</u>

## ગ દ્ય કા ર વા ડી લા લ

=====================================================

<u>૧</u>

### પુસ્તક પરિચય

સ્વેચ્છાએ સ્વીકૃતિ પામેલા પત્રકારજીવનને વા. મો. શાહે સને ૧૯૨૧ માં હમેશને માટે તિલાંજલિ આપી હતી. પોતાની ગરજે ગ્રાહક તરીકે નામ નોંધાવનાર ૫૦૦૦ સજ્જન ગ્રાહકોમાંથી (?) માત્ર ૫૦૦ ગ્રાહકોએ ત્રણ વર્ષના વાર્ષિક લવાજમના રૂ. ૨ મોકલ્યા હતા અને બાકીનાઓએ મૌન જ સેવવું ઉચિત ધાર્યું હતું ત્યારે વાડીલાલે વિચાર્યું કે "કાં તો સમાજ પોતાને માટે લાયક નથી અને કાં તો પોતે સમાજને માટે લાયક નથી." એ વિચારની બળતરાએ એમને બેચેન બનાવ્યા અને છેલ્લો ૧૯૨૧ નો અંક પ્રગટ કર્યા બાદ "જૈનસમાચાર"ની માફક "જૈનહિતેચ્છુ" ને પણ "યોગનિદ્રામાં પોઢાડી દઇ" પોતે કલમબ્રહ્મચર્યવ્રત ધારણ કર્યું, પરંતુ એમનું એ વ્રત કુદરતને મંજૂર નહિ હોય કારણ આ વ્રત લીધું તે જ વર્ષે એમને એક યોગી મિત્રનો મેળાપ થયો જેમણે એમનું વ્રત તોડાવ્યું, પરિણામે "મસ્તવિલાસ" અને "જૈનદીક્ષા" જેવા ગૂઢ ચિંતનાત્મક તત્ત્વજ્ઞાનમય ગ્રંથોનું સર્જન શકય બન્યું.

વા. મો. શાહના ગદ્યસર્જનનો અભ્યાસ કાલાનુક્રમ પ્રમાણે ન કરતાં સઘળાં પુસ્તકોમાં ગ્રંથમણિ સમાન "મસ્તવિલાસ", "જૈનદીક્ષા", "મહાવીર કહેતા હવા", "પૉલિટિકલગીતા", "એક" "આર્યધર્મ", "નગ્નસત્ય" વગેરેનો પ્રથમ પરિચય આપવા ધાર્યું છે. આ પુસ્તકોમાં તત્ત્વજ્ઞાન પ્રાધાન્ય પામતું હોવાથી આ પ્રકરણમાં એનો પરિચય કરાવી "તત્ત્વજ્ઞ વાડીલાલ"ના પ્રકરણમાં એનો વિગતે અભ્યાસ રજૂ કરવું ઉચિત ધાર્યું છે.

## મ સ્ત વિ લા સ

: ૧૯૨૬ :

"મસ્તવિલાસ"ની રચના પાછળ યોગી મિત્ર સાથેનું મિલન કેમ, ક્યારે અને કયા સંજોગોમાં થયું અને વાડીલાલને એ કેમ આવકાર્ય બન્યું તેનો ઇતિહાસ જાણવાની સહેજે ઉત્કંઠા થાય. વાડીલાલના જ શબ્દોમાં એ હકીકત જોઇએ.

" આહ ! પરંતુ આખરે મારી "આરજૂ" સંભળાઇ ! સુમારે છમાસ ઉપર મારા એકાન્ત બંગલાના દ્વારમાં એક અજાણી ભવ્ય મૂર્તિ--કદાચ નિત્શેની જ નવી આવૃત્તિ એકાએક નજરે પડી. અને હૃદયને બીંધી નાખે તેવી તીવ્ર આંખો, એક વખત મોહનીય અને પાછળથી લોખંડી બનેલો ચહેરો - જેના ઉપર દબદબો તેમજ મીઠાશ ઝળકી રહયાં હતાં, લાંબા હાથ અને ઊંચી કાયા, ઘણું જ કસાયલું પણ પાછળથી બેદરકારી પામેલું શરીરબંધારણ, ખુલ્લું અને વિશાળ મસ્તક અને તે પરના રૂપેરી આછા વાલ : આ સર્વ જોઇ હરકોઇ સામુદ્રિકશાસ્ત્રી આફરીન પોકારી ગયા

સિવાય ભાગ્યે જ રહી શકે । તે વૃધ્ધ અજાણ્યા પરોણાએ દ્વારમાં પેસતાં જ મારું નામ ઉચ્ચાર્યું અને મને જોતાં જ એક જૂના સ્નેહીની માફક "આલિંગન" આપ્યું. અમે પછી કેટલા કલાક સુધી એકાંતમાં બેઠા એનું મને આજે સ્મરણ નથી. એ મુલાકાત બે બાળકોની મુલાકાત જેવી, બે મસ્તોની મુલાકાત જેવી, બે "ભૂખ્યા" આશક-માશુકની મુલાકાત જેવી હતી................. મારાથી એને કઇ જાતનો લાભ થવો શક્ય છે એ હું જાણતો નથી, પણ એનાથી તો હું અકથ્ય લાભ લૂંટું છું – એના વડે હું મને જોઉં છું અને.......અને.......કોઇ વીરલ પડીએ "એ" "હું" ઇત્યાદિ સર્વ એકાકાર થઇ ગયું હોય અને તે "બધા"નો હું "દ્રષ્ટા" હોઉં એવા "અનુભવ" ની શ્રેષ્ઠ "લહરી" ચાખું છું. હું એને ઘણીવખત ટીકીટીકીને જોઉં છું – રે ગળી પણ જાઉં છું ।"[1] આટલી હદનું તાદાત્મ્ય સાધનાર યોગી મિત્ર તે બાવાજી તુલસીદાસ. વાડીલાલને એમના જીવન દરમ્યાન બે સ્વરૂપે "મસ્ત"નો પરિચય થયો હતો. સૌથી પ્રથમ "નિત્શે" સાથેનો પરોક્ષ પરિચય જે એનાં લખાણો અને પુસ્તકો દ્વારા થયો હતો અને નિત્શેની પ્રતિકૃતિ સમા બીજા "મસ્ત" તે બાવાજી. બાવાજીએ ભક્તિયોગ, કર્મયોગ અને જ્ઞાનયોગ સઘળે મુસાફરી કરી હતી. હિંદુ, મુસલમાન, શીખ, જૈન ધર્મગુરુઓના સમાગમમાં તેઓ આવ્યા હતા, ઊંડા ઊંડા અદ્વૈતવાદનાં શાસ્ત્રો એમણે અવલોકયાં હતાં. તેઓ સાદા ગૃહસ્થ તરીકેનો, વીસ કુસ્તીબાજોને હંફાવનાર કુસ્તીબાજ તરીકેનો, એક "ઉસ્તાદ તારા" (Swimmer) તરીકેનો એક સાહસિક ઘોડેસ્વાર અને નિશાનબાજ તરીકેનો પાઠ પણ સફળતાથી ભજવી ચૂકયા હતા.

---

૧. "જૈનહિતેચ્છુ" : ૧૯૨૧ : પૃ. ૧૦૭-૧૦૯

શેરબજારના રાજા એવા બાવાજી અફઘાન વોરમાં જઈ આવ્યા હતા જેના નિશાન તરીકે એમના કપાળમાં તલવારનો ઘા મોજૂદ હતો. એમના પૂર્વાશ્રમમાં એ મુંબઈના ભાટિયા વ્યાપારી હતા. વાડીલાલના કથન અનુસાર તે જેટલા બહાદુર તેટલા જ ભોળા, પ્રપંચીના પ્રપંચ સમજી જવામાં કુશળ તેટલા જ પ્રપંચના "કાદવ"માં પડવાને નારાજ અને જેટલા કટ્ટર તેટલા જ ક્ષમાવાન હતા. બાવાજી નાથપંથી અઠંગ હઠયોગી તરીકે જ જાણીતા હતા.

આ હઠયોગીના સહવાસમાં આવ્યા પછી વાડીલાલના પ્રશંસકોએ બાવાજીને વિનંતી કરી કે "વાડીલાલનું કલમબ્રહ્મચર્ય વ્રત તોડાવીને સમાજોપયોગી સાહિત્ય લખાવો." દિવસો સુધીની મથામણ પછી બાવાજીને એ વ્રતભંગ કરાવવામાં સફળતા મળી, તેનું કારણ ફક્ત વાડીલાલ-નો બાવાજી પ્રત્યેનો પ્રેમ હતું. તેમણે કહ્યું છે કે 'I loved him, without caring to know who he is and whether my love will be responded.'[2] આ પ્રેમના બંધનને વશ થઈ વાડીલાલે "મસ્તવિલાસ"નો કથાગ્રંથ સને ૧૯૨૬ માં લખ્યો. આ ગ્રંથને પ્રગટ કરવાની વાડીલાલને ઈચ્છા નહોતી, પરંતુ બાવાજીના આગ્રહને વશ થઈ વા.મો.શાહ તેમજ બાવાજીના નામથી પ્રસિદ્ધ કરવાની એમણે પરવાનગી આપી, ત્યારબાદ બનેલા એક દુઃખદ અણબનાવથી બંને મિત્રો વચ્ચે દુશ્મનાવટ બંધાઈ.

વિનામૂલ્યે પ્રચારાર્થે પ્રસિદ્ધ કરવામાં આવેલા આ ગ્રંથના પ્રથમ પૃષ્ઠ ઉપર લખ્યું હતું કે – "કેટલાક વિકસિત આત્માઓ એવા પણ

---

૨. ૧૯30 ની આખરે વા.મો.શાહે લખેલા એક પત્રમાંથી:

હોય છે કે જેઓને કોઇપણ ચીજ કિંમત ભર્યા સિવાય લેવાનું પાલવતું નથી તેમજ પસંદગીની ચીજ વગર ચલાવી લેવાનું ખટકે છે તેમને માટે આ ગ્રંથની કિંમત ૩ રૂપિયા અને બાકીનાને વિનામૂલ્ય મળશે." કેટલીક કોપીઓ વાડીલાલના પત્નીનુ નામ ઉમેરી વેચવામા આવી. બાવાજી દ્વારા આચરાયેલી આ હીનતાની જાણ વાડીલાલને થઇ. એમણે ખૂબ દુ:ખ અનુભવ્યુ અને બાવાજીને માત્ર પોતે જ એકાંતમાં વાંચવા માટે સંબોધન વગરનો એક પત્ર લખ્યો. એમાં કહેવાતા યોગીઓ પણ પોતાની ઇચ્છા-શક્તિને વશમાં રાખી શકતા નથી અને ખોટા કાર્યો કરતાં અચકાતા નથી એવો નિર્દેશ કરી જણાવ્યું કે – " મેં તમારા વ્યવહારજીવનને લગતી તમારા જ મુખેથી કહેવાતી અણપૂછી વાતોના ખરા-ખોટાપણામાં ઉતરવાની પણ કોઇ કાળે દરકાર કરી નહોતી; કારણ કે એમ કરવુ એ મને મારા "ધ્યેય"થી આડે રસ્તે ઉતારી પાડનાર થઇ પડે. પણ મેં જ્યારે તમારી અતૃપ્ત ઇચ્છાશક્તિને ભોગ માટે કૂદાકૂદ કરતી જોઇ ત્યારે એમાં અટકાયત થવાથી ઇચ્છાશક્તિ કયો માર્ગ લે એ જોવા ઇચ્છયું. "કોઇએ અહીં ન આવવું" એવું બોર્ડ એ કારણથી જ મરાયું હતું. પરિણામ એ આવ્યું કે અસંગ દશા તમને વધારે અસહ્ય થઇ પડી અને પહેલાં કરતાં પણ વધુ ટોળાં--વધુ વાતો-વધુ બિનજરૂરી ડફાસો – એ થવા લાગ્યું. પછી તો છેડાઇ પડેલી તમારી ઇચ્છાશક્તિ વિઘ્નરૂપ મને દાબી દેવાને પણ પ્રવૃત્તિમાન થઇ, અને થાય જ – કારણકે......ઇચ્છાશક્તિ કાંઇ પ્રેમ કે મિત્રતાને પિછાની શકતી નથી. તે અંધી છે – અને અંધાપો ન હોય તો એનું બળપણ ન હોય. તેથી તમે મને પહેલા તો બીજાઓની સમક્ષ અને પછી ખુદ મારી સમક્ષ તમારા એક ગુલામ કે શિષ્ય તરફ જે શબ્દો ઉચ્ચારો

તેવા ઉચ્ચારવા લાગ્યા. મેં તે સહન કર્યું તે કંઇ સહન કરવાની "નીતિ" ખાતર નહિ, પણ એક શોધકની ગરજ તેને સહનશીલ બનાવે જ તે કુદરતી નિયમને અંગે સહન કર્યું. એટલે કે સહન કરવામાં નીતિ કે મિત્રતા કારણભૂત નથી બની, પણ ગરજ "[3]

ખૂબ જ અલ્પ સમયમાં બે દોસ્તોની આ પ્રગાઢ મૈત્રીનો અંત આવ્યો. આ અંગે વાચકના મનમાં એક પ્રશ્ન સહેજે ઉદ્દભવે છે કે – અજ્ઞાન, અંધકાર અને અન્યાય સામે ઝઝૂમનારા વ્યવહાર કુશળ વિદ્વાન સહનશીલ અને દીર્ઘદ્રષ્ટા વાડીલાલ બાવાજીની આવી ત્રિમુખી પ્રતિભાને કેમ પારખી શકયા નહિ ? વાડીલાલે બાવાજીમાં મૂકેલો વિશ્વાસ થોડો વધુ પડતો લાગે છે પરંતુ ઉપર્યુક્ત અવતરણ વાંચ્યા બાદ આપણે એમ તો જરૂર કહી શકીએ કે વાડીલાલ પોતાની એ નિર્બળતાથી અજ્ઞાત નહોતા પણ એમની શોધકની ગરજે બાવાજીના દોષગુના જોતાં એમને અટકાવ્યા હતા અને ફકત ગુણપૂજક જ બનાવ્યા હતા.

આ પ્રસંગની અસર વાડીલાલના હ્રદય ઉપર ગંભીર થઇ. એમણે બાવાજી પાસેના પોતાના સઘળાં પુસ્તકો, લેખો, નોંધો, સૂત્રવચનોની માગણી કરી અને ન આપે તો તેના ટુકડે ટુકડા કરી મોકલવા સૂચવ્યુ જેથી પોતે એને સળગાવી દઇ નામશેષ બનાવી શકે. બાવાજી પ્રત્યેના પ્રેમ અને સ્નેહને કારણે એ લખાણોમાં સમાવિષ્ટ થયેલા પોતાના આદર્શોને ધૂળમાં રગદોળવાની ઇચ્છા વ્યકત કરી. એમને, પોતે શ્રમપૂર્વક લખેલા લખાણો માટે ખૂબ પસ્તાવો થયો. બાવાજી જો એ સઘળું પરત ન કરે અને

---

3. તા. ૨૫-૨-૧૯૨૬ ના રોજ વા. મો. શાહે બાવાજીને લખેલા પત્રમાંથી

એને પોતાના એકલાના નામથી છપાવે તો તેમાં વાડીલાલે સંમતિ દર્શાવી પરંતુ અધૂરાં રહેલા પુસ્તકો કે લખાણો તે ને તેજ સ્વરૂપમાં અથવા બીજા પાસે થીંગડાં મરાવી સંપૂર્ણ કરાવી છપાવવા પોતાની મક્કમ નામરજી પ્રદર્શિત કરી. એ લખાણો ભસ્મીભૂત થાય તોજ પોતાને વધુ આનંદ થશે એમ વારંવાર જણાવ્યું અને એમની આ આત્મભોગની સૂચના જો બાવાજી નહિ સ્વીકારે તો "નીતિ, કાનૂન અને ન્યાયનો ભંગ જ કરવાની" એમની ઇચ્છા છે એમ માનવાને પોતે હક્કદાર છે એમ કહી પ્રત્યુત્તર આપવા સૂચવ્યું.

"મસ્તવિલાસ"ને અંગે વધુ સ્પષ્ટતા કરતાં વાડીલાલે ઉમેર્યું કે – " "મસ્તવિલાસ"ને નામે લોકોમાં પ્રશ્નો થવા પામે તે કરતાં તમારી પાસે જે પ્રતો હજી છે તેમાંથી મારું નામ રબરથી કઢાવી નાખો અને પછી ભલે એક એક પ્રત ગમે તે કિંમતે વેચો કે સમુદ્રમાં નાખો. એમ કરવું ન પાલવે તો જે પ્રકારની જાહેરખબર પુસ્તકમાં મૂકવામાં આવી છે તેનો બરાબર અમલ કરો અને જાહેરખબરો અને બુકસેલરોને ત્યાં પ્રતો વેચવા મૂકવાનો અને મારી પત્નીનું નામ બદનામ કરવાનો ઢોંગ છોડી દો. મારું નામ કાઢી નાખવાનું ન જ પાલવતું હોય તો તમામ બચેલી પ્રતો અખંડાનંદજી કે ગુજરાત વર્નાક્યુલર સોસાયટી જેવા સધ્ધર ખાતાને સોંપો અને વિનામૂલ્યે આપવા કહો. તમારા કે મારા ઉપર કોઇની માગણી આવશે તો એ પત્ર પાછળ રીમાર્ક લખી તે પત્ર ખાતાને મોકલવાથી તે ખાતું બારોબાર મોકલી શકશે. મારી પાસે સ્નેહીઓ અને સાથીઓને પહોંચાડવા માટે પણ નકલ નથી અને તમારી પાસે યાચના કરવા હું

કદાપિ માણસ મોકલીશ નહિ."[૪] વાડીલાલની આ સમયની મનોવ્યથા-નો ક્યાસ કાઢવો દુષ્કર છે. પંડિત સુખલાલજી આ વાતના સાક્ષી છે.[૫] એમણે "મસ્તવિલાસ"ની વધુ નકલો માટે વાડીલાલપર ભલામણપત્ર લખ્યો હતો પરંતુ વાડીલાલ પંડિતજીને "મસ્તવિલાસ" ની પત્રો મોકલી શક્યા નહોતા એ હકીકત છે. વાડીલાલે ૨૫ જૂન ૧૯૨૬ ના "મુંબઇસમાચાર"માં જાહેરખબર આપીને પોતાના પુસ્તકની નકલો કિંમત ભરીને મેળવવાનો પ્રયત્ન કર્યો હતો પરંતુ મેળવી શક્યા નહોતા. એમની આ દુશ્મનાવટને અંતે ભગ્નહૃદય થયેલા વાડીલાલે બાવાજીને જણાવી દીધું કે "છેવટમાં ખુલ્લા દિલથી તમારા એકાંતમાં જાહેર કરું છું કે દોસ્તીતો હવે જોડાઇ શકે જ નહિ."[૬]

પાંચેક વર્ષના ગાળામાં જ થયેલી આ દુશ્મનાવટ બાવાજીને મંજૂર નહોતી. એમણે ફરીથી સંબંધ સાંધવા ઘણા ફાંફાં માર્યાં પણ વ્યર્થ. લાંબા લાંબા પત્રો લખી કવરમાં મૂકી સવારે પોતાની લોબીમાં આંટા મારતા વાડીલાલને પહોંચાડવા તેઓ વા.મો.શાહના માળીને સૂચન કરતા પણ એ પત્ર હાથમાં આવતાં જ પત્ર આપનાર વ્યક્તિ વિશેની પૃચ્છાના જવાબમાં દૂર વૃક્ષ નીચે ઊભેલા બાવાજીને જોઇ કવર સહિત તે પત્ર ફાડીને ફેંકી દેતા. આવું તો અનેકવાર બન્યું. એકવખત વાડીલાલ સાથે વિશ્વાસઘાત કર્યા બાદ બાવાજી પણ શામાટે ફરીથી સંબંધ બાંધવા ઉત્સુક હતા તે સમજાય નહિ તેવું છે. શું બાવાજીને પણ વાડીલાલના તેજ સ્વભાવનો પરિચય નહોતો ? બાવાજીએ આદરેલા પુનર્મિલન માટેના

---

૪. અપ્રગટ પત્રમાંથી
૫. તા. ૨૧-૧-૨૬ ના પંડિત સુખલાલજીનો વાડીલાલ પરના પત્રમાંથી
૬. અપ્રગટ પત્રમાંથી

સઘળા પ્રયત્નો વ્યર્થ ગયા. આ દરમ્યાન સમાજથી કંટાળેલા વાડીલાલે જર્મનિ પોતાના પુત્રને ત્યાં જવા નિર્ણય લીધો અને પહોંચ્યા. ગુજરાત, મુંબઇ કે ભારત છોડી આટલે દૂર એકાંત શોધવા જનારની મનોદશા ન સમજાય તેવી છે.

એકવાર શ્રી ત્રિભુવન હેમાણી વાડીલાલના ભાઇની દુકાને મુંબઇમાં નાગદેવી સ્ટ્રીટમાં બેઠા હતા ત્યાં બાવાજીએ સંપર્ક સાધ્યો અને વાડીલાલ સાથે પત્રવ્યવહાર કરવાની ઇચ્છા દર્શાવી શ્રી હેમાણીએ કહ્યું કે "તમે સંદેશો લખો હું મોકલી આપીશ." પરંતુ પોતાના હસ્તાક્ષર જોતાં જ વાડીલાલ એ પત્ર ફાડી નાખશે એવી બાવાજીને દહેશત હતી, તેથી શ્રી હેમાણીના હસ્તાક્ષરમાં સંદેશો લખાવ્યો કે - "બાવો આજે મળ્યો હતો. તેણે નીચે મુજબ સંદેશો પાઠવ્યો છે - વાડીભાઇ ભૂતકાળને ભૂલી જાઓ, વર્તમાનમાં વિચરો અને ભવિષ્યકાળનો વિચાર કરો મા." આ પત્ર હામ્બુર્ગ પહોંચ્યો. બે મહિનાબાદ ફરી બાવાજી શ્રી હેમાણીનો ઉપકાર માનવા આવ્યા અને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી બોલ્યા - "તમારો મારા પર એટલો બધો ઉપકાર થયો છે કે આ ચામડીના જોડા સીવડાવી પહેરાવું તો પણ તમારું ઋણ અદા થઇ શકે નહિ." આટલું કહી પોતાની ઝોળીમાંથી છપ્પન પૃષ્ઠના વિસ્તારવાળો વાડીલાલનો પત્ર બતાવ્યો જેમાં શરૂઆતમાં લખ્યું હતું તેનો સાર નીચે પ્રમાણે છે : - "બાવો વિકાસક્રમની જે ભૂમિકા પર ઊભો છે તે ભૂમિકાને ન સ્પર્શી શકી હોય એવી વ્યક્તિએ મારા આ લખાણને અડકીને અભડાવવું નહિ." શ્રી હેમાણીએ પત્ર વાંચ્યા વગર જ બાવાજીને પરત કર્યો.[૭]

---

૭. શ્રી ત્રિભુવન હેમાણી સાથેના વાર્તાલાપમાંથી

ઉપર્યુક્ત સુલેહ બાદ બાવાજી અને વાડીલાલનો સતત પત્રવ્યવહાર પુનઃ શરૂ થયો હતો. આ બધા પત્રો તથા વાડીલાલનાં કેટલાંય અપ્રગટ લખાણો બાવાજીના ઘાટકોપરવાળા રહેઠાણમાં બે મોટાં કબાટમાં સુરક્ષિતપણે સચવાયેલાં છે, પરંતુ એ રહેઠાણની સારસંભાળ રાખનારા એક શ્રીમંત બાવાજીભક્તને તે બતાવવા વિનંતી કરતાં શ્રી ત્રિભુવન હેમાણીને જવાબ મળ્યો "એવું કોઇ લખાણ અમારી પાસે છે નહિ." એ ભક્ત ભલે ના કહે છતાં વાડીલાલના મૃત્યુબાદ તા. ૨-૧૨-૩૧ ના રોજ સદ્ગત નગીનદાસ ટી. માસ્તરના પ્રમુખપદે મળેલી શોકસભામાં હાજરી આપીને બાવાજીએ જે અંજલિ અર્પી હતી તે, એ વાતનો સ્પષ્ટ પુરાવો છે. એમણે કહયું હતું કે – " હું કોઇપણ જાહેરસભામાં જતો નથી, પરંતુ વાડીભાઇનો પ્રેમ મને અહીં ખેંચી લાવ્યો છે................માંદા માંદા ત્રીસ ત્રીસ ઝાડા છતાં વાલકેશ્વર સુધી પરોપકારાર્થે જે માણસ દોડાદોડી કરે અને તે પછી પણ થાકી લોથ થઇને પડેલા આત્માને જ્યારે મેં વિનંતી કરી ત્યારે તેમણે જૈનોના વ્યાપક સ્વરૂપને બતાવનારો અને અપૂર્વ આદર્શને પ્રગટ કરનારો છેલ્લો લેખ મને લખી આપ્યો છે તે હું અત્રે સભા પાસે વાંચવાને આજ્ઞા કરું છું. તેવી જ રીતે મરવાના થોડા દિવસ પહેલાં તેમને હંમેશ મુજબ આનંદમાં રહેવા મેં સૂચન કરનારો એક પત્ર લખ્યો હતો તેના જવાબમાં તેમણે આનંદનું યથાર્થ સ્વરૂપ પ્રગટ કરનારો પોતાના હસ્તાક્ષરે ભયંકર માંદગીમાંથી લખેલો લેખ પણ સભાની જાણ માટે અત્રે રજૂ કરું છું. એ ઉપરથી જણાશે કે સદ્ગતની ઇચ્છાશક્તિ અથવા આત્મશક્તિ કેટલી પ્રબળ હતી અને તેમની સાહિત્યસેવા કેવી વિરલ હતી. આપણા દેશમાં આપણને માણસના જીવની કિંમત નથી સમજાતી છતાં એમાં કંઇક ઇશ્વરી સંકેત હશે."[૮]

---

૮. "મુંબઇ સમાચાર" : તા. ૨-૧૨-૩૧

ઉપર્યુક્ત અવતરણ પરથી વાડીલાલનાં કેટલાંક અપ્રગટ લખાણો, પત્રો, નોંધો વગેરે બાવાજીના ઘાટકોપરવાળા સ્થાનકમાં હોવાં જોઇએ એમ અનુમાન કરીએ તો ખોટું નથી. ઉપરાંત વાડીલાલના મૃત્યુબાદ જ્યારે શ્રી ત્રિભુવન હેમાણી બાવાજીને મળ્યા હતા ત્યારે બાવાજીએ "મસ્તવિલાસ"ના બીજા ભાગરૂપ "મસ્તમહેફિલ" શીર્ષકવાળા ગ્રંથની હસ્તપ્રત પાકા બાઇન્ડીંગવાળી બતાવી હતી. આ "મસ્ત મહેફિલ" માં કેવું તત્ત્વજ્ઞાન અને સામગ્રી ભરી હશે તેની તો કલ્પના જ કરવી રહી.

બાવાજી સાથેનો તૂટી ગયેલો પ્રેમતંતુ ફરીથી કેમ સંધાયો એ વિસ્મયકારક છે. ફક્ત નાનકડો સંદેશો "ભૂતકાળને ભૂલી જાઓ" એ વાંચતાં જ શું વાડીલાલ ભૂતકાળને વિસરી ગયા ? બાવાજીએ બતાવેલી બેવફાઇએ વાડીલાલના હૃદયને જે ચોટ પહોંચાડી હતી તે આટલી જલ્દી- થી કેમ ભૂંસાઇ ગઇ ? આ પ્રશ્નના સમર્થનમાં એક જ ઉત્તર આપવો શક્ય બને કે " મહાપુરુષો હંમેશાં ક્ષમાવાન હોય છે" એવું વાડીલાલ વારંવાર કહેતા એનું જ એમણે અનુસરણ કર્યું હોય.

"મસ્તવિલાસ"ની રચના પાછળનો આટલો ઇતિહાસ જાણવો અતિ આવશ્યક હોઇ લંબાણનો દોષ વહોરી લઇને પણ જરૂરી પૂર્વકથન નોંધ્યા બાદ ગ્રંથમાં સમાવિષ્ટ થયેલા સંભારનો આસ્વાદ માણવો જોઇએ.

"મસ્તવિલાસ" ગ્રંથનું અર્પણ વાડીલાલે પોતે માનેલા બે "મસ્ત" (superman) ને જ કર્યું છે -

"વેદાન્તનો પ્રેમ જગાડનાર
શ્રી તુલસીદાસજી
તથા
વિચાર સાગરમાં ધકેલનાર
ફ્રેડરિક નિત્શેને
સ મ ર્પ ણ."

બાવાજીના આગ્રહથી કથાગ્રંથ તો લખ્યો પણ એ ગ્રંથ લખવા પાછળનો પોતાનો આશય વાડીલાલે જુદો જ બતાવ્યો છે. -- "The author's aim is to write a book which may serve the purpose of the science as well as Art of the Forces of life."

આ કથાઓ જીવનશક્તિનું જ્ઞાન તથા ખિલવટ કરાવવાના આશયપૂર્વક યોજાયેલી છે. પરિપકવાવસ્થામાં લખાયેલું આ પુસ્તક છે તેથી તેમાં જ્ઞાનની મસ્તી છે, વિચારોની ગહનતા છે અને ભાષાની સહજસિદ્ધ સરળતા છે. સાધારણ વાચકવર્ગને "મસ્તવિલાસ" એ શબ્દ માત્ર લાગે, કેટલાકને તે માત્ર એક પુસ્તક લાગે, કેટલાકને તે કથાગ્રંથ લાગે, કેટલાકને ધર્મગ્રંથ લાગે તો વળી તત્ત્વજ્ઞાનના અભ્યાસીજીવોને તત્ત્વજ્ઞાનમય ગ્રંથ લાગે. દરેકને પોતપોતાની પસંદગી અને અભિરુચિ પ્રમાણેનું જ્ઞાન અને સામગ્રી આ પુસ્તકમાં મળી રહે છે.

"મસ્તવિલાસ" એ કોઇ "મસ્ત" નામધારી પુરુષનું જીવનચરિત્ર નથી કે "મસ્તીનો દેખાવ કરવા ઇન્તેજાર બીમાર મગજની કલ્પનાઓનો સંગ્રહ" માત્ર નથી. "મસ્ત" શબ્દ એ શરીરને નહિ પણ આત્માને ઉદ્દેશીને વપરાયો છે. પૂર્ણ વિકસિત આત્મા, cultured soul ના અર્થમાં

વાડીલાલે "મસ્ત" શબ્દ પ્રયોજ્યો છે. વાડીલાલના લઘુબંધુ શકરાભાઈના કથન અનુસાર " એવો પૂર્ણવિકસિત આત્મા ખરા જીગરથી વિકાસ ઇચ્છતા મનુષ્યને, વિકાસશ્રેણી સૂચવતો હોય અને સાથે સાથે શ્રેણીપર ચઢવાને ઉશ્કેરતો હોય : એવી આ ગ્રંથની યોજના છે. બીજા શબ્દોમાં કહીએ તો આ ગ્રંથ જીવન શકિતઓનું "સાયન્સ" છે, તેમજ જીવનશકિતઓની ખિલવટ કરનાર "કલા" (Art) છે."[૬]

જુદી જુદી ભૂમિકાઓ પર ખેલતા, ક્રિયા કરતા, વિચરતા આત્મા અથવા બ્રહ્મની ક્રિયાને સામાન્ય જનસમુદાયને બુધ્ધિગમ્ય બનાવવાનો આ પુસ્તકનો પ્રબળ પુરુષાર્થ છે. આ કોઇ નીતિગ્રંથ, ધર્મશાસ્ત્ર કે યોગશાસ્ત્ર નથી કે નથી કોઇ "બ્રહ્મજ્ઞાનનો ગુટકો" પરંતુ વાડીલાલના જીવનપર્યંતના જ્ઞાન અને અનુભવના સુભગ નિચોડરૂપ તત્ત્વજ્ઞાનનાં ગૂઢતમ સત્યોને કથાઓના સાજ સજાવીને અધિક સરળ બનાવવાનો વાડીલાલનો સફળ પ્રયત્ન છે. બધાં શાસ્ત્રો સ્વતંત્રપણે કે બધાં એકઠા મળીને પણ "મસ્ત"ની સાચી પિછાન કરાવવાને શકિતમાન નથી એવો એમનો અધીન મત છે. "મસ્ત" અને "મસ્તી" શબ્દોને એના મહત્ત્વના સ્થાનેથી નીચા ઉતારવામાં આવ્યા છે એમ તો એમણે વારંવાર નોંધ્યું છે. એ શબ્દોનું અવમૂલ્યન થયું છે કારણ દરેક વ્યકિત પોતાની જાતને "મસ્ત" કહેવડાવે છે. વાડીલાલે આની સ્પષ્ટતા કરતાં ઉમેર્યું છે કે - "વ્યકિતમાં મર્યાદિત વ્યકિતભાનની જગાએ મસ્તભાન જ્યારે પ્રકટે છે ત્યારે તે પણ સ્થૂલ શરીરને લઇને સ્થૂલ જગતના સંગમાં તો આવે છે જ, અને તેથી ક્રિયા - પ્રતિક્રિયા પણ તેને હોય છે જ; પણ તેની ક્રિયા પ્રતિક્રિયા તેના અચલ મેરૂશિખરને સ્પર્શી

---

૬. "મસ્તવિલાસ" : પૃ. 3

શકતી નથી, કે જે મેરૂશિખર તેની બુધ્ધિને પ્રકાશ આપે છે, તેની will ને શકિતનો પ્રવાહ મોકલે છે, તેના અંગોપાંગને વજતા આપે છે, અને પછી મૂંગી આજ્ઞા કરે છે કે "ખેલો !" એવી વ્યકિતને જ "મસ્ત" કહેવાય, – જોકે આજે એક નાનો જમીનદાર પણ પોતાને મહારાજ કે મહારાજાધિરાજ કહેવડાવે છે, પંડિત પોતાને જ્ઞાની કહેવડાવે છે, હરકોઇ સાધુ [સાધક] પોતાને મહાત્મા કહેવડાવે છે, અને ધર્મજ્ઞાન સાથે કાવાદાવા જાણનારો પોતાને "મસ્ત" કહેવડાવે છે !...... આ પુસ્તકના નામને એવા મસ્તો સાથે કોઇ જાતનો સંબંધ નથી."[૧૦]

"મસ્ત" ની સ્થિતિએ પહોંચવા માટે આ પુસ્તકની કથાઓનો ક્રમ વિકાસક્રમનાં એક પછી એક સોપાન સર કરતાં જઇ શકાય એવો રખાયો છે. પ્રથમ વાચકના હૃદયમાં સ્થૈર્ય અને ધૈર્ય પ્રગટે, અને ત્યારબાદ એ સ્વતંત્રાત્મા બનવા પામે.

સૌથી પ્રથમ "તું પોતા પ્રત્યે વફાદાર થા" માં લેખકે આ પુસ્તકનું વાંચન શરૂ કરતા પહેલાં વાચકને સૂચના આપી છે કે બીજાનાં સૂત્રો, વિચારો કે પુસ્તકોના વાંચન દ્વારા આપણા મનમાં – પોતાની ખુશીથી અથવા કોઇના આગ્રહથી – વિચારો લદાયા હોય તેને દૂર કરવા. "સુનો સબકી ઔર કરો મનકી" એ સૂત્ર અનુસાર કોઇપણ ગુરુ કે વિદ્વાનના વાક્પ્રવાહમાં તણાઇ જવાને કારણે આપણા મનમાં જે સારીમાઠી છાપ અંકિત થઇ હોય તે દૂર કરી, સર્વપ્રકારના પૂર્વગ્રહોથી મનને મુકત કરી "કોરામગજ" થી આ કથાઓ વાંચવાનો વાડીલાલે સર્વને અનુરોધ

---

૧૦. અપ્રગટ લખાણમાંથી

કર્યો છે. વાડીલાલની દલીલશક્તિ અજબ છે. એ જે ધારે છે તે તર્કબધ્ધ દલીલો દ્વારા આપણા મનમાં ઠસાવીને જ છોડે છે, યોગ્ય સ્થળે સાનુકૂળ પ્રસંગોચિત દૃષ્ટાંતો દ્વારા પોતાની દલીલોને પુષ્ટિ આપે છે અને વાતને એટલી સરળતાથી વળાંક આપે છે કે વાચક એમના વિચારમય બની જાય છે. આપણા જ પૂર્વઅનુભવ પર સ્થિર ઊભા રહી, આપણી જ બુધ્ધિથી બીજાના કથનને માપતાં, કસતાં અને કસોટી કરતાં શીખવું જોઇએ એ સમજાવવા આપણી નિર્જીવ હોજરીનું ખૂબ સચોટ દૃષ્ટાંત એમની વિશિષ્ટ શૈલીમાં એમણે રજૂ કર્યું છે. પોતાના કથનને અનુરૂપ દૃષ્ટાંતો વાડીલાલને આપમેળે સૂઝી આવે છે તેથી એ કળા એમને હસ્તગત હતી એમ કહીએ તો ખોટું નહિ. " પણ સંભાળજો – રખે કોઇ વચન કોઇ બોલનારના માન ખાતર, તેના ગુરુપદથી કે પ્રસિધ્ધિથી અંજાઇ જઇને "સ્વીકારતા"! "સ્વી"કારવું એ તો "પોતાનું" કરવું છે ! ગમે તે ચીજ મોંમાં નાખો, પણ જો તે ચીજ તમારા શરીરને નુકસાનકારક હશે તો પ્રથમ તો જીભ જ ના પાડશે, તેને નહિ સાંભળો તો ગળું ના પાડશે, તેને નહિ સાંભળો તો આંતરડાં બળવો કરી તે વિજાતીય તત્ત્વને બહાર ધકેલવા ધમાલ કરી મૂકશે ! ચીજ તમારા મિત્રે આપી એટલા ઉપરથી, કે તમારા ગુરુએ આપી એટલા ઉપરથી, કંઇ તમારી હોજરીને તે "સ્વી"કારવા યોગ્ય બનતી નથી; તેમ દુશ્મન કે ભંગી પાસેથી પણ મળેલી ચીજ જો તમારી "હોજરી"ને સજાતીય હશે તો તે સામે તે બળવો નહિ કરતાં ઊલટું સ્વાગત કરશે ! ભાઇઓ અને બહેનો ! શાસ્ત્રો અને ધર્મો અને જ્ઞાનની વાત કરવા પહેલાં આ જડ કહેવાતી તમારી "હોજરી"ને જ પ્રથમ ઓળખો ! એનો સ્વભાવ શું છે તે પોતે જ પોતાના ખાવાપીવાના

"અનુભવ" ઉપરથી સમજો. એ હોજરી સજાતીય તત્ત્વનો જ સ્વીકાર કરે છે, અને સ્વીકાર કરે છે તેની પણ "તારીફ" કે ગુણ ગ્રામ કરવા-ની તેની "આદત" નથી. તે તો સ્વીકાર કરવાની સાથે જ તેનું લોહી બનાવી અને બીજા નકામાં તત્ત્વો છિદ્રો દ્વારા બહાર ધકેલી તમારું શરીર પ્રૌઢ બનાવવાના જ "કાર્ય"માં લાગી રહે છે, અને જે તત્ત્વ "વિજાતીય" લાગે છે તેને ગાળો દેવા, નિંદવા કે તેની વિરુધ્ધ "ફરિયાદ" કરવાનું પણ એને આવડતું નથી, પરંતુ તેવાની સામે બળવો કરી તેને પોતાના ઘરમાંથી દૂર કરે છે ત્યારે જ ઝંપી શકે છે. આનું નામ સ્વાભાવિક જીવન ! જ્ઞાન પણ એ રીતે જ લેવાય, ધર્મ પણ એ રીતે જ શિખાય ! મુક્તિ એ રીતે જ – પોતાની અંદર રચાય." ૧૧

હોજરી પોતે સ્વીકારેલી સજાતીય વસ્તુને સ્વતંત્ર રહેવા દેતી નથી, એની અલગ હયાતી કાયમ રાખી શકતી નથી, એ વસ્તુ તો એકરૂપ બની જાય છે અને જેનો વિરોધ કરે છે તે વિજાતીય વસ્તુને બહાર ફેંકી દે છે એટલું જ નહિ પણ તે ફેંકેલી વસ્તુને ફરી કદી યાદ પણ કરતી નથી તેમ વ્યક્તિએ પોતાને જે વાંચવા સાંભળ-વામાં આવે તેને પોતાની બુધ્ધિના ગજથી માપી જોઇ, મૂલવી જોઇ જે સ્વીકારવા યોગ્ય લાગે તેવા સજાતીય તત્ત્વને અંદર ઉતારી વિજાતીય ને બહાર ધકેલી કાઢી તેનો વિચાર સરખો પણ ન કરવો જોઇએ એમ વાડીલાલે ખૂબ જ ભારપૂર્વક સમજાવ્યું છે. વાડીલાલની અકાટય દલીલશક્તિનો આ સુંદર નમૂનો છે.

---

૧૧. "મસ્તવિલાસ" : પૃ. ૨૦ – ૨૧

આપણા શાસ્ત્રોના અને જીવનના નાના નાના તત્ત્વજ્ઞાનમય સૂત્રો તેમજ સનાતનસત્યોને રસીલી વાર્તાઓના સુશોભિત વાગા પહેરાવી, સજાવીને વાડીલાલે રજૂ કર્યા છે. વાર્તાનું સર્વાંગ સ્વરૂપ અવલોકયા બાદ વાર્તાના વાચકને ભાગ્યેજ વાર્તાનો તંતુ તૂટતો કે મોળો પડતો લાગે છે જ્યારે તત્ત્વજ્ઞાનભોગી વાચકને પણ પોતાના માનસની જિજ્ઞાસાને અનુરૂપ ખોરાક મળતો રહે છે. વાડીલાલે શાસ્ત્રના સૂત્રો સનાતનસત્યો અને વાર્તા એનો એવો સુભગ સમન્વય સાધી એકરૂપતા બક્ષી છે કે દરેકને છૂટા પાડવા અશકય છે. ગમે તે એકને છૂટું પાડી અભ્યાસવાથી એનું સત્ત્વ હણાઇ જતું માલમ પડતું હોવાથી "તત્ત્વજ્ઞ વાડીલાલ"ના પ્રકરણમાં જ આ ગ્રંથની દરેક કથાઓનો અભ્યાસ રજૂ કરવો ઉચિત માન્યો છે.

## " જૈનદીક્ષા" ૧૯૨૯

વા.મો.શાહના સઘળા ગદ્યસર્જનમાં "જૈનદીક્ષા" વિશિષ્ટ સ્થાન શોભાવે છે. "જૈન" શબ્દના ઉચ્ચાર સાથે જ આપણા મનમાં "જૈનધર્મ"નો ખ્યાલ આપોઆપ જ ઉદ્ભવે છે, અને "જૈન" એટલે જૈનધર્મના સિધ્ધાંતને અનુસરનારી જ્ઞાતિ એવો જ સંકુચિત અર્થ સામાન્યરીતે સમજાય છે. વાડીલાલ આ વાતથી સંપૂર્ણપણે વાકેફ હતા. એમના સામયિકપત્રો, કેટલાક લેખો અને પુસ્તકોના શીર્ષકોના નામમાં "જૈન" શબ્દનો જ વારંવાર ઉલ્લેખ હોવાથી આપણી પૂર્વ-ગ્રહોથી પીડિત પ્રજાના માનસ એ લેખ, પત્ર કે પુસ્તક તરફ

સ્વાભાવિકરીતે જ નહિ લલચાય તે એ જાણતા હતા. "જૈન" શબ્દના ઉપયોગના એમના આગ્રહને કારણે જ પ્રસિદ્ધિ એમનાથી વિશેષત: દૂર ભાગતી હતી એ વાતથી જ્ઞાત હોવા છતાં જીવનના અંત સુધી વાડીલાલ "જૈન" શબ્દને વળગી રહયા હતા. એ "જૈન" શબ્દના ઉપયોગ પાછળ રહેલી વાડીલાલની ઉઅભાવના સ્પષ્ટ કરવા એમણે "જૈન" તેમજ "જૈનત્વ" શબ્દોના કરેલા કેટલાક અર્થ અહીં જાણવા જરૂરી છે –

૧. " "જૈન" તેનું નામ છે કે જે સમયનો, દ્રવ્યનો શરીરબળનો, આવરૂનો, પ્રસિદ્ધિનો માત્ર સારોજ નહિ પણ સારામાં સારો ઉપયોગ શી રીતે થાય એ તરફ ધ્યાન આપે."

["જૈ. હિ." : ૧૯૧૪ : જાન્યુઆરી : પૃ.૩૩]

૨. " કોણ જૈન ? – જય મેળવવા બહાર પડે, "જય" અને "જીવન" એ બે શબ્દોને પર્યાયવાચક શબ્દો માને, જય માટે જ જીવનનું અસ્તિત્વ સમજે, જય પ્રાપ્તિ કરવા જતાં પડતા પ્રહારોને સત્કારથી વધાવી લે, એનું નામ તે "જૈન" "જૈન" નું પ્રથમ યુધ્ધ પોતાના બહિરાત્મા સાથે થાય છે, કે જેનાં આયુધો શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ છે. એ યુધ્ધમાં વિજય મેળવી એ આયુધોને પોતાના મદદગાર બનાવી પછી તે આખા વિશ્વ પર વિજય મેળવવાને લાયક બને છે."

[એજન : પર્યુષણ અંક : પૃ.૪૧૯]

૩. " "જૈન" શબ્દમાં, કાયરતા, નિર્માલ્યતા, તુચ્છતા, હલકા સ્વાર્થ અને હીચકારાપણા સામે યુધ્ધ કરી શકે એવા હિંદુ – મુસલમાન – ખ્રિસ્તી – ઢેડ કે ગમે તે જ્ઞાતિ કે દેશના મનુષ્યનો સમાવેશ થાય

છે; અને તેથી મારી અપીલ સઘળાઓ પ્રત્યે છે તે અપીલનો પડઘો "જૈન"જ પાડી શકશે; જેની પ્રકૃતિમાં – જેના બંધારણમાં – જેના હૃદયમાં જૈનત્વ હશે તે જ તે અપીલનો પડઘો પાડી શકશે."

["જૈ. હિ." : સપ્ટેમ્બર ૧૯૧૭ થી જૂન ૧૯૧૮ : પૃ. ૪૧૨]

૪. "ખરો "જૈન" તે છે કે જે કોઇના પણ વિચારોથી દોરવાઇ ન જતાં, દરેકના વિચારો, ટીકાઓ અને સલાહો ઉપર પોતાની સ્વતંત્ર બુધ્ધિથી અભિપ્રાય બાંધી શકે અને પોતે શું માનવું અને શું કરવું તેનો પોતે નિર્ણય કરી શકે."

[" જૈ. હિ. : ૧૯૧૮ : સપ્ટેમ્બર : પૃ. ૧]

૫. " "જૈનત્વ" એ આત્માનો સ્વભાવ હોઇ જેઓ જૈન ન હોય તેઓ જૈનત્વ નો ખ્યાલ આપી શકે નહિ [જેટલે અંશે મનુષ્ય પ્રકૃતિથી જૈન હોય તેટલે અંશે તેનો જૈનત્વનો ખ્યાલ સંપૂર્ણ કે અપૂર્ણ હોય.] તથા જૈનત્વ જેની પ્રકૃતિમાં જ નથી એવા મનુષ્યથી એ ખ્યાલ સમજી શકાય નહિ, જીરવી શકાય નહિ, એનાથી તે સહન પણ થઇ શકે નહિ એમાં, લોકો જેને ભાષા કે ન્યાય, તર્કાદિ શાસ્ત્રોનું પાંડિત્ય કહે છે તેની જેટલી જરૂર નથી તેટલી પ્રકૃતિની તાકાતની જરૂર છે."

["જૈ. હિ." ૧૯૧૭ : જૂન : પૃ. ૨૨૧-૨૨૨]

૬. " "જૈન" એટલે સત્યપ્રિય; "જૈન" એટલે દયાળુ; "જૈન" એટલે ન્યાયી; "જૈન" એ શબ્દ બોલતાંની સાથે જ સામા પુરુષના હૃદયમાં સત્ય, દયા, ન્યાય વગેરે ગુણોની ઉજ્જવલ છાપ પાડવી જોઇએ."

[" જૈન સમાચાર ગદ્યાવલિ" : ભાગ ૧-૨ ; પૃ. ૧૨૨]

૭. " "જૈન" થવા માટે વણિક થવું જોઇએ એમ કંઇ નથી પણ સરળ અને પરોપકારી, નીતિવાન અને દયાનાસાગર એવા દરેક પુરુષને "જૈન" કહી શકાય. આ પ્રમાણે જૈનધર્મનો આશય કંઇ વાડા બાંધવાનો નહિ પણ સકળ વિશ્વનો ઉધ્ધાર કરવાનો છે; અને એ ઉધ્ધાર કરવામાં જેઓ સામેલ થાય તેમને જ વ્યાજબી રીતે "જૈન" કહી શકાય. "જૈન" થવા ઇચ્છનારે કંઇ લેવા માટે "જૈન" થવાનું નથી, "લેવા"નું જૈન સિવાયનાઓને માટે છે : જૈને તો આપવાનું છે. આત્મભોગ જેટલે દરજ્જે પરોપકાર કરવાનો છે પ્રાણી માત્રના સુખ માટે – પ્રાણી માત્રની ઉત્ક્રાંતિ (Evolution) માટે પ્રાણી માત્રની સગવડ માટે અને ઉધ્ધાર માટે; પોતાના સુખ અને સગવડનો ભોગ આપવો હોય તેમણે જ "જૈન" થવાનું છે."

[કોન્ફરન્સની ચડતી પડતીનો ઇતિહાસ : પૃ.૩૧]

૮. " જ્યાં જ્યાં બુધ્ધિની નિર્મળતા, સચ્ચાઇનો શોધ અને અપ્રમત્ત ગતિશીલતા છે ત્યાં ત્યાં "જૈનપણું" અવશ્ય છે – પછી બહારનું નામ કારણવશાત્ જેમ આપણે સ્થાનકવાસી રાખવું પડયું તેમ કોઇએ આર્યસમાજિસ્ટ, અને કોઇએ વૈષ્ણવ કે થિયોસોફિસ્ટ રાખ્યું હોય તેથી ચમકવાની જરૂર નથી, નામો અને શરીરો નહિ, પણ અંદરનો પ્રકાશ અને મુક્તિ એજ મુખ્ય વાત છે."

["જૈનપ્રકાશ" : તા. ૨૩–૧૦–૧૯૨૭ : પૃ. ૪૫૪]

૯ " જૈન એ કંઇ જુદી પૃથ્વી પરનું પ્રાણી નથી : એ બીજાઓ જેમ જન છે – મનુષ્ય છે, માત્ર બે માત્રા એની વિશેષતા છે. ભવ્ય આકાશગામી કલ્પનાશક્તિ (Imaginative Power) અને પુરુષાર્થ અથવા તપ એ બે પાંખો જ સામાન્ય જન ને જૈન બનાવે છે: ગરૂડ બનાવે છે, સિંહ બનાવે છે, દેવ બનાવે છે, વિજેતા બનાવે છે, સૃજન – સંરક્ષણ અને સંહાર શક્તિનો ડાઇનેમો ધરાવતી કુશલતા બનાવે છે. જ્યાં તે બે પાંખો નથી ત્યાં જમીન પર આળોટવાની પ્રકૃતિ છે, દીનતા છે અને દીનતાજન્ય ઇર્ષા અને દંભ છે: "કીડા" નું કલેવર છે..............કીડો જીવતરને લંબાવવા ડંખે છે, જૈન જીતવા માટે જીવતરને પણ હોમે છે કીડાનું ધ્યેય "સુખ" છે, કે જે જમીનને–સ્થૂલને–મિલકતને–માનપૂજાને વળગી રહેવામાં મનાયું છે. "જૈન"નું સ્વાભાવિક ધ્યેય "મુક્તિ" છે, કે જે પુરુષાર્થથી મળી આવતી તમામ પ્રાપ્તિઓનો રસ અથવા અનુભવ ચાખી લઇ ખોખાને યજ્ઞમાં હોમી દેવામાં સમાયલી છે. "જૈનધર્મ" એ બીજું કંઇ નહિ પણ એક એવું બીબું છે કે જે વડે ત્રિગુણાત્મક માટીમાંથી ગગનવિહારી ગરૂડો ઘડાય, અરણ્યપ્રેમી એકાંતવાસી સિંહ ઘડાય. જ્યાં ઘડતરકલા નથી ત્યાં "જૈનત્વ" નથી; જ્યાં ઘડતર શોખ અને શક્તિ નથી ત્યાં "જૈનધર્મ" નથી.

["પ્રગતિના પાદચિહ્નો" : :પ્રથમ આવૃત્તિ, ૧૯૩૩ : : પૃ. ૧]

"જૈન" અને "જૈનત્વ" શબ્દના વાડીલાલે સમજાવેલા અર્થ જાણ્યા પછી કોઇ ભાગ્યે જ એમને સંપ્રદાયવાદી કહી શકે. "જૈન" એટલે જૈનધર્મના સિધ્ધાંતોનું અનુસરણ કરનારો જનતાનો સંઘ એવો

અર્થ એમણે કદી કર્યો જ નથી છતાં પુસ્તક કે લેખના મથાળે "જૈન" શબ્દનો ઉલ્લેખ જોઇને પ્રથમ દૃષ્ટિએ કેટલાય વાચકો એમનાં લખાણો વાંચવાનું ટાળતા હશે. સામાન્યજન તો શું પણ ગુજરાતી સાહિત્યમાં અગ્રગણ્ય સ્થાન શોભાવનારા સાક્ષરોએ પણ વાડીલાલને કદાચ એમના "જૈન" શબ્દના આગ્રહને કારણે જ અવગણ્યા હોય એમ બની શકે. અવગણના સહન કરીને પણ "જૈન" શબ્દને વળગી રહેવાની વાડીલાલની નેમ પ્રશસ્ય ગણાય તેવી છે. એમણે ગણાવેલા કીર્તિમંત જીવન તરફ દરેક વ્યક્તિ આકર્ષાય અને પોતાના જીવનને ઊર્ધ્વગામી બનાવે એવી એમની અંતરની અભિલાષા હતી. "જૈનદીક્ષા" નો અંગ્રેજી અર્થ એમણે આ પ્રમાણે કર્યો હતો -

"Initiation into the Science of glorious life."

"મસ્તવિલાસ"ની રચના પાછળ જેવો ઇતિહાસ છે એવો ઇતિહાસ "જૈનદીક્ષા"ની રચના પાછળ નથી. "મસ્તવિલાસ" બાબતના બાવાજી સાથેના વાડીલાલના કટુ અનુભવ પછી જાન્યુઆરી ૧૯૨૮માં એમણે જર્મનિ ખેપ કરી હતી. હામ્બુર્ગથી શ્રી ત્રિભુવન હેમાણી પરના પત્રમાં મનોવ્યથા ઠાલવતાં એમણે લખ્યું છે કે - "........જૈનોની વર્તણૂકનો ડંખ ક્ષણ પણ વિસરાતો નથી. આટલી હદની નીચતા અને હૃદયહીનતા જગતમાં કોઇ સ્થળે ન હો, ખેર, અત્રે એક aristocratic family મારા હૃદયને રુઝવવા પુષ્કળ કાળજી કરે છે. જરા ઊઠવાની શક્તિ આવે તો નિત્શેની કબરે જવા અને ત્યાં એકાંતમાં તે deserted and wronged soul ની સમક્ષ હૃદય ખાલી કરવા

મન કૂવા કરે છે. જીવતા મનુષ્યોમાં મેં આશા છોડી છે. મને હવે મરેલા ફિલસૂફરથી જ મળવું ગમે છે. ભવિષ્યમાં શું કરવું – હિંદનું મોં જોવું કે નહિ – તે બાબતના પણ વિચાર મને હવે ગમતા નથી. હું જ્યાં ત્યાં બાકીની જિંદગી ગમે તેમ પૂરી થાય તેની દરકાર કરતો નથી.[12] પરંતુ એમનો આ ક્રોધ વધુ સમય ટક્યો નહિ. જર્મનિમાં એક વર્ષ સુધી શારીરિક તેમજ કંઇક માનસિક સ્વસ્થતા પ્રાપ્ત કર્યા બાદ ભારતમાં આવી વાડીલાલ નિવૃત્ત જીવન વિતાવતા હતા. એમના મન તથા હૃદય ઉપરની દુઃખ અને નિરાશાની છાયા કંઇક હળવી બની હતી તે સમયે "જૈનદીક્ષા" પુસ્તકની રચના થઇ. સદરહુ ગ્રંથમાં હિંદુ, જૈન અને એવા બીજા ધર્મોમાં ઉપદેશાયેલા સિધ્ધાંતોના મૂલ્યાંકન વા.મો.શાહે પોતાની આગવી પ્રતિભાથી કર્યા છે. જાહેર-પ્રજાને તેમજ "જૈન" મનાતા લોકોને જૈનધર્મ તથા સમાજની સ્થિતિનો ખ્યાલ આપી જૈન તાલીમનું રહસ્ય બતાવવાનો અને તે દ્વારા સઘળી કોમોનું ઘર તપાસવા અને સુધારવાની કલા શિખવવાનો એમનો આ પુરુષાર્થ હતો. અવતારોના ઇતિહાસને મનુષ્યવિકાસના ઇતિહાસ તરીકે સમજાવવાનો પણ એમનો ઉદ્દેશ હતો. સને ૧૯૨૯ માં પ્રગટ થયેલા શાસ્ત્રીય વાઙ્મયના મુખ્ય ગ્રંથોમાં આ પુસ્તકની ગણના થઇ હતી.[13]

આ પુસ્તકનું બીજું નામ "એક અમેરિકન વિદ્વાનની ડાયરી" 'The diary of an American Tourist' એવું રાખ્યું છે. સામાન્ય-રીતે હિંદુઓ એમ માને છે કે "આપણે અધ્યાત્મવાદી ધર્મપરાયણ પ્રજા

---

૧૨. તા.૨૯-૨-૨૮ ના રોજ હામ્બુર્ગથી શ્રી ત્રિ.વી.હેમાણી પર લખેલા અંગત પત્રમાંથી.

૧૩. "કૌમુદી" : ૧૯૩૧ : ઓગષ્ટ : પૃ.૧૨૩: ૨૯નું શ્રેષ્ઠ શાસ્ત્રીય પુસ્તક અને વા.મો.શાહનું રાજકારણ : પૃ. ૨૩.

છીએ અને પાશ્ચાત્ય પ્રજા જડવાદી છે." તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ કેવળ અધ્યાત્મવાદ સત્ય નથી. ખરો અધ્યાત્મવાદી કોણ ? એ પ્રશ્નની વિદ્વત્તાપૂર્ણ ચર્ચા આ ગ્રંથમાં કરવામાં આવી છે. આ પુસ્તક શું છે ? તેનો ઉલ્લેખ વાડીલાલે પ્રસ્તાવનામાં કર્યો છે કે –
"વૈદો કહે છે : બીમાર હસી શકતો નથી અને હસવા જાય તો.... રડી પડે છે ! હસી શકવા પહેલાં તો તેણે આરોગ્ય પ્રાપ્ત કરવું જોઇએ અને આરોગ્ય માટે પેટ સાફ કરવું જોઇએ: પ્રક્ષેપિત માન્યતાઓ-રૂપ બધા કચરા જુલાબથી દૂર કરવા જોઇએ. પછી જુલાબ આપનાર વૈદ પોતે જ "માત્રા" આપવા ખુશી થશે: માત્રા પણ ડબલ, – જૈનના માથા પર છે તેવી ! અને એમ થશે ત્યારે તો માત્ર કહેવાતા જૈનો જ નહિ પણ હિંદુઓ અને તમામ હિંદીઓ 'जैन' –જ્ઞાન – ક્રિયા-શક્તિવાળા જન – વીર–બન્યા હશે ! ત્યાં સુધી તો હિંદમાં નથી કોઇ જૈન કે નથી આર્ય : છે માત્ર "રૂદન" અને એવા દેદાર વખતે અમેરિકન ટુરીસ્ટ મિ. શો હિંદના ચેતનવાદનો અનુભવ કરવા પધાર્યા છે ! બિચારો કહે છે કે એને અમેરિકામાં જડવાદ જોઇજોઇને કંટાળો આવ્યો તેથી તે કંટાળાને દૂર કરવા ચેતનવાદી હિંદમાં "તાજગી" માટે તે આવી પહોંચ્યો છે !

અને આ પુસ્તક એમની જ ડાયરી છે. આ ડાયરી મને સોંપતાં તેમણે કહ્યું હતું : તમારા દેશને "સાર" શોધવા જતાં અતિસાર મળી ગયો જણાય છે ! ........."[૧૪]

---

૧૪. "જૈનદીક્ષા" પૃ. ૧૩.

વાડીલાલના કથન અનુસાર "મિ. શાં એવો માણસ છે કે જે ગમે તેવા માણસને સાંભળવા વખતે પોતાના પ્રાણો અને પોતાના ભાવો બંનેને રૂંધી શકે છે અને પછી કચરામાંથી ય રત્ન મેળવી લે છે। મિ. શાં ભારતમાં ચેતનવાદની શોધમાં નીકળ્યા છે તેમને એક જૈનપત્રકાર મિ. પાતક નો ભેટો થાય છે એટલે કહેવાતા જૈનોની ઉત્પત્તિ, વિકાસ અને ક્ષયનાં કારણો તેઓ સૌથી પ્રથમ તપાસે છે. એ જ દૃષ્ટિએ હિંદુ ધર્મ માટેનાં એ જ કારણો અભ્યાસવાના પણ તેમણે ઇશારા કર્યા છે. તત્કાલીન ભારતવાસીઓનું જીવન કેવું હતું, તેનું શિક્ષણ કેવું હતું, તેઓની જ્ઞાતિઓના સડા કેવા હતા, લગ્ન-વ્યવહાર કેટલી અધોગતિએ પહોંચ્યો હતો, કહેવાતા સાધુઓનાં જીવન હલકી પાયરીએ શા કારણે પહોંચી ગયાં હતાં, રાજકીય પરિસ્થિતિ કેવા પ્રકારની હતી, તેની વિગતે છણાવટ કરી "રાજ-માર્ગી" તેમજ "ગુલામમાર્ગી" મનુષ્યોના માનસની ચિકિત્સા કરી છે. અમેરિકાથી ભારતમાં આવી પહોંચ્યા પછી ભારતના જુદા જુદા ધર્મોની માન્યતાઓ અને વર્તનની માહિતી તેમણે મેળવી, એવી માહિતીઓની ભીતરમાં છુપાયેલા સત્યોનું સ્વરૂપ તેમણે આલેખ્યું છે. મિ. શાંની આ બધી વાતોને સમજવા માટે વાડીલાલે કહ્યું છે કે -
" કાનોના પાછળના કાનથી જેઓ સાંભળવા માગતા હોય તેવાઓ માટે જ આ ડાયરી લખાઇ છે. મિ. શાં એ કેવી જાગૃતિથી પ્રશ્નો રજૂ કર્યા છે, કેવી ખૂબીથી ઉત્તરો કઢાવ્યા છે, અને અંતે કેટલી હદની વ્યાપકતાને તેઓ સ્પર્શી શકયા છે તે એટલા પરથી સમજાય છે કે ધાર્મિક સિધ્ધાંતો અને મનુષ્યજીવન તથા કુદરત-એ ત્રણે પર દૃષ્ટિ ઠેરવીને એ અમેરિકન શાં એ ધર્મનો અભ્યાસ કર્યો છે. ટૂંકમાં રખે

કોઇ માની બેસે કે આ ડાયરી કોઇ એક ધર્મની કે અમુક એક કોમની છે. મિ.શાંની આ ડાયરી જૈનો તેમજ અજૈનો, આસ્તિક તેમજ નાસ્તિકોને જૂના વિચારના તેમજ નવા વિચારનારાઓને – બે ચીજ તો અવશ્ય આપશે : વિચારશક્તિ અને જીવનકલા."[૧૫]

આ પુસ્તકને સમજવા પણ પૂર્વગ્રહોથી મુક્ત મન જોઇએ. "એને માત્ર તેઓ જ વાંચી શકે કે જેઓ તેની માફક પોતાના ભાવોને દાબીને કોરા મગજથી – વાંચી જાણતા હોય, પોતા માટે જ પોતાના અનુભવવિસ્તાર માટે જ – વાંચી શકતા હોય, અને યુવાન સ્ત્રી જેટલી "રતિ" સહિત વાંચી શકતા હોય, બીજાઓ આ એની ડાયરીને હાથ પણ ન લગાડે એમ તે ઇચ્છે છે. લાખોના અભિપ્રાયની એને દરકાર નથી, – અમેરિકા પાછો ગયા બાદ એને કોઇના ભલાબુરા અભિપ્રાય સાંભળવા ય કાં છે ?.........અને......આખી દુનિયામાં જેને Voice જ નથી એવા લોકોના અભિપ્રાયની કિંમતે શું છે ?[૧૬] આ મિ.શાં તે બીજા કોઇ નહિ પણ વા.મો.શાહ પોતે "જેને Voice જ નથી એવા લોકોના અભિપ્રાયની કિંમતે શું છે ?" આ વાક્ય એમના મનની ખુમારી દર્શાવે છે. વાડીલાલના મગજની આવી ખુમારીના દર્શન તો એમના દરેક દરેક પુસ્તકમાં અને લખાણોમાં થાય છે. આ ગ્રંથના પ્રત્યેક પરિચ્છેદમાં એમની ખુમારીભરી ઓજસવાળી શૈલી દીપી રહી છે. એમના વિચારો ઉપલકિયા વાચન નહિ પણ મનન, પરિશીલન અને પૃથક્કરણ માગે છે. આ પુસ્તકના ભોક્તા ઘણા ઓછા

---

૧૫. " જૈનદીક્ષા : પૃ ૨૭૦

૧૬. "જૈનદીક્ષા" : પ્રસ્તાવના : પૃ.૧૪–૧૫.

હોય એ સ્વાભાવિક છે. પણ "ગરીબો ખરીદી શકે એટલા ખાતર કંઈ હીરો સસ્તો થઈ શકતો નથી."[17] આ પુસ્તકનું વાચન જૈન તેમજ જૈનેતર સમાજમાં, સંસારમાં, ધર્મવિચારમાં અને ધર્માચારમાં ક્રાંતિકારી તત્ત્વ દાખલ કરવાનું સત્ત્વ ધરાવે છે.

: "મહાવીર કહેતા હવા" : :૧૯૧૫ :

"મહાવીર કહેતા હવા" એ પુસ્તક વીસમી સદીના હિંદ માટેની "રાષ્ટ્રીય ગીતા" છે. વાડીલાલના કહેવા મુજબ એ "શક્તિ-શાળી વ્યક્તિત્વ ઘડનારી એક ભાવના" "નવા યુગના માનવ માટે નવું અંત:કરણ ઘડનાર હથોડો" "સિંહનાદ, કૈવલ્ય અને મુક્તિનો મંત્ર" "કૂદકા મારતી ઊભરાઈ જતી શક્તિ અને જીવશાસ્ત્ર [ફિલોસોફી ઓફ લાઈફ] નો શિક્ષક" તથા "રાજકીય તેમજ આધ્યાત્મિક સ્વરાજ્યની ચાવી છે. એમાં માનવજીવનનું ગૂઢતમ તત્ત્વજ્ઞાન સુંદર રૂપક યોજીને સમજાવવામાં આવ્યું છે. "મહાવીર" એટલે "મહા-વીર" 'Superman' એવું આગવું અર્થઘટન એમણે કર્યું છે. "મહાવીર" તે જૈનોના ચોવીસમા તીર્થંકર એવો સંકુચિત અર્થ એમણે કર્યો નથી. હા, એ "મહાવીર"ને "મહા-વીરો"ની ગણનામાં જરૂર મૂકયા છે. વાડીલાલે કરેલું આ પુસ્તકનું અર્પણ તપાસતાં એમણે ઘટાવેલા "મહા--વીર" નો અર્થ વધુ સુસ્પષ્ટ બને છે. એમણે કહ્યું છે કે -

---

૧૭. અપ્રગટ લેખ "લેખકો-લખાણો - વાચનારાઓ"માંથી

" સર્વ દેશે, સર્વ કાળે
ધર્મક્ષેત્ર, તત્ત્વજ્ઞાનક્ષેત્ર, યુધ્ધ ક્ષેત્ર,
રાજતંત્ર ક્ષેત્ર, સમાજક્ષેત્ર, વિજ્ઞાન ક્ષેત્ર
ઇત્યાદિ હરેક ક્ષેત્રે -
નીડર, નિશ્ચિંત, નિર્વિકલ્પ
મસ્તો - અવધૂઓ - યોગીઓ - શોધકો
વિચારકો - યોધ્ધાઓ - નેતાઓ
થઇ ગયા છે, અને થશે;
તે સર્વ
મહા - વીરોને
સોલ્લાસ
સમર્પિત !"

આમ વાડીલાલે સમજાવેલો "મહા-વીર" - "શ્રેષ્ઠપુરુષ" તે નિત્શેનો 'Superman' અને મહર્ષિ અરવિંદનો "આર્ય" એ ત્રણેની ભાવનામાં ઘણું જ સામ્ય છે. વાડીલાલને નિત્શેનો પરિચય કયારે અને કેવા સંજોગોમાં થયો અને એનાં લખાણોએ એમના મન ઉપર કેવી છાપ પાડી એ જાણવું જરૂરી ગણાશે.

સને ૧૯૧૬ પહેલાં ધર્મપંથના અભ્યાસક અને સમાજસુધારક તરીકે વાડીલાલ જીવન વ્યતીત કરતા હતા. જેમ જેમ એ અભ્યાસમાં રસ પડતો ગયો તેમ તેમ પોતાનાં રસ, અવલોકનો, બીજી વ્યકિતઓને સમજાવવાની એમને "તાલાવેલી" લાગી. પત્રકાર તરીકે ત્રણ પેપરો

ચલાવી, સંખ્યાબંધ નાનાં મોટાં પુસ્તકો પ્રગટ કરી, દરેક પ્રાંતમાં ફરી ભાષણો આપી, ધાર્મિક તથા સામાજિક હિલચાલો તપાસવામાં એમણે આનંદ અનુભવ્યો. આ સમય દરમ્યાન અનેક યુધ્ધોમાં એમને ઝંપલાવવું પડયું હતું. એ પ્રસંગોએ અન્ય ધર્મોના તત્ત્વો શોધવા -વિચારવાની પ્રવૃત્તિમાં એમને ઉતાર્યા જૈનતત્ત્વજ્ઞાન, થિયોસોફી, આર્યસમાજ, વેદાન્ત વગેરેના સિધ્ધાંત એમને સમજાયા; શોપનહોર, વિવેકાનંદ, એમર્સનના સાહિત્યનો પરિચય થયો. આ બધા તત્ત્વજ્ઞો દ્વારા પ્રતિપાદિત થયેલા કેટલાક પરસ્પર વિરોધી સિધ્ધાંતોએ એમને અકળાવ્યા. એમને કોઇ સિધ્ધાંત નક્કર ન લાગ્યો અને પોતાનું જીવન જ અસહ્ય લાગવા માંડયું.

૧૯૧૬ ના માર્ચ માસની એક સાંજે કંઇ સાહિત્યની શોધમાં વાડીલાલ મુંબઇના એક પ્રસિધ્ધ બુકસેલરની દુકાને ગયા. ઉધાઇ ખાધેલુ અને નહિ વેચાતું એવું એક પુસ્તક અડધી કિંમતે લેવા બુકસેલરે વાડીલાલને આગ્રહ કર્યો. એ પુસ્તક ઉઘાડીને એક જ વાકય વાંચતાં એમના હૃદયમાં વીજળી જેવો ઝબકારો થયો અને પુસ્તકની પૂરેપૂરી કિંમત ચૂકવી વિકટોરિયામાં બેસી સમુદ્રકિનારે પહોંચ્યા ત્યાં સુધીમાં તો એ પુસ્તકના અછડતા વાંચન દ્વારા વાડીલાલ લેખકના અંતરમાં પ્રવેશી ચૂકયા હતા. એ પુસ્તક તે જર્મન ફિલસૂફ ફ્રેડરિક નિત્શેનું "બીયોન્ડ ગુડ એન્ડ ઇવિલ" (Beyond Good and Evil).

નિત્શેના આ પુસ્તકના વાંચન બાદ એના આત્માની પિછાન થતાં વા.મો.શાહનો "કલેશ" "તાલાવેલી"માં પરિણમ્યો. નિત્શેના

બધા જ પુસ્તકો એમણે તુરત જ ઈંગ્લેંડથી મંગાવી લીધા અને છ મહિના સુધી એક જ રૂમમાં એકાંતવાસ સેવીને એ પુસ્તકોનું અધ્યયન કર્યું. નિત્શેમાં એમને પોતાની કલ્પનાના મહા-વીર અને કૃષ્ણ દૃશ્યમાન થયા. પોતે એમના સૂક્ષ્મદેહ સાથે એકાકાર થઈ ગયા છે એમ અનુભવ્યું. નિત્શેના સૂત્રો એમણે વાંચ્યા અને પચાવ્યા. વાડીલાલ પાસેથી જ શ્રી કનૈયાલાલ મુનશી નિત્શેના પુસ્તકોનો સેટ લઈ ગયા હતા ત્યાર બાદ વાડીલાલે એ પુસ્તકો ફરીથી ઈંગ્લેંડથી મંગાવ્યા હતા.[18]

નિત્શેનું 'Thus spake Zarathustra' ના વાંચન બાદ વાડીલાલે "મહાવીર કહેતા હવા" લખ્યું હતું. પરંતુ એક વાત કંઈક દ્વિધા ઉપજાવે તેવી છે. વાડીલાલે "મહાવીર કહેતા હવા" પુસ્તક સને ૧૯૧૫ માં "જૈનહિતેચ્છુ"માં પ્રગટ કર્યું છે અને એમના જ કથન અનુસાર નિત્શેનો પરિચય એમને ૧૯૧૬ માં થયો હોય તો પછી Thus spake Zarathustra ઉપરથી જ "મહાવીર કહેતા હવા" લખ્યું છે એમ ન કહી શકાય. બીજું Thus spake Zarathustra નો ઉલ્લેખ એમણે પોતે દર્શાવેલા આ પુસ્તકના "આશય"માં કર્યો છે તેથી આપણે એટલું જરૂર કહી શકીએ કે ૧૯૧૬ પછી નિત્શેએ વાડીલાલના મન તેમજ હૃદય પર સંપૂર્ણ આધિપત્ય જમાવ્યું હતું પરંતુ તે પહેલા નિત્શેના છૂટા છવાયાં પુસ્તકો વા.મો.શાહે જરૂર વાંચ્યાં હોવાં જોઈએ.

વાડીલાલનું એકપણ પુસ્તક આશય વગર લખાયું નથી. "મહાવીર કહેતા હવા" લખવા પાછળનો પોતાનો હેતુ સ્પષ્ટ કરતા એમણે લખ્યું

---

૧૮. અપ્રગટ નોંધમાંથી.

છે કે – " મનુષ્ય પ્રકૃતિ, મનુષ્યની આસપાસની દૃશ્ય દુનિયાનું સ્વરૂપ તથા મન, બુધ્ધિ અને આત્માની ખાસિયત એ સર્વને સમજનાર અને એ સમજ [truth] ને "કલા" (Art) વડે "ઉપયોગ"માં લઇ શકનાર સમર્થ સૃષ્ટા, બ્રહ્મા, મનુ કે મહાવીરની આજે અનિવાર્ય આવશ્યકતા છે.....................હજી સુધી એ કામને માટે સંપૂર્ણ લાયકાત ધરાવતો એક પણ મહાવીર હિંદમાં તો શું પણ યુરોપ અમેરિકામાં પણ જન્મ્યો જણાયો નથી. હા, બર્નાર્ડ શૉ, વેલ્સ, લેનિન, ગાંધી જેવી કેટલીક વ્યકિતઓ ઉત્પન્ન થઇ છે ખરી, જેઓ જનસમાજ કરતાં કાંઇક વધારે શકિત ધરાવે છે અને એ શકિત વડે સમાજના અમુક ઘાટ ઘડવા પ્રયાસ કરે છે. જર્મનિના ફ્રેડરિક નિત્શેએ મહાયુધ્ધ પહેલાં જ એ તૈયારીઓ કરી હતી. આ લેખ પણ એક એવો અખતરો જ છે. પરંતુ આવા સઘળા પ્રયાસો ભવિષ્યમાં જન્મનાર કોઇ શ્રી મહાવીરની (Sage) પ્રસ્તાવના માત્ર ગણી શકાય. આ પ્રયાસો માત્ર સૂર્યના છડીદાર ગણી શકાય. ........................
મેં જે સાહિત્ય વાંચ્યું છે, જે વિચારો વિચાર્યા છે, જે અનુભવો કર્યા છે તે સર્વ મને એક જ કામ પાછળ લાગવા પ્રેરે છે. જિંદગીમાં એક જ કર્તવ્ય હોય એમ નિરંતર મારા કાનમાં કહે છે. અને તે કર્તવ્ય બીજું કોઇ નહિ પણ હિંદને એક નૂતન આદર્શ આપવાનું છે. આ રસ્તે મેં જે કેટલોક પંથ કાપ્યો છે. છૂટાછવાયાં લખાણો કર્યાં છે અને ભવિષ્યમાં એક "શાસ્ત્ર" રૂપે આદર્શ રજૂ કરવાનો આ સંકલ્પ છે. હાલમાં તો એ શાસ્ત્રની પ્રસ્તાવનાની ગરજ સારે એ મતલબથી આ નાનું પુસ્તક પ્રસિધ્ધ કર્યું છે."[૧૯]

---

૧૯. "મહાવીર કહેતા હવા" : "આશય"

## પોલિટિકલ ગીતા
## અથવા
## ધી ફિલોસોફી ઓફ લાઇફ ૧૯૨૧

અસહકારના આંદોલનમાં સફળતા અગર તો નિષ્ફળતા ક્યારે મળે એ વાતની સૈધ્ધાંતિક દ્રષ્ટિએ ચર્ચા કરીને વા.મો.શાહે ગાંધીજીને એક પત્ર લખવા ધાર્યું હતું પરંતુ એ પત્ર (લગભગ) ૨૦૦ પૃષ્ઠ જેટલી લંબાઇવાળો થઇ જતાં એને પુસ્તક રૂપમાં ગોઠવીને દુનિયાભરના વિચારકોને મોકલવા પોતાને ખર્ચે "પોલિટિકલ ગીતા"ના શીર્ષકથી પ્રગટ કરાવ્યો હતો.[૨૦] પ્રસ્તુત પુસ્તકમાં માનસશાસ્ત્ર અને અધ્યાત્મ શાસ્ત્રની દ્રષ્ટિએ રાજકીય ઘટનાઓ ઉપર, દુનિયાની તત્કાલીન પરિસ્થિતિ પર, અસહકારના ધર્મયુધ્ધ પર અને સંભવિત ભવિષ્ય પર, પ્રકાશ પાડવામાં આવ્યો હતો. દુનિયાભરના અને ખાસ કરીને હિંદના ચિંતકો, રાજદ્વારીઓ, પત્રકારો, દેશનાયકો, અને કેળવણીકારોને આ પુસ્તકની પ્રતો વા.મો.શાહે મોકલી હતી પરિણામે મહાત્મા ગાંધી, મહર્ષિ અરવિંદ ઘોષ, કવિશ્રી રવીન્દ્રનાથ ટાગોર બર્નાર્ડ શો, એચ.જી.વેલ્સ જેવા પ્રથમપંકિતના મહાપુરુષો સાથે પત્ર-વ્યવહાર દ્વારા સંબંધ બંધાયો હતો.

મુંબઇમાં એ પુસ્તક જ્યારે મુદ્રિત થતું હતું તે સમયનો એક પ્રસંગ નોંધપાત્ર છે. તિલક મહારાજના કારાવાસ પ્રસંગે ઉગ્ર વિચારણા વ્યકત કરવા બદલ ભારતમાં પ્રસ્થાપિત થયેલી અંગ્રેજી નોકરશાહીએ વા.મો.શાહની દરેક પ્રવૃત્તિઓ ઉપર દેખભાળ રાખવા એક સી.આઇ.ડી.

---

૨૦. "વા.મો.શાહનું રાજકારણ" : પૃ. ૬૧.

ની નિમણૂક કરી હતી. આ સી.આઇ.ડીનો માણસ વાડીલાલની રોજબરોજની પ્રવૃત્તિઓની તપાસ રાખતાં રાખતાં એમનો ગુણપૂજક બની ગયો હતો. એક દિવસ સાંજે એ માણસ વાડીલાલ સમક્ષ હાજર થયો. વાડીલાલે એને જણાવ્યું "ભાઇ, તું ઘણો મોડો પડયો છે કારણ મારાં લખાણ રૂપી લાવારસથી વાચકો અને અંગ્રેજ નોકરશાહીના સભ્યો દાઝતા હતા તે સમય હવે પસાર થઇ ગયો છે. મારું જીવન તો હવે લાવારસ વગરના જવાળામુખી જેવું છે." આ વાત શાંતચિત્તે સાંભળ્યા બાદ તે માણસે વા.મો.શાહની મુદ્રિત થઇ રહેલી "પોલિટિકલ ગીતા"ને જપ્ત કરવાના તેને મળેલા સરકારી ઓર્ડરની નકલ બતાવી અને પોતે કંઇ સેવા કરી શકશે તો ઉપકૃત થશે એવી ઇચ્છા વ્યક્ત કરી. વાડીલાલે તેને જણાવ્યું " મારી સેવા કરવા જતાં તારી નોકરી મુશ્કેલીમાં આવી જશે." પરંતુ કંઇક સેવા કરવાની ઇચ્છાથી આવેલા તે ભાઇ એક ના બે ન થયા. અંતે તેના અત્યાગ્રહને વશ થઇ વાડીલાલે એક યુક્તિ બતાવી. એમણે અડતાલીસ કલાકનો સમય માગ્યો અને ત્યારબાદ જપ્તી લઇ જવા ફરમાવ્યું. એ વ્યક્તિના ગમન બાદ જુદા જુદા પ્રેસોનો સંપર્ક સાધી વાડીલાલે "પોલિટિકલ ગીતા"ના જુદા જુદા ફર્માં છપાવવાની વ્યવસ્થા કરી. છત્રીસ કલાકમાં પુસ્તક તૈયાર કરી પોસ્ટમાં રવાના કરી દીધું અને ફોનથી તે વ્યક્તિને જપ્તી લઇ જવા સંકેત કર્યો. તે મુશ્કેલીમાં ન આવે તે હેતુથી પુસ્તકની થોડી પ્રતો પ્રેસમાં પણ રહેવા દીધી. સરકારને ખબર પડી કે પુસ્તક ટપાલ દ્વારા નીકળી ગયું છે એટલે પોસ્ટ માસ્તર જનરલ પાસે પોસ્ટલ ઓર્ડિનન્સ કઢાવીને નકલો જપ્ત

કરવાનો હુકમ કર્યો ત્યાં સુધીમાં ભારતભરમાં તો ટપાલની વહેંચણી થઇ ગઇ હતી પરંતુ પરદેશ મોકલેલા પુસ્તકોની કોપીઓ પોસ્ટમાં અટકાવાઇ હતી. આમાં બર્નાર્ડ શો, એચ.જી.વેલ્સ અને મેરી કેરોલી માટેની નકલો હતી.

પરદેશમાં પુસ્તકની કોપીઓ પહોંચી નથી એની જાણ થતાં જ વાડીલાલે બર્નાર્ડ શૉ અને એચ.જી.વેલ્સને વિસ્તૃત તાર દ્વારા સઘળી પરિસ્થિતિથી વાકેફ કર્યા અને ઘટતું કરવા વિનંતી કરતાં જણાવ્યું કે "ઇંગ્લેંડ સ્વતંત્ર દેશ છે એટલે કોઇ માણસની ટપાલ કોર્ટ દ્વારા હુકમ મેળવ્યા વગર સરકાર રોકી શકતી નથી." બર્નાર્ડ શોએ સોલિસિટર મારફત લંડનના પોસ્ટ માસ્તર જનરલને નોટિસ મોકલાવીને "પોલિટિકલ ગીતા"નું પુસ્તક ચોવીસ કલાકમાં પોતાને મળે એવી વ્યવસ્થા કરાવી હતી. આ પુસ્તક વાંચ્યા બાદ બર્નાર્ડ શો ને વા.મો.શાહ સાથે પત્રવ્યવહાર થયો હતો. એ પત્રવ્યવહાર શ્રી ત્રિભુવન હેમાણીએ વાંચ્યો હતો જે ઘાટકોપરમાં બાવાજી તુલસીદાસજીના નિવાસસ્થાને હશે એમ એમનું અનુમાન છે.

"પોલિટિકલ ગીતા"ની એક નકલ બેલ્જિયમના વડાપ્રધાનને મોકલવામાં આવી હતી, જેમણે એ વાંચીને ખૂબ જ ઉષ્માભર્યો આભાર વ્યક્ત કરતો પત્ર લખ્યો હતો અને પોતાને યોગ્ય કંઇ કામ હોય તો જણાવવા આગ્રહ કર્યો હતો. પ્રત્યુત્તરમાં વાડીલાલે પોતાના પુત્ર જર્મની જવાના હતા તે સમાચાર આપી એ કંઇ માગણી કરે, કે કંઇક મૂઝવણનો પ્રસંગ ઉપસ્થિત થાય તો ઘટતી સલાહસૂચન આપવા જણાવ્યું

હતું. બેલ્જિયમના વડાપ્રધાને શાંતિલાલને જર્મનિ જતાં બેલ્જિયમ ઊતરવાનો આગ્રહ કર્યો હતો અને વધુમાં કહ્યું હતું કે " એ બ્રસેલ્સ સ્ટેશને ટ્રેનમાંથી ઊતરે ત્યારે તમારું "પોલિટિકલ ગીતા" હાથમાં રાખશે તો હું ઓળખી કાઢીશ."[૨૧] વાડીલાલના આ પુસ્તકની પ્રસિધ્ધિનો ખ્યાલ સદરહુ પ્રસંગોથી આવે છે.

"પોલિટિકલ ગીતા"ને પરદેશમાં આવો આવકાર મળ્યો હતો જાણી આશ્ચર્ય થાય એ સ્વાભાવિક છે પરંતુ આપણા સાહિત્યના સાક્ષરવર્યોએ આ "ધરદીવડા"ને ઓળખવાની દરકાર દર્શાવી નહોતી ફક્ત શ્રી મટુભાઇ કાંટાવાળાએ આ પુસ્તકનું અવલોકન પ્રસિધ્ધ કરતાં લખ્યું હતું કે – " મફત વહેંચવા માટે પ્રગટ કરવામાં આવેલી આ રાજકીય ગીતાની અંદર જીવનની ફિલસૂફી ચર્ચી છે, અને મુખ્યત્વે હિંદની રાજદ્વારી ચર્ચાને લગતો ઉહાપોહ માલૂમ પડે છે. રા.વાડીલાલ શાહને હંમેશાં ઊંચા પ્રકારના વિચારો આવે છે ને તે સારી એટલે દમામદાર નહિ પણ ઉત્સાહભરી વાનીમાં રજૂ કરી શકે છે; પરંતુ આવું શુધ્ધ અંગ્રેજી તેઓ લખી શકે છે એ જાણી આનંદ થાય છે. ઉપોદ્ઘાતમાં સમજાવ્યું છે તેમ ધર્મ એ જ જીવનનું રહસ્ય છે; અને જીવન એટલે જ કર્મયોગ."[૨૨]

પરદેશીઓ દ્વારા પ્રશસ્તિ પામેલી "પોલિટિકલ ગીતા" લખવા પાછળનો વાડીલાલનો આશય જોઇએ –

---

૨૧. "વા.મો.શાહનું રાજકારણ" : પૃ. ૬૧–૬૨ અને શ્રી ત્રિભુવન હેમાણી સાથેના વાર્તાલાપમાંથી

૨૨. "સાહિત્ય" : ૧૯૨૧ : ઓગષ્ટ : પૃ.૫૬૬–૬૭ અને "વા.મો.શાહનું રાજકારણ" : પૃ. ૬૩

"I have tried to explain in the following pages the vital and philosophical basis of Non-Cooperation as a weapon of political warfare to be utilized under the guidance of a great spiritual leader.[23]

આવા ઉદ્દેશથી રચાયેલા આ પુસ્તકમાં વાડીલાલે જીવનનું તત્ત્વજ્ઞાન સમજાવતાં કેવી સામગ્રી ભરી છે તેની 'Afterward' માં ચર્ચા કરતાં જણાવ્યું છે કે –

"Various stands I had to take to understand and feel the million forms of this one perpetual song of life: the stand of Dattatraya the mystic, the stand of Krishna the 'artist', the stand of Rama the pious, the stand of the intellectual (of Logic, Science, Sociology and Psychology)."[24]

આ પુસ્તકને વધુ સુસ્પષ્ટતાથી સમજવા એના જ કેટલાક અવતરણો અહીં આપી એમાં રજૂ થયેલા તત્ત્વજ્ઞાનની ચર્ચા "તત્ત્વજ્ઞ વાડીલાલ" ના પ્રકરણમાં કરવા યોગ્ય માનું છું.

(1) Life-force is the ultimate reality. It forms the basis of the cosmos. Only Philosophy and religion deal fully with Life and offer a convincing explanation of all phenomena of Life, - Political or Sociological, ethical or esthetic. Politics only

---

૨૩. The Political Gita - Foreward, page 7.

૨૪. એજન Afterward, page,103.

creates the environs favourable to the uninterrupted development of philosophy and Religion which alone can inspire men with lofty ideals and guide them to noble fulfilments.

Nothing is more sacred than Life, in whatever form it chooses to express itself. This is my formula. What attacks Life deserves to be ruthlessly supressed : What strengthens Life should be stimulated. This is my creed. Life signifies Action; therefore, Action alone appeals to me. Action vital, creative and spontaneous.

(Foreward: Page,5)

(2) First comes the Rama type of saviour; then follows the Krishnatype.

Tolstoy the lesser Rama precedes Lenin, the lesser Krishna, in Russia.

'Truth-in itself' first makes its appearance, then follows 'Art'.

Schopenhaur comes first with 'BEING' Nietzsche follows with 'BECOMING' in his hands.

Gandhi the Rama type of leader, will be followed by ....?

But why talk of the next generation? In the age of Rama, let people become as devotional, as firm, as self-sacrificing, as iron-willed, as the Hanuman, with whose assistance Rama could successfully bring back Hanuman's Sita Maiya from the clutches of satanic Ravana.

First practise Truth to beat Untruth; then let 'Art' win a victory over 'Truth'.

(Political Gita: page,60)

(4) A wells + A Bernard Shaw = An Auro Bindo - A Gandhi + An Aurobindo = A Krishna. But it is the irony of fate that two Chakravarti's hardly, if ever, join hands.

(Political Gita - page,53)

(5) Dharma is the greatest ideal of man. But having realized that ideal man spontaneously becomes Superman and Swims in the air above the Highest Summit where there is no 'ideal' i.e. no fixed ideal, no 'enforced' ideal.

(Ibid, p.54)

(6) The greatest lesson of the present day is 'Believe not the diplomat, and yet do not allow the diplomat to suspect that you disbelieve him'. Oh, the misfortune of the world made unworthy of Man by the creeping worm of the diplomat.

(Ibid, p. 68 )

"એક" ૧૯૩૨

આ નાનકડા પુસ્તકમાં વા. મો. શાહે "એક"નું તત્ત્વજ્ઞાન રજૂ કર્યું છે પરમાનંદ પ્રાપ્ત કરવા એકતાની જરૂર છે. એમનો એવો સ્પષ્ટ અભિપ્રાય છે કે બ્રહ્મને જ ભાવનામાં ઓતપ્રોત કરી શકનાર જિંદગીનો આનંદ માણી શકે છે. "મન વાણી અને કાયાની એકતા જ માનવને દેવ" બનાવે છે. મન, બુધ્ધિ, ચિત્ત અને અહંકારમાં પણ એકતાની આવશ્યકતા હોવી જરૂરની છે. એ ચારેયમાં એકતા હોય તો જ દુનિયાનાં મલિન તત્ત્વો માનવીને મલિન કરી શકતાં નથી. જ્ઞાન, ભાવ અને ભક્તિના ઐક્યની ઊંડી ફિલસૂફી અહીં સુંદર રૂપક પ્રયોજી સંવાદ દ્વારા આપી છે. જ્ઞાનદેવ, ભાવસિંહ અને ભક્તિજાન વચ્ચેના સંવાદ દ્વારા એમની ફિલસૂફી ખૂબ જ સરળતાથી લોકભોગ્ય બનાવી લેખક પોતાના વિચારો વાચકને હૃદયંગમ બનાવવામાં સફળ થયા છે.

જ્ઞાનદેવને ગુરુસ્થાને સ્થાપનાર ભાવસિંહને જ્ઞાનદેવ ભક્તિજાન નામની નર્તકીને ત્યાં એની કસોટી કરવા ખાતર ગીરો મૂકે છે. ભાવ અને ભક્તિ બંને વચ્ચે શરૂઆતમાં યુધ્ધ થાય છે. ભાવસિંહ દરેક ક્ષણે પોતાના મનને મનાવતો ભક્તિજાનને ગુરુ બનાવે છે. અનેકને પોતાના ચેનચાળા અને નર્તન દ્વારા વશ કરતી ભક્તિજાન ભાવસિંહને વશ કરવામાં નિષ્ફળ નીવડે છે. વિજયી બનેલા ભાવ-સિંહને સર્વસ્વ સમર્પિત કરવાની ભક્તિજાનને થયેલી લાગણીને ભાવસિંહ ઠુકરાવે છે. છેવટે જ્ઞાનદેવ ભાવસિંહને પોતાને ઘેર ગીરો

મૂકયો છે માટે પોતે તેની ગુરુ છે એમ કહી અંતિમ શસ્ત્ર ભકિતજાન ભાવસિંહ તરફ ફેંકે છે. ક્ષણિક મૂંઝવણનો અનુભવ કર્યા બાદ ભાવસિંહ જ્ઞાનદેવને બૂમો મારે છે અને કસોટીમાંથી ઉગારવા વિનંતી કરે છે. તે જ સમયે બારણે ટકોરા પડે છે અને જ્ઞાનદેવ પ્રવેશ કરે છે.

ભાવસિંહને પામવા સર્વસ્વ હોમવા તત્પર બનેલી ભકિતજાન પોતાનાં કીમતી વસ્ત્રો, નોટોનાં બંડલ અને આભૂષણો વગેરે એકત્રિત કરી સર્વને દીવાસળી ચાંપી સળગાવી દે છે, સર્વને નિઃશેષ બનાવી દે છે અને પછી ભાવસિંહમાં એકરૂપ બનાવવા ગુરુને વિનંતી કરે છે.

અનેક સંકટોનો સામનો કરતાં ભકિતજાન અને ભાવસિંહ જ્ઞાનદેવ-ની પાછળ પાછળ ચાલતાં ગુરુના આશ્રમે પહોંચે છે ત્યારે ગુરુ જ્ઞાનદેવ બંનેને દાંપત્યજીવન જીવવા આશીર્વાદ આપે છે, "દ્વૈતમાંથી અદ્વૈતમાં, અનેકત્વમાંથી એકત્વમાં એકરૂપ બનવા ફરમાવે છે. ભકિત-જાન અને ભાવસિંહનો પ્રેમ સ્થૂળમાંથી સૂક્ષ્મમાં પરિવર્તન પામે છે અને બંને વચ્ચે ઐકય સધાય છે.

આ રૂપકકથા દ્વારા વાડીલાલે પોતાનો હેતુ સિધ્ધ કરવામાં સફળતા પ્રાપ્ત કરી છે. ભાવ (concept, thought, ideal) અને ભકિત (Devotion force that materializes, the thought gives motion to Ideal) ― ― ― ― ― ― ― ― ― ― ― બંને વચ્ચે પ્રથમ યુધ્ધ અને પછી, સાયુજ્ય અથવા એકતા યોજનાર ફકત એક

"જ્ઞાન" છે. એ બંનેના ઐક્ય દ્વારા એનો ખેલ પૂરો થાય છે અને બંને પાછાં જ્ઞાનરૂપ બની જાય છે.

વા. મો. શાહે જ્ઞાનદેવ પાસે બોલાવ્યું છે કે "એક જ હતો અને એક જ છું : મધ્યમાં ભાવ અને ભક્તિનાં સંગીરૂપ દેખાયો, કે જે ભાવ અને ભક્તિ મારા સ્પર્શથી પોતાનું પૃથક્પણું ભૂલી જઇ મુજસ્વરૂપ બન્યો."[૨૫]

ભાવ અને ભક્તિના ઐક્ય બાદ વાડીલાલે "મસ્તોનો વિલાસ" વર્ણવ્યો છે જેનું નામ આપ્યું છે 'Meeting of the Higher Instincts.' આમાં વાડીલાલની પાત્રોની પસંદગી ખૂબ ધ્યાન ખેંચે છે. મસ્ત, ઉદાસી, સાંઇ, પંથ, અજ્ઞાનદેવ, ફક્કડ ઉપરાંત ભક્તિ-જાન, ભાવસિંહ અને જ્ઞાનદેવ વચ્ચેના રસપ્રદ સંવાદ દ્વારા જિંદગીના તત્ત્વજ્ઞાનનાં ગૂઢ રહસ્યો રજૂ કરી "એક"નું મહત્ત્વ પ્રતિપાદિત કર્યું છે. લેખકના વાંચન અને અનુભવની વિશાળતા અને ઊંડાણનો તાગ આ પુસ્તક વાંચતાં વાચકને સહેજે આવી રહે છે.

"હિન્દુસ્તાન અને પ્રજામિત્ર" માં "એક" પુસ્તકના અવલોકનકારે "એક" ની ફિલસૂફી ખોટી છે એમ દર્શાવતાં કહ્યું છે કે " જ્યાં "એક એકનું" અને "હું હું નું" ભાન ભૂલી જાય છે, જ્યાં જ્ઞાનની જ પોક મૂકાઇ જાય છે એવા અનિયંત્રિત તર્કના આ કાશી પ્રદેશમાં હું વાચકને આ સ્થળે લઇ જવા માગતો નથી. એ આખીયે

---

૨૫. "એક" : પૃ. ૬૦

વિચારસરણીને આપઘાતનાં તત્ત્વજ્ઞાનનું નામ આપીએ તો કંઈ ખોટું છે ?"[26] એમણે વા. મો. શાહની "એક" ની વિચારસરણીને ફગાવી દીધી છે વાડીલાલને સમજવા ફક્ત એક જ અવતરણ બસ થશે કે – "જે કુટુંબની સર્વ વ્યક્તિઓ એકરૂપ બની શકે છે, જે રાજ્યના રાજપુરુષો પોતાને પ્રજારૂપ અને પ્રજાવર્ગ પોતાને શાસનકર્તા માને છે અને જ્યાં સામાજિક, ઔદ્યોગિક, ધાર્મિક તેમજ રાજકીય સઘળાં બંધારણો એક મુખ્ય કાનૂનના પાયા પર અને અનુષંગી રચાયેલા છે, જે ભૂગોળનાં વિવિધ રાજ્યો આંતરરાષ્ટ્રીય અભેદતા ખીલવી શક્યાં છે – તે કુટુંબ, તે રાજ્ય, તે ભૂગોળમાં શક્તિ વધારેમાં વધારે અંશમાં વિકસતી રહે છે અને આનંદ વધુ ને વધુ પ્રગટ થતો રહે છે.

( મન, વાણી અને કાયાની એકતા જ દેવ બનાવે છે.

દૃષ્ટા, દૃશ્ય અને દર્શન એકરૂપ બને છે, ત્યારે જ જેને અત્યંત વિકસિત પુરુષો "જ્ઞાન" કહે છે તેવું ખરું જ્ઞાન પ્રકટે છે."[27]

વાડીલાલની આ "એક" ની ફિલસૂફી સાથે ઘણા સંમત થાય અને ઘણા ન પણ થાય પરંતુ પ્રગાઢ તત્ત્વજ્ઞાનને ટૂંકાં પણ ચોટદાર વર્ણનો તથા આવેશપૂર્ણ સંવાદોમાં મઢીને સરળતાથી વાચક સમક્ષ રજૂ કરવાની એમની કળા વિશે બેમત હોઈ શકે નહિ.

---

૨૬. "હિન્દુસ્તાન અને પ્રજામિત્ર" : તા. ૧૦-૧૦-૩૨

૨૭. "એક" : પ્રસ્તાવના : પૃ. ૧

<u>આર્યધર્મ</u> <u>૧૯૩૨</u>

યુવાન પુરુષો તથા કન્યાઓનાં માનસ ઘડવામાં મદદરૂપ થવાનો તથા નવા તનદુરસ્ત હિંદી ઘડવાનો આ પુસ્તકનો ઉદ્દેશ છે. ભિન્ન ભિન્ન ધર્મસંસ્થાઓના અનુયાયીઓ આ નાનકડા પુસ્તકમાં પોતાના ધર્મનાં મૂળતત્ત્વોને સંગ્રહાયેલાં અને આબાદ રીતે રક્ષાયેલાં જોઇ શકે છે. "આર્યધર્મ એટલે આત્માની ઢંકાયેલી, દબાયેલી શકિત-ઓને પ્રકટાવનારી તાલીમ" એવો નવીન અર્થ વાડીલાલે કર્યો છે. આ પુસ્તકનું એકએક વાકય સૂત્રમય છે એ જ એની વિશિષ્ટતા છે.

આર્યધર્મના ચાર અંગ – દાન, શીલ, તપ અને ભાવના – ગણાવી એ દરેક વિશે સૂત્રાત્મક શૈલીમાં અલગ અલગ વિસ્તૃત વિવેચના રજૂ કરી છે પુસ્તક વિચારભારથી દબાઇ ન જાય માટે પ્રસ્તાવનામાં યોગ્યસ્થાને દૃષ્ટાંતોનો આશ્રય પણ લેખકે લીધો છે.

સદરહુ નાનકડા પુસ્તકની લાંબી પ્રસ્તાવના દરેક વાચકનું ધ્યાન ખેંચે છે આ પુસ્તક સને ૧૯૩૨ માં પ્રસિધ્ધ થયું ત્યારે એની આગ ઝરતી વાણીમાં લખાયેલી પ્રસ્તાવનાને કારણે સમાજમાં સારો એવો ઊહાપોહ જાગ્યો હતો. વાડીલાલની વાણીજ ઉગ્ર હતી એમ નહિ પણ એમના વિચારો પણ ઉગ્ર હતા જૈન કોમમાં આત્મભાન જગાડવા અંધકાર, અંધશ્રધ્ધામાં સપડાયેલી જનતાને ઢંઢોળી ઢંઢોળીને જાગૃત કરવા દંભી આચાર્યો, ધર્મગુરુઓ અને ઉપદેશકોના રમકડાં બનતા માનવીઓને સાચું માર્ગદર્શન આપી સત્ય હકીકતથી વાકેફ કરવા અને એમને આત્મોન્નતિના પરમ પંથે દોરવાનો વાડીલાલનો

આદર્શ હતો. એ આદર્શને પહોંચવા એમણે જીવનભર પુરુષાર્થ સેવ્યો પણ અવનતિની ખાઈમાં પડેલી જનતાને જાગૃત થતાં પણ્ણો સમય લાગ્યો. ઢોંગી સાધુઓ અને અંધશ્રધ્ધાળુ શ્રાવકોને ચાબખા મારવામાં એમણે આ પ્રસ્તાવનામાં બાકી રાખી નથી "સુધારક વાડીલાલ"ના પ્રકરણમાં આ પ્રસ્તાવનાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.[૨૮] પતનશીલ સમાજને ચોંકાવ્યાબાદ આ પુસ્તકમાં આર્યધર્મના મૂળગત સિધ્ધાંતોની સમજ લેખકે આપી છે. જૈનધર્મને તેઓ આર્યધર્મનો એક ભાગ જ ગણતા તેથી સાચો આર્યધર્મ આપણને શું સમજાવે છે તેનું સંક્ષેપમાં, સૂત્રાત્મક શૈલીમાં છતાં વ્યવસ્થિતપણે એમણે માર્ગદર્શન આપવાનું કાર્ય કર્યું છે.

આ પુસ્તકનો સાર ટૂંકમાં કહીએ તો – "હિંદ જો ધર્મ ગુમાવશે તો જંગલી – રાક્ષસી જ બની જશે. એના અનિયંત્રિત માનસને કાબૂમાં રાખનારી એ એકની એક ચીજ નાબૂદ થાય એ એના વિકાસને અને મુકિતને માટે નહિ ઇચ્છવાજોગ છે. પણ હિંદ એના અતિધર્મને લીધે જ ધર્મનો નાશ કરી બેસશે તો કોણ અટકાવી શકશે ?"[૨૯] આ બે વાકયોમાં આ નાના નિબંધનો ઉદ્દેશ સમાવિષ્ટ થયો છે. એક તરફ ધર્માંધતા અને પાખંડ છે તો બીજી તરફ અશ્રધ્ધા અને નાસ્તિકતા છે એ બંનેની વચ્ચેથી સાચવીને હિન્દુસ્તાનની પ્રજાએ પ્રયાણ આદર-વાનું છે એ વાતની વારંવાર યાદ દેવડાવી આર્ય અને આર્યાઓને સાચો રાહ ચીંધવાનું કાર્ય વાડીલાલે અહીં કર્યું છે.

---

૨૮. પ્રસ્તુત મહાનિબંધ "સુધારક વાડીલાલ" : પૃ. ૨૭૧-૨૭૩

૨૯. "આર્યધર્મ" : પુનઃમુદ્રિત "વા. મો. શાહનો ધર્મસંદેશ" : પૃ. ૧૩

શ્રી મટુભાઇ કાંટાવાળા,[30] શ્રી હિંમતલાલ ગણેશજી અંજારિયા[31] શ્રી વિજયરાય વૈદ્ય[32] અને શ્રી ચાંપશીભાઇ ઉદેશી[33] એ આ પુસ્તકને બિરદાવતાં યથાયોગ્ય નોંધો લીધી છે.

આર્યધર્મ" જેવું જ બીજું નાનકડું ફક્ત એક એક વાક્યવાળી સૂત્રાત્મક શૈલીથી ભરપૂર એવું "આર્યનારી ધર્મ" પુસ્તક વાડીલાલે લખ્યું હતું. સંપ્રદાયવાદનો અંચળો દૂર કર્યા પહેલાં "શ્રાવિક ધર્મ" શીર્ષકથી ધર્મ અને વ્યવહારનું સાચું સ્વરૂપ એમણે સરળભાષામાં આપ્યું હતું પરંતુ સંપ્રદાયવાદને દૂર કર્યા પછી એ જ પુસ્તકમાં સુધારાવધારા કરીને "આર્યનારીધર્મ" ના શીર્ષકથી પ્રસિધ્ધ કર્યું હતું. આ પુસ્તકમાં આર્યનારીના આદર્શો, કાર્યો અને ફરજો વગેરે સચોટતાથી સમજાવવામાં વાડીલાલ સફળ થયા છે. આર્યનારી પુષ્પ જેવી કોમળ હોય છે પણ એના શીલ ઉપર તરાપ પડે છે ત્યારે તલવારની ધાર જેવી બની શકે છે ઉપરાંત પોતાના કુટુંબના સભ્યોને તે ઢાલ સમાન રક્ષણ આપે છે. આ ભાવના આલેખતા સદરહુ પુસ્તકના મુખપૃષ્ઠ ઉપર વાડીલાલે આર્યનારીત્વના પ્રતીકરૂપ કમળ, તલવાર અને ઢાલ ચીતરાવ્યાં છે જે નોંધનીય છે.

વાડીલાલના આદર્શ ખૂબ જ ઉચ્ચકોટિના છે. એમણે આ બંને પુસ્તકોમાં તારવેલા સિધ્ધાંતો પ્રમાણે જો આર્યો અને આર્યાઓ વર્તન કરે તો તો દેશમાં રામરાજ્ય સ્થપાય. આદર્શ તરીકે એ સિધ્ધાંતો પ્રશંસનીય છે પરંતુ એનું આચરણ કરવું મુશ્કેલ છે. વાડીલાલ પોતે એ

---

30. "સાહિત્ય" : ૧૯૨૩, માર્ચ પૃ. ૨૬૬–૬૭: ધર્મસંદેશ : પૃ. ૧૦–૧૫
31. તા. ૧૧–૧૨–૧૯૩૨ ના એક ખાનગી પત્રમાંથી : અંજન
32. કૌમુદી : ૧૯૩૩ , એપ્રિલ પૃ. ૩૭૬ : અંજન
33. "નવચેતન" : ૧૯૩૬ : ફેબ્રુઆરી,

સિધ્ધાંતો પ્રમાણે વર્તવાનો આગ્રહ રાખતા અને સમાજના સ્ત્રી-પુરુષો પણ એ સિધ્ધાંત અનુસાર વર્તે એમ જોવાની એમને તીવ્ર ઉત્કંઠા હતી. સમાજ પાસેની એમની એ આશા જરાક વધુ પડતી હતી એમ કહીએ તો એમાં અતિશયોક્તિ નથી કારણ આદર્શો અને સિધ્ધાંતોને વરેલી વ્યક્તિઓ તો સમાજમાં ગણીગાંઠી જ હોય, દરેક વ્યક્તિ એવા ઉચ્ચ આદર્શોનું પાલન કરે એ શક્ય જ નથી.

: નગ્ન સત્ય : 1933

અંગ્રેજી શબ્દ 'Naked Truth' ઉપરથી ભાષાંતરિત થયેલો "નગ્નસત્ય" શબ્દ વાડીલાલનો છે આ લેખમાળાની શરૂઆત સને ૧૯૧૫ માં થઇ અને "જૈનહિતેચ્છુ"માં હપતે હપતે પ્રસિધ્ધ થઇ, "નગ્નસત્ય" એટલે સત્ય તો ખરું જ પણ "નગ્ન", જેને સાંભળવું, સહન કરવું, જીરવવું મુશ્કેલ છે તેવું સત્ય શ્રી કૃષ્ણલાલ મો. ઝવેરીએ, "ચોખ્ખીવાત", "ચોખ્ખે ચોખ્ખીવાત", "સ્પષ્ટ વકતવ્ય" એવા પર્યાયો યોજ્યા છે કટકે કટકે પ્રસિધ્ધ થતી આ લેખમાળામાં વાડીલાલને જેમ જેમ વિચારો આવતા ગયા તેમ તેમ લેખરૂપે મૂર્તિમંત થતા ગયા તેથી એક વિચારને બીજા વિચાર સાથે જરાય સંબંધ ન હોય એમ બન્યું છે. પરંતુ વાડીલાલના વિચારોની પરિપકવતા, અર્થગાંભીર્ય સૂચિત કરતા શબ્દો, વાકયોની સજાવટ અને શૈલીની તીવ્રતા પ્રશંસનીય છે.

તત્ત્વચિંતન, નીતિશાસ્ત્ર, ધર્મશાસ્ત્ર, તર્કશાસ્ત્ર તથા જૈનસૂત્રોનું જ્ઞાન, નિત્શે તથા શોપનહોરનાં પુસ્તકોનો અભ્યાસ ઉપરાંત પોતાના વ્યાવહારિક જ્ઞાન અને અનુભવમાંથી કહેવાયેલાં "નગ્નસત્ય"નાં દરેક દરેક સૂત્રો વાડીલાલે એવી ખૂબીથી મૂક્યાં છે કે એ "નગ્નસત્ય" હોવા છતાં, એમાં ચાબખા માર્યા હોવા છતાં વાચકને તે વાંચવા ગમે છે. એમાં એમના તત્ત્વજ્ઞાનનું ઊંડાણ વર્તાયા વગર રહેતું નથી તેથી સામાન્યજનને એ આસ્વાદ્ય ન બને એ સ્વાભાવિક છે. અલબત્ત, આ લેખમાળાનો કોઇકોઇ મણકો ઝાંખો લાગે છે, બધા એકસરખા ચમકદાર નથી છતાં આખી માળા કીમતી છે. લેખમાળામાં રજૂ થયેલા ઉદ્દગાર વાડીલાલના અંતરના ઊંડાણમાંથી નીકળેલા હોવાથી તેના નિશાને પહોંચવામાં સફળ થાય છે. માનવસ્વભાવનું માનસશાસ્ત્રનું અન્વેષણ કરી પોતે તે વિશે જે વિચારો દર્શાવે છે અને જે નિર્ણય ઉપર આવે છે તે એમની શૈલીની સ્પષ્ટ ભાત ઉપસાવે છે.[34] શ્રી નાનચંદજી મહારાજે "નગ્નસત્ય" વિશે પોતાનું મંતવ્ય જાહેર કરતાં નોંધ્યું છે કે " ઊંડા મનન-ચિંતનને પરિણામે "સત્ય" શોધી, તેને નગ્નસ્વરૂપે સમાજ પાસે રજૂ કરવું એ કપરું કાર્ય છે એ તો જેને અનુભવ થયો હોય તે જ જાણે. "નગ્નસત્ય" એટલે આગનો તણખો – ચોધારું શસ્ત્ર એટલે જે જે પ્રદેશને એ"તણખો" સ્પર્શે તેને પોતારૂપ બનાવી તેમાં પ્રકાશ રેલે; જીવનવિકાસનાં અવરોધક બળો એટલે રૂઢિગત જીવનપ્રણાલિકાઓ. આ તણખો કેવો અને કેટલો અસરકારક છે તે "તત્ત્વજ્ઞ વાડીલાલ" ના પ્રકરણમાં આપણે જોઇશું.

---

૩૪. વા.મો.શાહની તત્ત્વકથાઓ : ઉપોદ્ઘાત : પૃ.૯-૧૦.

એમની આ લેખમાળાની કિંમત શ્રી સી.બી.ગલીઆરાને સમજાઇ તેથી જ રૂા.૧૦૦૦- નું ગલીઆરા પારિતોષિક એમને અર્પણ થયું હતું. પારિતોષિકરૂપે મળેલી રકમમાંથી જ "નગ્નસત્ય"ને પુસ્તકાકાર આપવો એવી વાડીલાલની ભાવના હતી તે અધૂરી જ રહી જવા પામી હતી જે એમના મૃત્યુ બાદ સફળ કરવામાં આવી હતી.

" પ્રગતિનાં પાદ્ચિન્હો
અથવા
અનુભવના ઑડકાર" ૧૯૩૩

"પ્રગતિ" પત્રના તંત્રી શ્રી પરશુભાઇ શર્માએ સને ૧૯૨૭ માં વા.મો.શાહને પોતાનું આત્મવૃત્તાંત લખવા વિનંતી કરી હતી તેથી તેમના "પ્રગતિ" પત્રમાં આ પુસ્તકનું લખાણ પ્રગટ થયું હતું. "નગ્નસત્ય" ની માફક જ આ પુસ્તકમાં સરળતાથી તત્ત્વજ્ઞાન સમજાવવાનો એમણે પુરુષાર્થ કર્યો છે એટલે અંશે "નગ્નસત્ય" ની પૂરવણી તરીકે આ પુસ્તકને ગણીએ તો ઉચિત જ છે. એમાં એમના આત્મકથનની એક પણ વાત આવતી નથી. આત્મકથન લખ્યું છે એમ કહી જીવનની ફિલસૂફી જ એમાં એમણે ભરી છે. શ્રી પરશુભાઇએ તો એમને જણાવ્યું હતું કે - "શું તમે જીવનચરિત્ર મોકલ્યું છે ? મજાક તો નથી કરતા ? જીવન-ચરિત્ર લખવાને બહાને જીવનચરિત્રો લખનારાઓને કે જીવનનાટક ભજવનારાઓને માટે એકાદું શાસ્ત્ર તો નથી લખતા ?

કોઇને અન્નની ભૂખ હોય તેવે વખતે ઉપવાસના ધર્મની વાતોથી એને ધરાવવા મથનારને દુનિયામાં કૃપણ કહેવાય છે, એ તો તમારી જાણ બહાર નહિ જ હોય................."[35] આ પ્રશ્નોનો વાડીલાલે આપેલો પ્રત્યુત્તર પણ અહીં નોંધવો જ રહયો, કે –

" તમે જ્યારે મને જીવનવૃત્ત લખવાનું કહેવા દ્વારા મારા જીવનની આવશ્યકતા કે જેને ભૂલવા હું પ્રયત્ન કરી રહયો હતો તેનું પુનઃ સ્મરણ કરાવી ભયંકર ત્રાસ પ્રગટાવ્યો ત્યારે, આમાં વેદાન્તજ્ઞાનને મારી મદદે બોલાવીને મારા નામ સાથે એકરાર કરી મારામાં "બેદરકારી" અથવા "મસ્તી" પ્રગટાવવા મેં કોશિશ કરી; એને તમે "મજાક" કહો છો, હું એને મારી "જરૂરિયાત" કહું છું – બીમાર વાડીલાલની "દવા" કહું છું; તુકારામ વગેરે એને "બ્રાહ્મીનો પ્યાલો કહેતા."[36]

આમ જીવનવૃત્તાંત લખવાના થયેલા આગ્રહના જવાબમાં વાડીલાલે તત્ત્વજ્ઞાનને સૂત્રરૂપે, સરળતાથી આસ્વાદ્ય બને એવા સ્વરૂપે આપવાનો જ પ્રયત્ન કર્યો હતો. આ જ પુસ્તકને "અનુભવના ઓડકાર" એવું શીર્ષક વાડીલાલે આપ્યું છે જેમાંથી આખા પુસ્તકમાં શું કહેવાયું છે તે ભાવ પ્રદર્શિત થાય છે. પોતાનો આશય સ્પષ્ટ કરતા એમણે નોંધ્યું છે કે –

" " પ્રગતિનાં પાદ્ચિન્હો" અથવા "અનુભવના ઓડકાર" એ લેખમાળા લખવામાં મારો આશય જનતાને ઉપદેશ આપવાનો હતો જ

---

35. "પ્રગતિનાં પાદ્ચિન્હો" : પૃ. ૩૨
36. એજન પૃ. ૩૩

નહિ પણ જનતાને પ્રગતિ આપવાનો દાવો કરતા પત્રકારો, ઉપદેશકો ઇત્યાદિ સમક્ષ કેટલાક સૂત્રો જાહેર કરવાનો હતો — જેમ "પાલિટિકલ ગીતા" એ માત્ર હિંદના વૈદ્ય અને કડિયા બનેલા એક મહાપુરુષની નિગાહમાં કેટલાંક સૂત્રો લાવવાના આશયથી લખાઇ હતી. ગીતાથી તે મહાપુરુષને Shock લાગ્યો એમ તેમણે જણાવ્યું હતું. અને "પ્રગતિના પાદચિન્હો"ની ભાષા ગ્રામ્ય હોવાનું કેટલાક સાહિત્યકારોને લાગ્યું હતું. ....................કઠણ ખોરાકનો સ્વાદ બોખા મોંથી ન લઇ શકાય અને પીડા જ થાય. "ઓડકાર" શબ્દને બદલે "ઉદ્ગાર" શબ્દ ન વાપરવા માટે નિર્દોષ ગ્રામ્યતાને દોષિત મનાય તે પહેલાં એ બે શબ્દો જે ભાવ દર્શાવે છે તે ભાવને સ્પર્શવા જોઇએ છે. ઓડકાર એ કાંઇ માત્ર ઉદ્ગાર નથી, પણ તૃપ્તિ નો ઉદ્ગાર છે, ઉદ્ગાર જેના કારણમાં તૃપ્તિ અથવા ભરપૂરતા છે તેને જ ઓડકાર નામ અપાય છે. વિષયનો ભાવ જે શબ્દો બોલાવે તે ઉદ્ગાર હોય, પણ ઓડકાર નહિ. ક્ષુધા અને નિર્બલતા પણ ઉદ્ગાર કાઢે પણ તેમનાથી "ઓડકાર" ન નીકળે. ઓડકાર તે સ્થિતિમાં જ નીકળી શકે કે જે સ્થિતિમાં કશી ક્ષુધા ન હોય. ઓડકાર ભલે સંસ્કૃત "ઉદ્ગાર" માંથી જન્મ્યો પણ જન્મદાતા કરતાં ઉન્નત થયેલો છે."[37]

આવા ઉચ્ચ ઉદ્દેશથી લખાયેલા આ પુસ્તકમાં હળવા વાંચનના શોખીન વાચકો ભાગ્યે જ મજા માણી શકે, કારણકે અમુક ચોક્કસ પ્રકારની પૂર્વભૂમિકા ધરાવતા માનસવાળા વાચકોને જ આકર્ષી શકે

---

૩૭. અંજન : પ્રસ્તાવના : પૃ.૩૮ – ૩૯

એવો સંભાર એમાં સંભર્યો છે. વાડીલાલને જે કહેવું છે તે સંક્ષેપમાં સચોટતાથી કહેવાની એમની રીત અનોખી છે. દા.ત.

" બહારવટિયો, રાજા, સાધુ અને વેશ્યા : સમાજ સામે એ ચાર બળવાખોર છે. એમને કોઇ "ઉલટાવી" શકે, પગને સ્થાને મસ્તક અને મસ્તકને સ્થાને પગ એ રીતે ફેરવી શકે તો તેઓ ગતિના રાજ્યમાંથી પ્રગતિના રાજ્યમાં આવી શકે છે. એટલું જ નહિ પણ અસાધારણ ત્વરાથી પ્રગતિની સીધી ઉભી લીટીના છેલ્લા બિંદુએ પહોંચી શકે છે, પણ જો તેઓ ખરા "બળવાખોર" હોય તો જ. કારણકે ચારેની પ્રકૃતિમાં પોતા તરફની વફાદારી અને જગતનો અસ્વીકાર હોય છે."[38]

આમ દૃષ્ટાંતો અને દલીલો સાથે વ્યવસ્થિતરીતે સમજાવાયેલું જીવનનું ગૂઢ રહસ્ય વધુ ચોટદાર બન્યું છે. પ્રેરિતગતિ, ગતિ અને પ્રગતિના સિધ્ધાંતનું પોતાની વિશિષ્ટરીતે વાડીલાલે આ પુસ્તકમાં પ્રતિપાદન કર્યું છે. એમના કથન અનુસાર તાત્વિક દૃષ્ટિએ લખાયેલી આ આત્મકથા સાધારણ વાચકોને પસંદ ન પડે એ બનવા જોગ છે.

## : <u>પ્રાયશ્ચિત્ત</u> : <u>૧૯૨૦</u>[39]

કવિવર ન્હાનાલાલની અપદ્યાગદ્ય શૈલીમાં લખાયેલી તેજદાર શબ્દોની ભરમારવાળી આ નાનકડી પુસ્તિકા છે. સ્વ.શ્રી હાજી મહમદ અલારખીયાના આગ્રહથી આ કાવ્ય પુસ્તકરૂપે પ્રગટ કરવામાં આવ્યું હતું. ગુનો હોય તો જ પ્રાયશ્ચિત હોય એવો વાડીલાલનો

---

૩૮. અંજન : પૃ. ૨૭

૩૯. "વીસમી સદી" : સને ૧૯૨૦ : એપ્રિલના અંકમાં પ્રગટ થયું હતું ત્યારબાદ "જૈ. હિ." ૧૯૨૦ ના સપ્ટેમ્બરમાં પુનર્મુદ્રિત થયું હતું. : પૃ. ૨૦૦-૨૦૬

સ્પષ્ટ મત આમાં રજૂ થયો છે. ગુના વિશે મસ્તોની માન્યતા અને સંસારીઓના ખ્યાલ વચ્ચે કેટલું અંતર છે તે આ પુસ્તિકામાં સમજાવવામાં આવ્યું છે. એમણે લખ્યું છે -

"ગુનો" હોય, ગુનાની "સ્થિરકલમ" હોય, "બુધ્ધિ" હોય,
ત્રણ પાયા હોય તો જ હોઇ શકે પ્રાયશ્ચિત
છે સ્થિર કોઇ પણ કલમ-કાનૂન-ભાવના જગતમાં ?
કલમ શબ્દ લખનારી કલમ ખુદ પણ ક્ષણે ક્ષણે ચળે છે !

.....................................

બુધ્ધિ ક્યાં છે - જો ક્યાય પણ હોય તો ?
તાલથી છાતી કૂટવામાં ? પ્રાસથી કવિતા ગાવામાં ?
સ્વતંત્ર શારર્દાને બેડી નાખવામાં ?
કુદરતની ચાલને "નીતિ" ઓની સાંકળ જડવામાં ?
બુધ્ધિ ?- ના ખુદાની ખાતર બુધ્ધિનું નામ લ્યોના.
બુધ્ધિની હયાતી નૈયાયિકોની "સુંદર બનાવટ" છે !
મુઠ્ઠીભર મજ્જાતંતુઓની વરાળ છે !
કૃત્યને દોરનારી નહિ, કૃત્યને "અર્થ આપનારી"
હસમુખી ગણિકા છે ![40]

વાડીલાલે "બુધ્ધિ" ને હસમુખી ગણિકા સાથે સરખાવી છે. ગણિકાને જ્યારે દામની જરૂર હોય ત્યારે કદરૂપા લાગતા ધનાઢ્ય સીંધીભાઇને હસીને ભેટે છે અને કહે છે : "ખાવિંદ ! તું મરદોમાં શ્રેષ્ઠ છે !" અહીં ગણિકાની બુધ્ધિ નહિ પણ એની જરૂરિયાત બોલે છે પરંતુ સીંધીભાઇ એને હસીને પ્રત્યુત્તર આપતાં કહે છે "માશુક, ધન્ય છે,

---

૪૦. "પ્રાયશ્ચિત" : પૃ. ૨૦૦

કદર કરનારી તારી બુધ્ધિને" અહીં કયાં છે બુધ્ધિ ? બુધ્ધિની તો ફકત કલ્પના જ કરવાની. એ તો શૂન્ય છે, સ્વપ્ન છે એ કોઇ ચીજ નથી. અહીં બુધ્ધિને બિરદાવતા નીતિકારો, નૈયાયિકો અને ઉપદેશકોની ઝાટકણી કાઢી છે. સ્વતંત્રમિજાજી વાડીલાલે સરકારને પણ છોડી નથી એમણે લખ્યું છે કે –

"તમામ સરકારોને જોઇ : વ્યવસ્થિત લૂંટો છે !
તમામ મિત્રતાને જોઇ : વેરાનની અપ્સરા છે,
જેનો પિતા સહેલાઇથી લૂંટી શકે છે તેણીના પ્યાર દ્વારા.
નેતૃત્વ જોયું : ત્યાગને બહાને માલિકી છે.
અને વધુમાં વધુ ભલી કહેવાતી વ્યકિતઓ : તેય શું છે ?
ભલાઇની ખુવારી પર તેઓ શું હસતા નથી ?
"તમાશો" જોઇ આંગળી કરી ઊલટા અપમાન દેતા નથી ?
સહીસલામત છેટેથી સુફીયાણું કરી દાઝયાને ડામ દેતા નથી?

પ્લેટોને, સોક્રેટીસને, ક્રાઇસ્ટને, કયા ગુના માટે માર્યા ?
નિત્શેને કયા ગુના ખાતર દીવાનાશાળામાં ધકેલ્યો ?
સીતાને રામ જેવાએ કયા ગુના ખાતર આગમાં ઉતારી ?
કલાપિને શામાટે અલ્પાયુ: રડવામાં જ વિતાડવું પડયું ?
કહો હવે કે ગુનો એ કોઇ "ચીજ" નથી ભૂત છે !
તમારી અણઘડ "લાગણી"ઓનો ધખારો માત્ર !
સરળ–ભોળા–ભકિતમાન જીવોને ડરાવવાનો "હાઉ" !
ને ક્રૂર રાક્ષસોનો રસ્તો સાફ કરનાર હળ ![૪૧]

---

૪૧. અંજન : પૃ. ૨૦૨–૨૦૩

આ અવતરણનું પ્રથમ વાક્ય "તમામ સરકારોને જોઇ : વ્યવસ્થિત લૂંટો છે ! " વાડીલાલની નીડરતાનો સબળ પુરાવો છે. ભારતની અંગ્રેજ નોકરશાહી આ પુસ્તિકા વાંચી નારાજ થઇ રાજ્યદ્રોહના ગુના હેઠળ વાડીલાલને કદાચ પકડે એવી હાજી મહમદને દહેશત જાગી તેથી "વીસમી સદી" માં એને પ્રસિદ્ધ કરતાં પહેલાં વાડીલાલને પૂછાવ્યું એના પ્રત્યુત્તરમાં વાડીલાલે કહ્યું – "મારા લખાણમાં એક અલ્પવિરામ સુધ્ધાંનો ફેરફાર કરનાર મારા આત્માનો ખુની બને છે તેથી મારું કાવ્ય પરત કરજો."[42] ——ત્યારબાદ હાજી મહમદે એક પણ શબ્દના ફેરફાર વગર એ કાવ્ય છપાવ્યું. એમની દહેશત ખોટી પડી વાડીલાલ પર કોઇપણ પ્રકારનું તહોમત આવ્યું નહોતું. આ કાવ્ય એમના અનુભવની વાણી છે તેથી જ્યાં જ્યાં એમના સત્યનો વિરોધ થયો, એમની હાંસી થઇ, ઉવેખના થઇ, દગો થયો, તે સર્વ માટેની હૈયાવરાળ આ પુસ્તિકામાં એમણે ઠાલવી છે –

"સરકારો જોઇ, સંસ્થાઓ જોઇ, મિત્રો ને
સ્નેહીઓ જોયા, નાયકો ને નેતાઓ જોયા :
જ્યાં જ્યાં ગયો, પુષ્પ ધરતાં કરકમળ કપાયાં !
વંદન કરતાં મસ્તક ગુમાવ્યાં !"[43]

સર્વ તરફથી થયેલા પોતાના અનાદરને એમણે અહીં મૂર્તસ્વરૂપ આપ્યું છે. પ્લેટો, સૉક્રેટીસ, ક્રાઇસ્ટ, નિત્શે, સીતા, કલાપિ, વગેરેનાં દૃષ્ટાંત આપી પોતાની વાતને સમર્થન આપવાનો વાડીલાલનો હેતુ છે એમની તર્કબુધ્ધ થયેલી દલીલ વાચકનું આકર્ષણ સ્થાન બને છે અને એ વાણીના વેગમાં વાચક વિના પ્રયત્ને ઘસડાઇ જાય છે. અત્યંત

---

૪૨. શ્રી ત્રિભુવન હેમાણી સાથેના વાર્તાલાપમાંથી
૪૩. "પ્રાયશ્ચિત" : પૃ. ૨૦૨

આવેશમાં આવીને ઉદ્બોધનાત્મક શૈલીમાં લખાયેલા નીચેના વાક્યો વાડીલાલનું સાચું વ્યક્તિત્વ છતું કરે છે. એના વિશે ટીકાટિપ્પણી કર્યા વિના વાડીલાલને જ બોલવા દઈએ –

"હું પૂછું છું તમને બુધ્ધિ ને નીતિના દેવોને
કહો કયાં છે હવે પ્રાયશ્ચિત્તનું અસ્તિત્વ ?
અને હજી યે હા કહો તે પહેલા વિચાર કરજો બે વાર !
પ્રાયશ્ચિત્ત એવી ચીજ ખરેખર જ હોય તો કહો:
ભલાઈઓનું શું લેવું પ્રાયશ્ચિત્ત મારે ?
અને ભલાના ખૂન કરાવનાર શિક્ષણોનું તમારે ?"[૪૪]

પ્રાયશ્ચિત્ત કોને કરવાનું છે ? કોણ ગુનેગાર છે ? ગુનેગારને નક્કી કરનાર ગુનેગાર નથી ? સમાજના એ સૌથી મોટા ગુનેગારો કેમ પ્રાયશ્ચિત્ત કરવાનું વિચારતા નથી ? વાડીલાલનો સમાજને આ મુખ્ય પ્રશ્ન છે. આ કાવ્યમાં પ્રશ્નોની તો એમણે ઝડી જ વરસાવી છે પ્રશ્નો પૂછી વાચક પાસે જ જવાબ કઢાવવાની વાડીલાલની શૈલી અહીં ખાસ ધ્યાન ખેંચે છે. "આર્યધર્મ" ના એમના પુસ્તકમાં પણ બે પાન સુધી સતત પ્રશ્નોની ઝડીઓ ગદ્યમાં એમણે વરસાવી છે. ત્યાં પણ વા.મો.શાહની ઉગ્રતા આસ્વાદ્ય લાગે છે એમાં કયાંય કિલષ્ટતાના દર્શન થતાં નથી. પોતાની સત્ય હકીકતને ભારપૂર્વક સમજાવવાની એમની રીત વાચકના મનને ચસકવા દેતી નથી. આ કાવ્યના અંતે તો સંહારક શંકરને આમંત્રણ આપી વાડીલાલે સર્વનાશને નોતર્યો છે. એમણે કહયું કે હવે બ્રહ્મા અને વિષ્ણુનું સર્જન અને સંરક્ષણનું કાર્ય પૂરું

---

૪૪. એજન : પૃ. ૨૦૪

થયું છે, એ "નિર્દોષતાના મહેશ્વરો"ની હવે દુનિયામાં જરાય જરૂર નથી, ભગવાન શંકર પાસે એમણે એક જ પ્રાયશ્ચિત્ત માગ્યું છે કે–

" ઓ ત્રણે લોચનવાલા ! ખુલવા દે ત્રીજું ય લોચન હવે !
સમાવી લે આ માયાજાળને એ લાલચોળ લોચનમાં !
ધણું યે બ્રહ્માના ને વિષ્ણુના ઉત્સંગમાં !
ધરાયા – વમન થાય એટલા ધરાયા તે લાડપાડથી !
તારો ખોળો એ એક જ શાળા બાકી છે.
દ્વારક ખોલ : ઠોઠ નિશાળિયાને અંદર લે !
સધળા ભારતીઓને તારી અગ્નિથી ખાખ કર !
ને એ ખાખમાં તારી ગરમીનો શ્વાસ મૂકી
ફરી જન્માવ આગિયા આર્યો !"[૪૫]

ભગવાન શંકરનું ત્રીજું લોચન ખુલે અને આખી દુનિયા ભસ્મીભૂત થઇ જાય પછી જ ફરીથી સર્જન થવું જોઇએ. ચારે તરફ અન્યાય, અંધેર, અરાજકતા, અસત્ય, અપ્રામાણિકતા, અંધશ્રધ્ધા, દગાફટકા, અસહ્ય પ્રમાણમાં દૃશ્યમાન થતા હોઇ સંહારક શિવના ત્રીજા લોચન સિવાય હવે આપણો ઉધ્ધાર નથી માટે સર્વનાશ જ એક શ્રેષ્ઠ પ્રાયશ્ચિત્ત છે. લેખકના અંતરમાં જલી રહેલા જવાળામુખીમાંથી અંતે લાવારસ નીકળે છે જે વિનાશ સિવાય બીજી કોઇ ચીજને સર્જતો નથી. વાડીલાલના આ વિચારોનો પડધો સને ૧૯૩૫ માં ઝવેરચંદ મેધાણીએ "વૈશાખી દાવાનલ આવો" કાવ્યમાં પાડયો છે. એમણે પણ સર્વનાશને નોતર્યો છે.

---

૪૫. અંજન : પૃ. ૨૦૫

" નિર્જલ દુષ્કાળ, મહારોગ, મહામારી;
નરનારી બાળકોની જુજવી બીમારી:
જગવો ! ઘર ઘર કરો કૃતાંતની પથારી.
નિર્બલને જીવવા ન દાવો દિલદાર !
રિધ્ધિવંતોના ગીત ગાઓ, દિલદાર !
જગને જનભીડથી બચાવો, દિલદાર !
થોડાં બડભાગીને વસાવો, દિલદાર ![46]

વાડીલાલે એમના કાવ્યના અંતે કેવા પ્રકારનું નવસર્જન થવું જોઇએ તે સૂચવ્યું છે –

"વિષ્ણુની ભૂલ સુધારવાનું કામ તારું છે !
સાઠવર્ષના બાળકોને બદલે બાર વર્ષના અભિમન્યુ પ્રગટાવ !
દયાજનક ઉપદેશકોને સ્થાને દ્રોણાચાર્યો જન્માવ !
મુડદાની ભૂમિને વીરભૂમિ કે સ્વર્ગ બનાવ !
બ્રહ્મા, વિષ્ણુથી થયેલી ભૂલ હવે, શંકર તું સુધાર"

વાડીલાલનો વિચારતંતુ અને કલ્પનાશકિત તો અહીં પરાકાષ્ટાએ પહોંચે છે. એમને દુનિયા પર સ્વર્ગ ઉતારવું છે. બાળીકવૃત્તિ દાખવતી સાઠ વર્ષની વ્યકિતઓ કરતાં બહાદુર, નીડર, સ્વમાની એવા બાર વર્ષના અભિમન્યુ જન્માવવા તેઓ આગ્રહ કરે છે. દુનિયામાં વસતા મૂછાળા બાળકોનું દૃશ્ય જ એમને અસહ્ય થઇ પડયું છે. વાડીલાલ તો વીરભૂમિ ને સ્વર્ગ કહે છે. એમની સ્વર્ગની કલ્પના પણ અનોખી છે.

---

૪૬. શ્રી ઝવેરચંદ મેઘાણી કૃત" "યુગવંદના" ; :૧૯૫૫ ;
આવૃત્તિ પાંચમી : ; પૃ. ૭૭–૭૯

"આગિયા આર્યો" ને જન્માવી દુનિયાને સ્વર્ગ બનાવનાર આગિયા વાડીલાલની આગ વરસાવતી વાણીમાં રચાયેલું પ્રસ્તુત કાવ્ય વાચકનું લોહી ગરમ કરવાને શક્તિમાન છે. જનતાને જાગૃત કરવાના હેતુસર એમના અનુભવોની એરણ પર ટીપાઇ ટીપાઇને ઉગ્રતા ધારણ કરેલા એમના માનસે અંતે નિરાશા ને વ્યગ્રતા જ અનુભવી હતી તે આપણે આગળનાં પ્રકરણોમાં જોયું. પરંતુ સખેદ નોંધવું ઘટે કે એમની વાણીની અસહ્ય ઉગ્રતાથી જનતામાં જાગૃતિ આવવાને બદલે એમના દુશ્મનોના સૈન્યમાં જ ઉમેરો થતો ગયો હતો. વાડીલાલનાં ઘણાખરાં લખાણો વાંચ્યા બાદ એવા નિર્ણય પર આવવું ઘટે કે વાડીલાલ થોડાં વર્ષ મોડા જન્મ્યા હોત તો કદાચ સમાજ એમના વિચારોને પચાવવા શક્તિમાન બન્યો હોત.

## : અસહકાર : ૧૯૨૧ [૪૭]

"રાષ્ટ્રવાદ" ઉપર પોતાની અનોખી તેમજ પૃથક્કરણાત્મક દૃષ્ટિએ કંઇ પ્રકાશ ફેંકવાની પ્રેરણા વા.મો.શાહને થઇ ત્યારે માનસશાસ્ત્રની દૃષ્ટિએ રાજકીયચિકિત્સા કરનારો "અસહકાર" શીર્ષકવાળો ફક્ત સત્તાવન પૃષ્ઠનો લઘુગ્રંથ વિનામૂલ્યે પ્રચારાર્થે પ્રસિદ્ધ કરાવી પોતીકા વિચારોને જનસમાજ સમક્ષ રજૂ કરવાનો પુરુષાર્થ એમણે સેવ્યો હતો. કોઇપણ પ્રસંગને તટસ્થતાથી અવલોકવાની વાડીલાલને ટેવ હતી. એમણે નોંધ્યું છે -

---

૪૭. ~~સને ૧૯૧૬~~ માં : "જૈ. હિ." ~~માં પ્રસિદ્ધ થયેલું આ પુસ્તક ૧૯૨૧ માં ગ્રંથાકારે પ્રગટ થયું હતું.~~
('હિન્દુસ્તાન પ્રજામિત્ર'ના ૧૯૨૦ના દીપોત્સવી અંકમાં પ્રથમ પ્રગટ થયું હતું.

" અંગ્રેજોના હાથે હિંદના ધન-ધાન્ય, શરીરબળ તેમજ સ્વમાન અને ચૈતન્ય લૂંટાય છે અને જાલીઆનવાળા બાગ જેવા ત્રાસ થાય છે, એ "હકીકત" પર ઢાંકપીછોડો કરવો એ જેમ "સત્ય" નથી તેમજ, લેખક માને છે કે, એમ કરવામાં અંગ્રેજો કાંઇ "ગેરવાજબી" કે "પાપી" કામ કરે છે એમ કહેવું એ પણ સત્ય નથી. અંગ્રેજોની કઇ વૃત્તિ અને કઇ જરૂરિયાત એ કામ કરાવે છે તે શોધી કાઢવું અને જુલમ ખમનારની કઇ વૃત્તિ અને કઇ જરૂરિયાત તે જુલમોને ખેંચી આણે છે તે વિચારવું, તથા સ્વરક્ષાનો નૈસર્ગિક હક્ક કેવી રીતે - કોઇની પણ આજ્ઞા મેળવવાની દરકાર વગર - અદા કરવો એ નક્કી કરવું, એમાં જ ખરું "સત્ય" રહેલું છે."[૪૮]

હિંદીઓનાં કૃત્યો પ્રશંસનીય છે અને અંગ્રેજોનાં કૃત્યો હમેશાં વખોડવા લાયક છે એમ વા.મો.શાહ કહેતા નથી. ઉપરાંત અંગ્રેજોને, અત્યાચારો અને પાશવી કૃત્યો આચરવાની ફરજ પાડનાર હિંદી પ્રજાનાં વલણ, વર્તન અને દુષ્કૃત્યોનું એમણે ધીરજથી અવલોકન કર્યું છે બંને પક્ષનો વિચાર કરી નિર્ણય જાહેર કરવાની શકિત એમના મનના સમતોલનનો ખ્યાલ આપે છે આ દૃષ્ટિએ "અસહકાર" ને મૂલવતાં દરેક દરેક પરિચ્છેદ, એમનું આગવું વ્યકિતત્વ છતું કરે છે. આ પુસ્તક અંગે સમાજમાં ગેરસમજ ન ફેલાય માટે સ્પષ્ટતા કરતાં એમણે સમજાવ્યું છે કે - " વાચકે આ પુસ્તકમાંનું છૂટું છવાયું વાકય પકડી લઇ લેખકનો આશય કલ્પવાની ઉતાવળ કરવી નહિ. પુસ્તકનું દરેક વાકય બીજા દરેક વાકય સાથે સંબંધ ધરાવે છે;

---

૪૮. " અસહકાર" : પૃ. ૧

છૂટું દેખાતું વાક્ય પણ આખા પુસ્તક દ્વારા આલેખવા ધારેલી "ભાવના" (concept) અથવા "વાદ" (system) નું એક અંગ છે કે જે અંગ શરીરથી છૂટું પાડતાં નિર્જીવ બને છે. મારો ખરો આશય સમજવા માટે પાઠકગણે આ સૂચના લક્ષમાં રાખવી જોઇએ."[49]

વાડીલાલે કરેલી સ્પષ્ટતા યોગ્ય છે કારણ ગમે ત્યાં વાક્ય મૂકવાથી કે ગમે ત્યાંથી કાઢી લેવાથી અર્થનો અનર્થ થવા સંભવ છે એટલે કે વાડીલાલ જે કહેવા માગે છે તે કરતાં જુદો જ અર્થ નીકળે અને લેખકને સમજવામાં અન્યાય થાય. આ પુસ્તકની વિશે-ષતા એ છે કે એમાં નંબર આપીને લેખકે પોતાના વિચારો રજૂ કર્યા છે જેથી એક પરિચ્છેદ ને બીજા પરિચ્છેદની મદદ વગર સમજી શકાય છે પરંતુ તે પરિચ્છેદ આખો સળંગ વંચાયવો ઘટે. એમાંથી એકાદ વાક્ય કે શબ્દ તોડીને જુદું ન લઇ શકાય. જેમ "નગ્નસત્ય" અને "પ્રગતિનાં પાદચિન્હો"માં એક સળંગ માળાના મણકારૂપે વાડીલાલના અલગ અલગ વિચારો રજૂ થયા હતા તેમ "અસહકાર"માં પણ પાણીદાર મણકા દ્વારા જ એમના વિચારો મૂર્તસ્વરૂપ પામ્યા છે. દા.ત. "માનસ શાસ્ત્રની દૃષ્ટિએ રાજતંત્ર" સમજાવતા વિભાગમાં ચાલીસ મણકા છે અને "અંગ્રેજ સરકાર અને હિંદી અસહકાર" ને સ્પષ્ટ બનાવતી તેર વિસ્તૃત વિચારકણિકાઓ છે. ત્યારબાદ "સહકાર"વાદીઓ, ગાંધીજી અને પ્રજાગણને નમ્રસૂચનાઓ આપી છે છેવટે એમની એ પુસ્તિ-કાના વિચારોનો જ પડઘો પાડતી સુંદર રમૂજી કથા પણ આપી છે.

---

૪૯. એજન : પૃ. ૩

એ કથા રૂપકાત્મક છે એમાં કલ્પેલી "રયણાદેવી" તે રાત્રિની દેવી, જડવાદ જ્યાં સર્વોપરિ છે એવા પ્રદેશની રાણી, "પૂર્વ દિશાનો ઓરડો" તે આત્મવાદ જ્યાં સર્વોપરિ છે તેવા આર્યાવર્તનો પ્રદેશ જે ફક્ત મુડદાંથી ભરેલો છે એમ કલ્પના કરી છે. એક સુંદર યુવાન, તે આબાદ "સંસ્થાન" અને ત્રણ ભાઇઓને બચાવવાની હામ ભીડનાર વિદ્યાધર તે "લાગણી (emotion) તેમજ બુદ્ધિ (intellectuality) થી પર એવા "શક્તિ"ના ક્ષેત્રમાં વિચરતો આધ્યાત્મિક વીર.

ખૂબ જ સંક્ષેપમાં આ વાતના રૂપકને સ્પષ્ટ કરતાં કહેવું જોઇએકે ત્રણ ભાઇઓ કમાવા જાય છે, વહાણ તૂટી જવાથી મુશ્કેલીથી નિર્જન ટાપુપર આવે છે જ્યાં રયણાદેવીનો પ્રદેશ છે. ત્રણે ભાઇઓ એનાથી આકર્ષાઇને ત્યાં મોજમજા, અમનચમન કરે છે, રયણાદેવી એમને પૂર્વદિશાનો ઓરડો ઉઘાડવાની ના કહે છે, જિજ્ઞાસાવૃત્તિને નહિ દાબી શકવાથી ત્રણે ઓરડો ઉઘાડે છે અને ત્યાં અનેક સુંદર યુવાનોના મૃતદેહો ભાળે છે. પોતાની પણ આવી જ દશા થશે એમ માની ભયભીત બનેલા ત્રણે ભાઇઓને બચાવવા વિદ્યાધર આવે છે. એની પાંખ ઉપર બેસીને ભાગવાનો પ્રયત્ન કરતા ભાઇઓની પાછળ રયણાદેવી પડે છે, તેમને લલચાવે છે, ફસાવે છે. વિદ્યાધરે એમને પાછળ જોવાની મનાઇ કરવા છતાં બે ભાઇઓ રયણાદેવીની મીઠી વાતમાં ફસાય છે અને સમુદ્રમાં પડી ડૂબી જાય છે જ્યારે નિશ્ચય બળવાળો એક ભાઇ સ્વગૃહમાં પહોંચે છે, મુક્તિને વરે છે, સ્વરાજ્ય પામે છે. જડવાદમાં ફસાયેલી વ્યક્તિ કદી મુક્તિ પામી શકતી નથી અને જડવાદના સામ્રાજ્યમાં આબાદ "સંસ્થાનો" પણ મૃતપ્રાય

બની જાય છે જ્યારે કોઇક જ વીરલો જે બુધ્ધિ અને લાગણીથી પર હોય તે સ્વરાજ્ય પામે છે.

આવી બીજી બે રૂપકાત્મક વાતો લેખકે ખૂબ સુંદર રીતે રજૂ કરી છે.

"અસહકાર" પુસ્તકને સમજાવવા તો કયું અવતરણ આપવું એ જ મૂંઝવણનો પ્રશ્ન થઇ પડે છે કારણ દરેક પરિચ્છેદમાં કંઇક નવું જ અર્થઘટન લેખકે કર્યું છે. એક નાનું અવતરણ તપાસીએ કે -
" અસહકાર કે સહકાર, યુધ્ધ કે સુલેહ : પ્રત્યેક માર્ગમાં ફાયદા તેમજ ગેરફાયદા બતાવી શકાય. પરંતુ પ્રવૃત્તિની જરૂર વખતે ફાયદા-ગેરફાયદાની ચર્ચામાં વખત અને શક્તિ ગુમાવનાર પ્રજા જેવી આત્મઘાતી પ્રજા બીજી કોઇ ન હોઇ શકે. એક "મહાત્મા" એ એક માર્ગ નિર્ણિત કર્યા પછી સમસ્ત પ્રજાએ લશ્કરી ડીસીપ્લીનથી તેનું અનુસરણ કરવું જ જોઇએ. બુધ્ધિવાદના પૂતળાં ટીકા કરતાં જ રહેવાનાં, પણ દોરાયલી લીટી કરતાં મોટી લીટી દોરી બતાવવાની શક્તિ તેઓમાં હોઇ શકે જ નહિ."[૫૦]

થોડામાં ઘણું કહેવાની વાડીલાલની કળા વિશે ભાગ્યે જ બેમત હોઇ શકે. લાઘવ તો એમનાં દરેકે દરેક પુસ્તકનો પ્રાણ છે એમ કહીએ તો અતિશયોક્તિ નહિ ગણાય.

---

૫૦. અંજન : પૃ. ૧૦

: મધુમક્ષિકા : ૧૮૯૮

આગળનાં પ્રકરણોમાં વારંવાર ઉલ્લેખ પામેલી વાડીલાલની આ પ્રથમ કૃતિ એમની ફક્ત સોળ વર્ષની ઉંમરે લખાઇ હતી. પત્રોના સ્વાંગમાં એમના વિચારો એમાં દર્શાવાયા છે. કટાક્ષભરેલી ઉપહાસ-યુક્ત ભાષામાં લખાયેલો પ્રથમ પત્ર નોંધનીય છે. લેખકે પોતાના સ્વપ્નની વાત રજૂ કરી છે. હિમાલય પર્વત ઉપર ઠરી ગયેલા બરફ વચ્ચે ગ્રંથકારોનો મેળો ભરાયો છે. એમાં નાનીવાર્તાઓ, કિસ્સાઓ, ઉખાણાં, નવલકથાઓ વગેરે અસંખ્ય પ્રકારના માલનાં ગાડેગાડાં ભરીને લાવનારની સંખ્યા આપણા દેશના ઘર જેટલી થઇ ગઇ છે. એ બધું જોઇને વાડીલાલ પણ એક નાનકડી ધક્કાગાડીમાં પોતાનું "મધુમક્ષિકા" લઇને ઠાલવવા ગયા ત્યારે ત્યાં એકઠા થયેલો બરફ કડડડ કરીને ભાંગ્યો અને એ અકસ્માતે, સઘળો માલ અને તેના માલિકોને ધરણીમાતા-ના ખોળામાં સુવાડી દઇ ઉપર સફેદ ચાદર ઓઢાડી દીધી. આ સ્વપ્નનું આલેખન કરતાં ગમ્મતમિશ્રિત બોધ અને ટીકા આપવાનો એમનો ઉદ્દેશ છે.

આ ઉપરાંત બીજા પત્રોમાં ગુજરાતી સમાજની રીતરસમો, કુદરતની ખૂબીઓ, યુવાનોનો પ્યાર, તેનો હેતુ – હદ ને પરિણામ, પરિણીત અને કુંવારી સ્થિતિ, સંસારીજીવન અને ત્યાગીજીવન, શુદ્ધ વ્યવહાર અને ધર્મનો સંબંધ ઇત્યાદિ વિષયોની છણાવટ કરવામાં આવી છે. સામાન્યરીતે એવો અભિપ્રાય આપી શકાય કે વીસ પત્રોને સમાવિષ્ટ કરેલા આ પુસ્તકમાં દરેક પત્રને સ્વતંત્ર રીતે તપાસતાં

એ ખૂબ રમૂજી અને સુંદર છે પરંતુ એક પત્રને બીજા પત્ર સાથે ખાસ કંઇ સંબંધ નથી. ફકત નામોના ઉલ્લેખ સિવાય બધા જ પત્રોનું અલગ અસ્તિત્વ છે તેથી આ પુસ્તક પત્રોના સંગ્રહ જેવું લાગે છે. એમાંના બધા પત્રો વચ્ચે સળંગસૂત્રતા નથી પરંતુ પરિપકવતા જરૂર છે અને વાચકની જિજ્ઞાસાવૃત્તિને સંતોષવાની અદ્ભુત શકિત છે.

## સંસારમાં સુખ કયાં છે. ? ૧૯૦૯

સંસારના સુખ માટે અનેક પ્રકારનાં ફાંફાં મારનાર માણસો માટે સુખ અને દુઃખની સાચી સમજણ અને સુખ મેળવવાનાં સરળ રસ્તાઓ વાડીલાલે અસરકારકરીતે બતાવ્યા છે. વાડીલાલનું માનસ ઘણુંખરું તટસ્થતાથી વિચારતું દેખાય છે. એમણે કહયું છે – " દુઃખ છે જ નહિ એમ કહેવું અગર દુઃખ સામે આંખો બંધ કરવી એ પૂરતું નથી; દુઃખને સમજવું જોઇએ. દુઃખ દૂર કરવા પરમાત્માને પ્રાર્થના કરવી તે પૂરતું નથી. તે દુઃખ શાથી આવ્યું અને તે તમને શા પાઠ શીખવે છે એ તમારે શોધી કાઢવું જોઇએ.......................દુઃખને બરાબર સમજવામાં આવે છે ત્યારે તે એક હ્રદયવગરની શકિત કે તત્વ છે એમ જણાશે નહિ, પણ માણસના અનુભવનું ક્ષણિક રૂપ જણાશે, દુઃખ એ કંઇ તમારી બહારનો દૃશ્ય પદાર્થ નથી; એ તો તમારા પોતાના અંતઃકરણમાંનો અનુભવ છે." [૫૧]

આ પુસ્તકનો હિંદી અનુવાદ પણ એમણે પ્રસિધ્ધ કર્યો હતો.

---

૫૧. "સંસારમાં સુખ કયાં છે ? " : પૃ. ૩

<u>માયાની છાયામાં</u> [૧૯૩૫]

વાડીલાલે આ પુસ્તકનું બીજું શીર્ષક આપ્યું છે. 'Under the spel of Cosmic will', વેદમાં "નારદ", ડચ લોકોમાં "રીપ-વાન-વી-કલ" અને જૈનોમાં "કયવન્નો શાહ" એ ત્રણની વાતોનો સમાવેશ આ પુસ્તકમાં કર્યો છે. માયા તે શું ? ઉપર્યુક્ત વ્યક્તિઓને માયાના દર્શન કેવી રીતે થયા તેનું ચિત્રાત્મક વર્ણન આપવાનો વાડીલાલે પ્રયત્ન કર્યો છે. પ્રથમ પ્રકરણમાં નારદની વાત કરતાં કટાક્ષ ગર્ભિત હાસ્ય વેરતા એમણે નોંધ્યું છે કે - "જેટલા વેગથી ધનનો અર્થી કારસ્તાન તરફ દોડે છે, જેટલા ઉત્સાહથી કીર્તિનો અર્થી પ્રપંચ તરફ દોડે છે, જેટલી ત્વરાથી સત્તાનો લોલુપી સિદ્ધાંતનુ લીલામ કરવા દોડે છે, એટલા જ વેગથી, ઉત્સાહથી, ત્વરાથી નારદ દોડે છે "પાણી" માટે."[પર] આ ચાર જ વાક્યોમાં વા.મો. શાહની યોગ્ય શબ્દોની યથોચ્ય સ્થળે થયેલી પસંદગી અને સરખામણી ધ્યાન ખેંચે છે.

નારદ અને રિપ-વાન-વી-કલની વાત ટૂંકાણમાં રજૂ કરી કયવન્ના શાહની માનીતી જૈનકથાને ખૂબ જ વિસ્તારથી આલેખી છે. સંઘદાસગણિ વાચક વિરચિત "વસુદેવ-હિંડી" માં ધમ્મિલ્લની વાર્તા આવે છે તેની સાથે આ વાર્તા સંપૂર્ણ સામ્ય ધરાવે છે ફક્ત નામોમાં ફેરફાર છે.

---

પર. "માયાની છાયામાં" : પૃ. ૧૯

<u>સતી દમયંતી</u> <u>૧૯૦૨</u>

પાઠયપુસ્તક તરીકે આ પુસ્તકનો ઉપયોગ થાય એ દૃષ્ટિબિંદુને ધ્યાનમાં રાખીને વાડીલાલે રચના કરી છે. બહુજન સમાજમાં અપરિચિત નહિ એવી નળદમયંતીની વાર્તામાં યોગ્ય લાગે ત્યાં વાડીલાલે ફેરફાર કર્યા છે અને કેટલાક પ્રસંગો નવા ઉમેર્યા છે. નળ અને ઋતુપર્ણ રાજા વચ્ચેનો સંવાદ એમની કલ્પનાની નિપજ છે. લેખક માને છે કે નળરાજા ભલે બાહુક બન્યો પણ એમનું મન બાહુક નહોતું, એમનું લોહી તો રાજવંશી હતું તેથી નોકર તરીકે કામ કરતો હોવા છતાં બાહુકના વેશમાં નળ ઋતુપર્ણને નમતું આપતો નથી. જેમ રજપૂત બચ્ચો ભૂખે મરી જાય પણ હાથ તો ન જ લંબાવે, એનું સ્વમાન કદી ન ગુમાવે તેમ રાજા પણ ગમે તે વેશમાં કે દેશમાં હોય તે કદી સ્વમાનહાનિ ન સહન કરે. વાડીલાલે પોતાના જેવા જ ઉદાત્ત વિચારો એમના પાત્રોમાં પ્રરુપ્યા છે ભલે તે શાસ્ત્રો કરતાં જુદા હોય. પોતાના સિધ્ધાંતો પળાવવાનો આગ્રહ તે પાત્રોમાં પણ રાખતા એનું સુંદર દૃષ્ટાંત એમની "મૃત્યુના મ્હોંમાં"[૫૩] નવલકથા છે જેનો ઉલ્લેખ આગળના પ્રકરણમાં વિસ્તૃતરીતે આપ્યો હોવાથી અહીં પુનરુક્તિ ટાળવી ઉચિત ગણાશે મનું છું.

"સતી દમયંતી"ના પુસ્તકમાં કરેલો બીજો ફેરફાર તે દમયંતીએ પારધીને આપેલા શાપ બાબતનો છે. સતી સ્ત્રી કદી શાપ આપે જ નહિ, એના સતીત્વનું રક્ષણ તો આપોઆપ થયા જ કરે છે એમ સાબિત કરવા પારધીના મોતની રીત પણ જુદી રીતે આલેખી છે.

---

૫૩. પ્રસ્તુત મહાનિબંધ : પૃ. ૧૨૧-૧૩૫

## : ધાર્મિક પુસ્તકો :

## : પર્યુષણ પર્વ :

અથવા

## પવિત્રજીવનનો પરિચય 1919

1914 ના "જૈનહિતેચ્છુ" માં પ્રસિધ્ધ થયેલો આ વિસ્તાર-ભર્યો લેખ સને 1919 માં પુસ્તકાકારે ગણદેવીવાળા એક ખોજાગૃહસ્થ શ્રી નઝરઅલી હસનભાઇ મુખીએ વિનામૂલ્ય પ્રચારાર્થે પ્રગટ કરાવ્યો હતો. આ લેખમાંથી મળી આવતી ચાવીઓ વડે આધ્યાત્મિક જીવન એમને સરળ થતું જણાયું. જનાબ નઝરઅલીએ નોંધ્યું છે કે - "આ લેખમાંના શરૂઆતના જ વાકયમાં જણાવેલું દ્દષ્ટિબિંદુ મારી જરૂરિયાતને બંધબેસતું લાગ્યું. અને તે પછીનું વાકય તે આખા લેખને અભ્યાસ-પૂર્વક વાંચવા પ્રેરનાર થઇ પડયું."[54]

આ પુસ્તકમાં પર્યુષણનો સાચો અર્થ અને આશય, પર્યુષણનું પર્વ ઊજવવા શા માટે અમુક માસ કે અમુક તિથિ જ પસંદ કરી હશે તેનાં સંભવિત કારણોની સ્પષ્ટ, સચોટ છણાવટ, "પર્યુષણ એ તો સમસ્ત જીવન કેવી રીતે ગુજારવું જોઇએ તેની વાનગી અથવા પરિચય તરીકે યોજાયેલું પર્વ છે" એવા સિધ્ધાંતનું પ્રતિપાદન, પવિત્ર જીવન અને ઊર્ધ્વગતિનો સંબંધ, પવિત્ર જીવનના પાયારૂપ દાન, શીલ, તપ અને ભાવનાનું સ્પષ્ટીકરણ, દાનનું રહસ્ય, શીલ અથવા બારવ્રતનું વ્યવહારૂ સ્વરૂપ તેમજ તેની મર્યાદા, જીવનને ઉચ્ચ, ઉપયોગી, તનદુરસ્ત અને શકિતવાન બનાવનારી બાર દવાઓ તરીકે બારવ્રતનું

---

54. "વા.મો.શાહનો ધર્મસંદેશ" : પૃ. 172

અનોખું અર્થઘટન, વૈદકશાસ્ત્ર અને સાયન્સના આધારે "તપ"ની તપાસ, તપની વિધિ, સામાયિક – પ્રતિક્રમણ – પોષધ – ધ્યાન–કાઉસગ્ગ [કાયોત્સર્ગ] અને પ્રાર્થનાની ફિલસૂફી, અભ્યંતર તપની ખૂબીઓ અને ભાવનાઓનું સ્વરૂપ વગેરેનું રહસ્ય તદ્દન વ્યવહારુ, દરરોજના જીવનમાં બળ તેમજ શાંતિ આપે એવી રીતે ખૂબજ સરળતાથી વાડીલાલે બતાવ્યું છે.

ઈંદોરવાળા શ્રી બુધમલજી પાટણીનો આ પુસ્તક અંગેનો અભિપ્રાય ટાંકવો અહીં અનિવાર્ય છે. એમણે જણાવ્યું છે કે – " આપનો પવિત્ર જીવનવાળો લેખ હૃદયગ્રાહી અને માર્ગોપદેશક છે. દરેકે દરેક શબ્દ મનન કરવા જેવો છે. અમે એને જીવનઆદર્શ કહીશું. આત્માર્થી જનો માટે "હિતેચ્છુ" ખરેખરો મિત્ર છે એટલે "પવિત્રજીવન" વાળા લેખનું ભાષાંતર આખા હિંદમાં ફેલાવશો તો મોટો ઉપકાર થશે, અતૂટ પુણ્ય થશે, આધ્યાત્મિક જ્યોતિ પ્રગટશે, અંધશ્રદ્ધા અને રુઢિઓની બેડીઓ તૂટશે. જૈનધર્મ સાર્વજનિક ધર્મ શામાટે મનાય છે અને સંસારને એ ધર્મથી હિત કેવી રીતે થઇ શકે તે જાણવું હોય તેણે "જૈનહિતેચ્છુ" ની આ વાટિકામાં અવશ્ય હવા ખાવી જોઇએ. જે સરળતા, જે પટુતા, મધુરતા, સભ્યતા, નિઃસ્વાર્થતા, ધાર્મિકતા અને સ્વતંત્રતાથી સજ્જિત થઇને આવા ઉત્તમોત્તમ લેખ બહાર પડે છે તેની પ્રશંસા શબ્દોથી થઇ શકે એમ નથી. હું એનો અક્ષરે અક્ષર લક્ષપૂર્વક અને પ્રેમપૂર્વક વાંચું છું તેથી મને ઘણો લાભ થયો છે અને આત્માને શાંતિ થઇ છે જેઓ તેની કદર નથી કરી શકતા તેઓ પોતાની ઉન્નતિનો માર્ગ નથી જાણતા."[૫૫]

---

૫૫. તા. ૨૦–૩–૧૯૧૫ ના પત્રમાંથી; "વા. મો. શાહની તત્ત્વકથાઓ" : પૃ. ૨૦–૨૧

પ્રસ્તુત લેખને ફરી સંપાદિત કરીને શ્રી ત્રિભુવન હેમાણીએ સને ૧૯૬૦ માં "વા. મો. શાહનો ધર્મસંદેશ" માં પ્રસિધ્ધ કર્યો છે.

## ઐ તિ હા સિ ક   નોં ધ   ૧૯૦૯

વાડીલાલે પંજાબ વગેરે જુદા જુદા પ્રાંતોમાં કરેલી મુસાફરીને પરિણામે સ્થાનકવાસી જૈન સંપ્રદાયનો તે સમય સુધીનો સંશોધનપૂર્વકનો ઇતિહાસ આ પુસ્તકમાં રજૂ કર્યો છે. અમદાવાદમાં થઇ ગયેલા સ્થા. જૈન સંપ્રદાયના સ્થાપક અને ગુજરાતના માર્ટીન લ્યૂથર સમા લોંકાશાહનું વિસ્તૃત જીવનચરિત્ર આપવા ઉપરાંત બીજા મહાપુરુષોએ કેવો કેવો ભાગ ભજવ્યો હતો તેનો ઇતિહાસ તટસ્થરીતે આમાં આપ્યો છે. કવિશ્રી ન્હાનાલાલે આ લોંકાશાહને સુયોગ્યરીતે બિરદાવ્યા હતા તે અહીં નોંધવું ઘટે.

વા. મો. શાહે એમના "જૈનહિતેચ્છુ" પત્રમાં પ્રસિધ્ધ થયેલા કેટલાય લેખો અને વાર્તાઓ પુસ્તિકાઓ રૂપે છપાવી હતી, એમાંથી મોટાભાગની તો વિનામૂલ્ય પ્રચારાર્થે છપાવી હતી. જેમાં "હિતશિક્ષા" [૧૯૦૪] ; "બારવ્રત" [૧૯૦૫] ; "ધર્મતત્ત્વ સંગ્રહ" [૧૯૦૬] ; "જીવદયાના હિમાયતીઓને અપીલ" [૧૯૦૭]; " શ્રી મહાવીર" [૧૯૦૮] ; "ધર્મસિંહ બાવની" [૧૯૧૧] ; "મહાવીર મિશન" [૧૯૧૩] ; "દીક્ષા કોને આપી શકાય" [૧૯૧૩]; "તીર્થોના ઝગડા મટાડવા માટે અપીલ [૧૯૧૭]; " તમામ

હિંદુ કોમોને ચેતવણી" [૧૯૨૭] ; " ઉદેપુરનો હત્યાકાંડ" [૧૯૨૭] ; વગેરે ઉલ્લેખનીય છે વાડીલાલે પોતાની પ્રતિભાયુકત, ઓજસભરી શૈલીમાં ઉપર્યુકત પુસ્તકોમાં નવીન અર્થઘટન આપ્યું છે. આ ઉપરાંત જૈનધર્મનાં શાસ્ત્રોમાં તથા કેટલાક સ્તોત્રોનાં આગવાં અવલોકનો એમણે કરી બતાવ્યાં છે. દા.ત. "સમ્યકૃત્વ અથવા ધર્મનો દરવાજો" [૧૯૦૩] ; "ભકતામર સ્તોત્ર" [૧૯૦૯] ; "કલ્યાણમંદિર સ્તોત્ર" [૧૯૧૦] ; "ઉત્તરાધ્યયનસૂત્ર" [૧૯૧૨] ; "દશવિકાલિકસૂત્ર" [૧૯૧૨] ; "ઋષિદત્તા આખ્યાયિકા" [૧૯૦૪] ; અને "નેમીરાજ" [૧૯૦૬] ; જેવી કેટલીક શાસ્ત્રોકત વાર્તાઓને રસીલી ભાષામાં ગ્રંથસ્થ કરવાનો વા.મો.શાહનો વિચાર પણ તે જમાનામાં આવકારદાયક બન્યો હતો. "જૈનસમાચાર" સાપ્તાહિકમાં પ્રગટ થયેલા કેટલાક અગત્યના લેખોને "જૈનસમાચાર ગદ્યાવલિ" શીર્ષકથી ૧૯૧૨ – ૧૯૧૩ માં દસ ભાગમાં પ્રસિધ્ધ કર્યા હતા.

વા.મો.શાહનાં પુસ્તકોનો અભ્યાસ રજૂ કરી નિબંધકાર તરીકે એમને મૂલવ્યા બાદ એમનાં સમગ્ર લખાણોનાં ગદ્ય અને શૈલીનું વિહંગાવલોકન કરવું યોગ્ય ધાર્યું છે.

શ્રી ત્રિભુવન વી.હેમાણીએ વા.મો.શાહનાં કેટલાક લખાણોનું પૃથક્કરણ કરી ૧૯૬૦–૬૧ માં પાંચ પુસ્તકોમાં પ્રસિધ્ધ કર્યાં છે જે નીચે પ્રમાણે છે:

૧. વા.મો.શાહની તત્ત્વકથાઓ :૨: વા.મો.શાહનો જીવનસંદેશ
૩. વા.મો.શાહનો ધર્મસંદેશ :૪: વા.મો.શાહનો સંસારસુધારો
૫. વા.મો.શાહનું રાજકારણ.

## નિબંધકાર વાડીલાલ

ગુજરાતી સાહિત્યમાં નિબંધનું ક્ષેત્ર વિશેષ પ્રમાણમાં ખેડાયું છે. નિબંધ શબ્દનો વિચાર કરતાં અનેક વિષયો ચક્ષુ સમક્ષ ખડા થઇ જાય છે તેથી "નિબંધ" એટલે શું ? એ પ્રશ્નનો ઉત્તર આપવાનું કામ મુશ્કેલ બને છે આ આત્મનેપદી કલાપ્રકારમાં વિશ્વની વાત કરતાં કરતાં લેખક પોતાની જ વાત જાણે અજાણે કરતો હોય છે. એની રીતિનીતિઓ, સ્વભાવ વિલક્ષણતાઓ અને વિચિત્રતાઓનો પડઘો એમાં પડયા સિવાય રહેતો નથી. દરેક નિબંધલેખકને પોતપોતાની સ્વતંત્ર વિશિષ્ટ શૈલી હોય છે જેના બળ વડે એના વક્તવ્ય અને વ્યક્તિત્વને ઉપસાવતાં કોઇ રોકી શકતું નથી. અંગ્રેજીમાં જેને 'Personal Essay' કહેવામાં આવે છે એવી વ્યક્તિત્વના સંસ્પર્શવાળી રચનાને ગુજરાતી સાહિત્યમાં "લલિત નિબંધ" કહેવામાં આવે છે. નિબંધ માટેનો કોઇ વિષય નિશ્ચિત નથી. નિબંધકાર પોતાની સામગ્રી જીવનમાંથી અને જીવનને વીંટળાયેલા વિશ્વમાંથી લે છે અને પોતાની આગવી પધ્ધતિથી એ કલાકૃતિ કંડારી કાઢે છે. બીજું અમુક જ પૃષ્ઠસંખ્યામાં નિબંધનું ફલક સમાવિષ્ટ થયેલું હોવું જોઇએ એવું કોઇપ્રકારનું બંધન ન હોવાથી નિબંધકાર મોકળે મને વિહાર કરી શકે છે. ઉપલકદૃષ્ટિએ જોતાં આ કલાપ્રકાર શિથિલ, આયોજનાવિનાનો ક્રમરહિત અને અનિબધ્ધ લાગે છે છતાં કુશળતાપૂર્વક કરવામાં આવેલું નિરૂપણ એ વાતને ખોટી સાબિત કરે છે. નિબંધમાં વિષયને મહત્ત્વ ઓછું છે પરંતુ એ વિષયને લેખકે પોતાના વ્યક્તિત્વનો કેવો પાસ આપ્યો છે તે વધુ અગત્યનું છે એક જ વિષય ઉપર બે નિબંધકારો પોતાની કલમ અજમાવે તો એક શ્રેષ્ઠ નિબંધ ગણાય અને એક નિષ્ફળ જાય એમ બની શકે છે, માટે નિબંધમાં જે કંઇ આવે તે સર્જકના વ્યક્તિત્વનો સ્પર્શ પામીને

જ આવે એમાં શંકાને સ્થાન નથી. સમજવામાં અનુકૂળતા રહે તે કારણે નિબંધના કેટલાક પ્રકારો નિશ્ચિત થયા છે જેવા કે – "શુધ્ધ નિબંધ" "લલિત નિબંધ", "નિબંધિકા", "હળવો નિબંધ", "ભાવાત્મક નિબંધ", "સર્જક નિબંધ", "વિવેચનાત્મક નિબંધ", "ઉદ્બોધનાત્મક નિબંધ", "સૂત્રાત્મક નિબંધ", "ચિંતનાત્મક નિબંધ" – વગેરે શ્રી જ્યંત કોઠારીએ તો "ઔપચારિક નિબંધ" અને "અનૌપચારિક નિબંધ[1] એવા પર્યાયો વાપર્યા છે. આ નિબંધસાગરમાં ડૂબકી મારવા કરતાં વા.મો.શાહે નિબંધસર્જનને કેવા આગવા સ્વતંત્ર વ્યકિતત્વથી કંડાર્યું છે એની ચર્ચા કરવી જ વધુ ઉચિત ગણાશે.

નિબંધલેખન એ વિશેષતા: પત્રકારોનું શસ્ત્ર છે. વા.મો.શાહના પુરોગામીઓ નર્મદ, નવલરામ, મણિલાલ, આચાર્ય આનંદશંકર ધ્રુવ વગેરેએ પત્રકાર તરીકેનો પાઠ ભજવતાં ભજવતાં જ નિબંધસર્જનમાં પોતાનો અમૂલ્ય ફાળો નોંધાવ્યો છે. એમનું એ વિશિષ્ટ પ્રદાન પત્રકારિત્વને આભારી છે અને ગુજરાતીગદ્યનું પોષકબળ સામયિક–પત્રો અને માસિકો છે માટે જ નિબંધના આટલા વિવિધ વિષયો ખેડાયા છે એમ કહીએ તો એમાં અતિશયોકિત નથી. વાડીલાલે પણ સ્વેચ્છાએ સ્વીકારેલ પત્રકાર તરીકેનું જીવન વ્યતીત કરતાં કરતાં સાહિત્યના અનેક પ્રકારો ખેડયા છે અને નિબંધના ક્ષેત્રમાં સફળતાપૂર્વક કલમ ચલાવી છે ગુજરાતી સાહિત્ય–ના ભૂલાઇ ગયેલા નિબંધકારોમાંના એ એક છે જેમના નિબંધોના ઉલ્લેખ વિના ગુજરાતી નિબંધ સાહિત્યનો ઇતિહાસ અધૂરો ગણી શકાય.[2]

---

૧. જ્યંત કોઠારી "નિબંધ અને ગુજરાતી નિબંધ" : ૧૯૭૬ : પ્રથમ આવૃત્તિ : પૃ.૮
૨. ડો. પ્રવીણ દરજી : "નિબંધ સ્વરૂપ અને વિકાસ" : પૃ.૧૭૨

પત્રકાર બન્યા પછી "પારકે પુત્રે પુત્રવંતા થવું" વાડીલાલના સ્વભાવને અનુકૂળ નહોતું. કોઇના પણ લેખ પોતાના માસિક પત્રમાં છાપવા નહિ એવો એમનો આગ્રહ હતો જેથી વાચકોને વિષયવૈવિધ્ય આપવા પોતે જ કુશળ નાટકકારની માફક બધા ખૂટતા પાઠ ભજવવાનું માથે લીધું હતું. છતાં એમના જેવી બુધ્ધિપ્રતિભા અને સુધારક માનસ ધરાવતા લેખકોના લખાણો કોઇક કોઇકવાર એમણે પ્રસિધ્ધ કર્યાં હતાં. તેમાં સ્વામી રામતીર્થનો "આબાદી અથવા ઉત્કર્ષનો ગુપ્ત મંત્ર"[3] શ્રી મણિલાલ નભુભાઇ દ્વિવેદીનો "સાધન ચતુષ્ટય" અને "બાવો બોલ્યો તે સત્ય",[4] શ્રી આનંદશંકર બાપુભાઇ ધ્રુવનો "કેળવણી કેવી અપાય છે અને કેવી અપાવી જોઇએ ?"[5] શ્રી સી.તેજપાલનો "જ્ઞાતિસુધારા સબંધી ચર્ચા"[6] અને લાલાલજપતરાયનો "અહિંસાપરમો ધર્મઃ એક "સિધ્ધાંત" કે "ઘેલછા"[7] વગેરે લેખો ઉપરાંત મુનિ નાનચંદજી જેવા કેટલાક મુનિઓના લેખો અને કાવ્યો પણ શરૂઆતના "જૈનહિતેચ્છુ" માં પ્રસિધ્ધ કર્યાં હતાં તો મણિલાલ નભુભાઇનો 'Jain Philosophy in its relation to Brahmanism' શીર્ષકવાળો લેખ જે સને ૧૮૯૧ માં લંડનમાં ભરાયેલી આઠમી ઓરિએન્ટલ કોંગ્રેસમાં વંચાયો હતો તે સદ્ગતના ભાઇ માધવલાલ દ્વિવેદી પાસેથી પ્રયત્નપૂર્વક મેળવીને વાડીલાલે પ્રગટ કર્યો હતો.

---

3. "જૈ. હિ." : ૧૯૧૧ : એપ્રિલ-મે : પૃ. ૩૦-૬૪
4. એજન : ઓકટોબર : પૃ. ૬ -૧૪
5. એજન : ૧૯૧૩ : સપ્ટેમ્બર-ઓકટોબર : પૃ. ૪૭૮-૪૮૯
6. એજન : ૧૯૧૫ : જૂન : પૃ. ૧૦૩-૧૧૫
7. એજન : ૧૯૧૬ : પૃ. ૧૬૮-૧૮૭
8. એજન : ૧૯૦૪ : જાન્યુઆરી : પૃ. ૮૯-૧૦૮

Smt. Hansa Mehta Library 451 The M.S. University of Baroda

અંગ્રેજી શિક્ષણ પામેલા આપણા સાહિત્યકારોએ ગુજરાતી ગદ્યના ઘડતર વખતે બોલાતી ગુજરાતી ભાષા અને અંગ્રેજી ભાષાની ભેળસેળ કરી હતી. પ્રથમ અંગ્રેજીમાં વિચાર્યા બાદ તેનું ગુજરાતી કરવાની રીત તે સમયે સામાન્ય હતી. વા.મો.શાહ આ બાબતમાં બીજા સાહિત્યકારોથી ભિન્ન નહોતા. અંગ્રેજીસાહિત્યના વાચન બાદ શરૂઆતમાં વાડીલાલે એડીસનની પધ્ધતિથી સને ૧૮૯૪ માં સૌથી પ્રથમ પુસ્તક "મધુમક્ષિકા" લખ્યું હતું અને પાછળથી તો નિત્શે, શોપનહોૅર, મેક્ષ-સ્ટર્નર, ઇમર્સન વગેરેના વાચનના રંગે રંગાયેલા હોવાથી એમનાં લખાણોમાં આ તત્ત્વજ્ઞોની અસર સંપૂર્ણપણે વર્તાતી હતી. પત્રકારજીવનનાં શરૂઆતનાં વર્ષોમાં હળવા તેમજ કટાક્ષમય નિબંધો એમણે લખ્યા હતા તો વાચન અને અનુભવને કારણે વિચારો પરિપકવ બન્યા બાદ પ્રગાઢ ચિંતનને વ્યકત કરતા અનેકવિધ ચિંતનાત્મક નિબંધો લખ્યા હતા. એ ચિંતનાત્મક નિબંધો ચિંતનભારથી દબાઇને શુષ્ક ન બની જાય માટે વાર્તાઓ, કથાનકો અને દૃષ્ટાંતોનો સજાગપણે એમણે યથાયોગ્ય ઉપયોગ કર્યો હતો એમ વાચકને પ્રતીત થયા સિવાય રહેતું નથી. વિષયવૈવિધ્ય, વિચારવૈવિધ્ય અને ખુમારીભરી દલીલબધ્ધ નિરુપણપધ્ધતિને કારણે એમનાં લખાણોમાં ક્યાંય શુષ્કતા અને નિરસતા વર્તાતી નથી એ એમની શૈલીની વિશિષ્ટતા છે. સમાજ, ધર્મ, રાજકારણ, દેશ, સ્વતંત્રતા, યુધ્ધ, વ્યાપાર, સ્વાસ્થ્ય જેવા અનેક વિષયો ઉપર સૂત્રાત્મક શૈલીમાં અથવા જરૂર લાગી ત્યાં તીખી તમતમતી ઉગ્ર શૈલીમાં, અને ચિંતનસભર નિબંધોમાં,-શાંત, ગંભીર, પ્રવાહી શૈલીમાં એમણે વિષયનું આલેખન કર્યું છે. "નિબંધ" શબ્દનો ઉપયોગ એમનું સમગ્ર સાહિત્ય અવલોકતાં એમણે ક્યાંય કર્યો હોય એમ લાગતું નથી છતાં એમના વિચારોનું વહન નિબંધના સાહિત્યપ્રકાર-દ્વારા જ થયું છે એમાં બેમત ન હોઇ શકે.

વા. મો. શાહના નિબંધો તપાસતાં મુખ્ય બે પ્રકારના નિબંધો દૃષ્ટિગોચર થાય છે. એક તો હળવા નિબંધ અને બીજા ચિંતનાત્મક નિબંધ. ચરિત્રાત્મક નિબંધ, આત્મકથાત્મક નિબંધ, ઉદ્બોધનાત્મક નિબંધ, સર્જક નિબંધ અને વિવેચનાત્મક નિબંધ ઉપર પણ એમણે સફળતાથી કલમ ચલાવી છે પરંતુ વિષયપસંદગી, વિચારસૌષ્ઠવ અને નિરુપણપધ્ધતિ જોતાં તો એમના ચિંતનાત્મક નિબંધો પ્રથમ સ્થાને આવે એમ લાગે છે. વિવેચનાત્મક નિબંધો નો અભ્યાસ "વિવેચક વાડીલાલ" ના પ્રકરણમાં રજૂ કરવો ઉચિત ધાર્યો છે.

## : હળવા નિબંધો :

"આપણે કેવા થવું જોઇએ ? અથવા ખરી સ્વતંત્રતાનાં સાધન" [જૈ. હિ. : ૧૯૦૨ : જાન્યુઆરી પૃ. ૧૫૮-૧૬૪ અને ફેબ્રુઆરી : પૃ. ૧૭૦-૧૭૫ ] માં ખરા સુખની આશા પાછળ છુપાયેલાં સ્વરક્ષણ, સ્વસુખ અને સ્વઆનંદની સવિસ્તર ચર્ચા કરવામાં આવી છે એમાં ઉચ્ચજીવન જીવવાની કેટલીક કળા સમજાવી સ્વઆનંદ શેમાં રહેલો છે તે વર્ણવતાં સ્ત્રીઓની મહત્તા ગાતાં કહ્યું છે કે – "સ્ત્રી વિષયવૃત્તિ તૃપ્ત કરવાનો સંચો નથી પણ શક્તિમાનનું ઘરેણું છે, – જ્ઞાન, શક્તિ અને શાંતિને શોષનાર ડાકણ નથી પણ સત્કાર્યો કરતાં કરતાં કંટાળનાર પુરુષને હિંમત, આશા, દિલાસો અને આનંદ આપી બમણી શક્તિથી પાછો સત્કાર્ય ઉપર મોકલી આપનાર દેવદૂત છે. ટૂંકમાં સ્ત્રી પુરુષની સહાયક ( complement ) છે. આ વિનાનો સ્ત્રીનો જે કંઇ હેતુ સમજવો તે તેટલે દરજ્જે માણસને માણસાઇમાંથી દૂર કરી પશુપણામાં

લાવનાર છે અને આ લોક તથા પરલોકના સુખને બાળનાર અગ્નિ સમાન છે."[૯] આ પ્રમાણે ભારપૂર્વક કહેવા પાછળનો લેખકનો એક જ આશય હોવો જોઇએ કે એમના સમયનો સમાજ ખૂબ જ પછાત હતો અને સ્ત્રીઓને તિરસ્કારની દૃષ્ટિએ જ જોતો હતો. લેખક પોતે પણ શરૂઆતમાં સ્ત્રી તરફ તિરસ્કાર જ બતાવતા હતા એ એમની "મધુમક્ષિકા" વાંચતાં આપણને પ્રતીત થાય છે. સૂર્પણખા અને રાણી પિંગલાના ઉલ્લેખ કરી સ્ત્રીઓ ઉપર વિશ્વાસ ન રાખવા એમણે પોતેજ સૂચવ્યું હતું અને લગ્ન નહિ કરવાનો પોતાનો નિશ્ચય પણ એ કારણે જ જાહેર કર્યો હતો પરંતુ એમના એ અપકવ વિચારો છ એક વર્ષના એમના વાંચન અને અનુભવને કારણે પરિપકવ બન્યા હતા. સ્ત્રીને પુરુષની સહાયક તરીકે સ્વીકારવા તેઓ તૈયાર થયા હતા તે ઉપર્યુક્ત અવતરણથી સમજાય છે. એમનું જીવન અને સર્જન તપાસતાં એક વાત આપણે ચોક્કસપણે કહી શકીએ કે વા.મો. શાહ પરિવર્તનશીલ માનસ ધરાવતા હતા. પોતાના વિચારો ખોટા હોય તો પણ તેને વળગી રહેવાનું વલણ એમણે કદી બતાવ્યું નહોતું. જે ક્ષણે એમને લાગતું કે પોતે જે વિચારતા તે ખોટું હતું તો એ વિચારસરણીને જાહેરમાં જૂઠી સાબિત કરી નવા વિચારોને અપનાવતાં તે ક્ષોભ અનુભવતા નહોતા. "ખરી સ્વતંત્રતાનાં સાધન" માં સ્ત્રીસ્વાતંત્ર્ય માટેની એમની ભલામણ સ્પષ્ટ જણાઇ આવે છે.

સ્વતંત્રતાના જ વિષયને પુષ્ટિ આપતો બીજો નિબંધ છે "સ્વતંત્રતા અને શ્રીમંતાઇ" [અપ્રગટ નિબંધ][૧૦]. શ્રીમંત વ્યક્તિ સ્વતંત્ર જ હોય એવું હંમેશ બનતું નથી પરંતુ તેઓ એવી ખુમારી ધરાવતા હોય છે

---

૯. "જૈ. હિ." : ૧૯૦૨ : ફેબ્રુઆરી : પૃ. ૧૭૪
૧૦. શ્રી ત્રિભુવન હેમાણીએ સને ૧૯૬૫ માં "ઉર્મિ નવરચના" માં : પૃ. ૫૫૭–૫૬૧ : પ્રસિધ્ધ કરાવ્યો છે.

કે પોતે સંપૂર્ણ સ્વતંત્ર છે. આ વિચાર રજૂ કરતું વાડીલાલનું અવતરણ નીચે પ્રમાણે છે –

" આમ જ્યાં "મોટાઇ" બહારના પદાર્થોથી માપવાનો સ્વભાવ હોય છે, જ્યાં ધન, પાંડિત્ય, કીર્તિ, રાજ્યસત્તા, રૂપ, નીતિ આદિ સ્થૂલ કે સૂક્ષ્મ પરંતુ બાહ્ય પદાર્થો પર અવલંબેલી મોટાઇ હોય છે, ત્યાં અવશ્ય "પરતંત્રતા" છે – તેથી જ ત્યાં તેટલે દરજ્જે "અશક્તિ" છે અને એથી જ અશક્તિનું સંતાન "ઇર્ષા" પણ ત્યાં છે જ. અને તેથી જ દુનિયાને મોટામાં મોટો ભય ગુલામો, ગુલામનાયકો તરફનો જ હોઇ શકે. ખરેખર "સ્વતંત્ર" એવો પુરુષ પોતાનું અદ્વિતીયપણું પોતાને જ ફળ્યું હોય અને તે છતાં તે જાહેર થઇ જતું પણ જેનાથી સહન ન થતું હોય, એટલું જ નહિ પણ પોતાના અઅદ્વિતીયપણા ઉપર જ એક વધુ ને વધુ બુરખો નાખવાની જ પ્રકૃતિવાળો હોય. અને તે પણ શરમાળપણાના કે નમ્રતાના કહેવાતા સદ્‌ગુણથી પ્રેરાઇને નહિ પણ પોતાના ગુપ્ત આનંદની રક્ષાની આવશ્યકતાને લીધે જ એવો પુરુષ તો, એવો મસ્તાનો મોટામાં મોટો જુલમગાર હોવા છતાં તે જ વખતે દુનિયાનો મોટામાં મોટો મિત્ર છે; લોકોની ગંધથી બચતો રહેવાની પ્રકૃતિવાળો દેખાવા છતાં લોકોના કેન્દ્ર સમાન, લોકોની શક્તિના મૂળ સમાન વર્તે છે; મોટામાં મોટા અભિમાનમાં જ એનું નિરભિમાન રહેલું હોય છે; ભયંકરમાં ભયંકર એવા એના ક્રોધમાં કે સંહારોમાં જ એને લોક પ્રત્યેનો નિરપેક્ષ પ્રેમ ખેલી રહ્યો હોય છે, અને જેની સાથે કે જેની સામે તેનું ખેલવું ચાલે છે તેવા દરેક મનુષ્યને અને ભાવને ખેલવાના પ્રસંગ દ્વારા શક્તિની જ પ્રાપ્તિ થાય છે."[૧૧]

---

૧૧. અંજન : પૃ. ૫૫૮

સ્વતંત્ર વ્યક્તિ પોતે સ્વતંત્ર છે એમ કહી જાહેરાત કરતો નથી અને એમ કહેવાની જરૂર પણ ઊભી થતી નથી, એનું વર્તન જ એ પ્રકારનું ખુમારીવાળું હોય છે કે બીજાઓને એ સ્વતંત્ર છે એમ લાગે છે. બાદશાહ અકબર અને ફકીરની દૃષ્ટાંતકથા દ્વારા લેખકે પોતાના કથનને સમર્થન આપ્યું છે.

સ્વતંત્રતા ને કેન્દ્રસ્થાને રાખીને વાડીલાલે તત્ત્વકથાના સ્વાગમાં "<u>સશક્તની સ્વતંત્રતા</u>" [૧૨] ના શીર્ષકવાળો સુંદર નિબંધ લખ્યો છે આ લેખને નિબંધ કહેવો કે તત્ત્વકથા એ એક પ્રશ્ન થઇ પડે તેમ છે. આ લેખના પ્રથમ ત્રણ પૃષ્ઠ નિબંધ છે અને એ જ વિચારોને વિસ્તૃતરીતે સમજાવવા બાકીના દસ પાનમાં ધનપાલ નામના એક યુવાન વણઝારાનું કથાત્મક દૃષ્ટાંત આપ્યું છે. સશક્તને જ સ્વતંત્ર રહેવાનો અધિકાર છે, નિર્બળને આપવામાં આવેલી સ્વતંત્રતા કદી કાયમ રહેતી નથી એ સમજાવતાં એમણે કહ્યું છે કે –

" અશક્તોનો, સ્વતંત્રતા માટેનો પોકાર એ માત્ર <u>નિર્બળતાનો</u> <u>પુરાવો</u> છે અને <u>આત્મઘાતી બળવો</u> છે. સઘળી ઝંખના – સઘળી ભૂખ – સઘળી તૃષા "ખોટ"નો અશક્તિનો પુરાવો છે અને નબળાઇમાં થતી ક્રિયા કદાપિ "ખુશ્બોદાર" હોતી નથી.....................
સશક્ત સ્વતંત્રતાની બૂમ મારતો જ <u>નથી</u>, તે જાતે જ સ્વતંત્રતા છે ! હું સ્વતંત્ર છું એવું એને પોતાને ભાન પણ હોતું નથી; એના વર્તન પરથી <u>બીજાઓ</u> જોઇ શકે કે એ કોઇ સ્વતંત્ર વ્યક્તિનું વર્તન છે !

---

૧૨. "અસ્તવિલાસ" : ૧૯૨૬ પૃ. ૧૭૩–૧૮૬

સશકતને સ્વાભાવિક સ્વતંત્રતા છે, અશકતને સ્વતંત્રતાની "ભેટ" કરનાર તેનો ઘાતી બને છે. સશકતની સ્વતંત્રતા છીનવી શકનાર ત્રણ લોકમાં ત્રણકાળમાં કોઇ પાકતો નથી. "ઉપાધિ" છીનવે, પણ સ્વતંત્રતા તો નહિ જ અને અશકતને ઉગ્રમાં ઉગ્ર "તપ" કરાવ્યા સિવાય ભયંકરમાં ભયંકર "કિંમત" ભરાવ્યા સિવાય સ્વતંત્રતા કોઇ આપી શકે જ નહિ, - પછી ભલેને દાતાનો આશય ગમે એટલો શુભ હોય ! પણ "કિંમત" ભરવી અને "તપ" કરવો એ તો પીડાજનક છે, અને પીડા તો અશકતોને "જોઇતી" નથી - પીડાથી છૂટવા ખાતર જ તેઓ સ્વતંત્રતાને ઝંખતા હોય છે ! તેઓ બિચારા કયાંથી જાણે કે સ્વતંત્રતામાં તો પરતંત્રતા કરતાં પણ અનંતગુણી "પીડા" છે ! પીડા સહી શકે એટલું જ નહિ, પણ પીડા સ્વ્રજી શકે અને એમાં "આનંદી" શકે એ જ "સ્વતંત્ર" ! આ ખરી વાત જો લોકો જાણે તો તત્ક્ષણ સ્વતંત્રતાની તેમની પોક આપોઆપ બંધ થાય !"[13]

સ્વતંત્રતા તો સશકતને જ હોય, અશકતને તો કોઇની ને કોઇની ગુલામી ભોગવવી જ પડે. આ ગુલામી દૂર કરવાની ઇચ્છાવાળા અશકતોએ કેવું વર્તન કરવું તે વાડીલાલે "માતૃભૂમિ અને તત્ત્વજ્ઞાન"[૧૪] શીર્ષકવાળા નિબંધમાં સૂચવ્યું છે -

" જેઓ સ્વેચ્છાપૂર્વક આજ્ઞાંકિત બની શકે છે તેઓ જ આજ્ઞા કરવાને યોગ્ય બને છે ગુલામી પોતે (in itself) "બુરી" ચીજ નથી. નબળાઇથી આવેલી ગુલામી અર્થાત્ આજ્ઞાંકિતપણું એ જુદી ચીજ છે;

---

૧૩. એજન : પૃ. ૧૭૪-૧૭૫

૧૪. "જૈ. હિ." : ૧૯૧૯ : ઓકટોબર : પૃ. ૩૫-૩૯ અને વા. મો. શાહનું રાજકારણ પૃ. ૨૬૮-૨૭૨.

કોઇ દેશનું મોટામાં મોટું કમનસીબ એ સમજવું કે ત્યાં ન મળે કોઇ "આજ્ઞા" કરવાની શકિતવાળો પુરુષ કે ન મળે આજ્ઞા સ્વીકારવાની શકિતવાળા પુરુષો સમજપૂર્વક અને ઇચ્છાપૂર્વક થતી ગુલામી એ સ્વાતંત્ર્યનું પહેલું પગથિયું છે."[૧૫] અજાણતા વાગેલા કાંટાને જેમ હેતુપૂર્વક ઉગાડેલા કાંટાથી કાઢી શકાય છે તેમ સ્વેચ્છાએ સ્વીકૃતિ પામેલી ગુલામી દ્વારા અનાયાસે આવેલી અથવા ફરજિયાત લાદવામાં આવેલી ગુલામી દૂર કરી શકાય. પત્ની, પતિની "ગુલામી"- આજ્ઞાકિતપણું સ્વેચ્છાએ સ્વીકારે છે પરંતુ એ ગુલામીમાં એને આનંદ છે, એને એ ગુલામી છે એમ લાગતું નથી તેમ દેશમાં પણ કોઇ એક વ્યકિતની આજ્ઞામાં રહેવાની તૈયારી બાકીની જનતામાં હોય તો જ દેશ ઐકય જાળવી શકે અને સ્વતંત્રતાના સર્વોચ્ચ શિખરને સર કરી શકે પરંતુ એ નેતૃત્વ સંભાળનાર વ્યકિત સશકત [માનસિક રીતે સશકત] અને સ્વતંત્ર હોય તો જ એ શકય બને. વાડીલાલે અહીં ગાંધીજીના નેતૃત્વને મોઘમ રીતે બિરદાવ્યું છે.

વા.મો.શાહના નિબંધોની એક વિશિષ્ટતા એ છે કે પોતાના વિચારોના સમર્થન માટે તેને અનુરૂપ કથાનક દૃષ્ટાંત કે સુંદર વાર્તા આપવાનું તેઓ ભાગ્યે જ ચૂકે છે. મોટાભાગના એમના નિબંધોમાં રજૂ થયેલા સિધ્ધાંતો ચોટદાર સૂત્રાત્મક શૈલીમાં સમજાવાયેલા હોઇ વધુ અસરકારક અને આસ્વાદ્ય બને છે.

અંગ્રેજીમાં જેને Personal magnetism (વ્યકિતગત આકર્ષણ) તરીકે ઓળખવામાં આવે છે તેને લગતા વિચારો એમણે "જિંદગીમાં ફત્તેહની કૂંચી"[૧૬] માં સમાવ્યા છે. સ્વશકિત ઉપર ભરોસો અને મનનું

---

૧૫. એજન : પૃ. ૪૬
૧૬. "જૈ. હિ." : ૧૯૦૩ મે : પૃ. ૩૭-૪૦

સમતોલપણું જ માનવીના મનને સ્થિર રાખી શકે છે, નહિ તો બીજી વ્યક્તિ દ્વારા બોલાયેલા કુનેહભર્યા શબ્દોની જાળમાં માનવી ખૂબ જ સહેલાઈથી ફસાઈ જાય છે. સ્વશક્તિમાં ભરોસા વગરના માણસોને બીજા માણસો બનાવો અને કૃત્યો સતાવે છે એટલું જ નહિ પણ એવા માણસો પોતે પોતાને પણ દુઃખી કરે છે. નેપોલિયન બોનાપાર્ટ જેવી હિંમત અને તાકાત દરેક વ્યક્તિએ ધરાવવી જોઈએ, એ આ નિબંધનો સાર છે. સ્વશક્તિમાં ભરોસો મેળવી બીજા ઉપર દાબ બેસાડવા જેટલી શક્તિ ન હોય તો છેવટે બીજાઓ પોતાનો ગેરવ્યાજબી લાભ ન લઈ જાય એટલો બચાવ કરવા જેટલી શક્તિ મેળવવા વાડીલાલે નીચેની ચાર પંક્તિ આત્મવિશ્વાસ સાથે મનમાં બોલવા કહી છે –

" હાર્યા ઢોર સમ-વીર થઈ ચાલું, એ મુજને લાજમ છે શું ?
હું માં શક્તિ સમાયલ સર્વે, સાધન શબ્દ કદી ખૂટશે શું ?
બનવાનું જે હોય બને છો, સિંહ કદી કોથી ડરશે શું ?
તારો ચળકે મારા શિરપર, અધઘડીમાં આથમશે શું ?"

"સુખ સાધનનાં વિઘ્નો"[૧૭] શીર્ષકવાળા લઘુનિબંધમાં પારકી લપછપ, અનિયમિતતા, અનિયમિત ઊંઘ, આહાર, તુચ્છવસ્તુઓમાં આનંદ રસલુબ્ધતા અને ભોગવિલાસ, માયાપ્રપંચ, માન અને બડાઈ જેવા "મનુષ્યના ઋધ્ધિવંત રસ્તાના વાટપાડુઓથી ચેતતા રહેવા સૂચવ્યું છે. "ચર્ચા : તેની આવશ્યકતા અને તેનો થતો દુરુપયોગ"[૧૮] વર્ણવતા નિબંધમાં સત્સંગના પ્રકારો ગણાવ્યા છે જેમ મુનિરાજોના ઉપદેશનું શ્રવણ એ સત્સંગ છે અને સમર્થ વ્યક્તિઓનાં શ્રેષ્ઠ પુસ્તકોનું વાચન એ સત્સંગ છે.

---

૧૭. "જૈ. હિ.": ૧૯૦૪ : માર્ચ : પૃ. ૨૭૭–૨૭૯

૧૮. એજન : ડિસેમ્બર : પૃ. ૨૩૬–૨૪૨

તેમ અજ્ઞાનીઓના મનની મલિનતા દૂર કરે એવા વિષયોની "ચર્ચા"એ પણ સત્સંગ જ છે નરરત્નો સાથેની મુલાકાતોમાં ચર્ચા અતિઆવશ્યક છે. ચર્ચાના પક્ષકારો ચર્ચાના સ્વરૂપને ગર્તારૂપ ન બનાવતાં પરમાર્થના આદર્શને પામવાના ધ્યેયથી ધીરતાથી, શાંત ચિત્તે, વિવેકપૂર્વક, પક્ષાપક્ષીના પડળ દૂર કરીને ચર્ચા કરે તો તે શ્રેષ્ઠ સત્સંગ છે એમ વાડીલાલનો અધીન મત છે પોતાના ધર્મમાં ચાલતા ઝગડાઝગડી તરફ ધ્યાન દોરી દરેકને ચર્ચા કર્યા બાદ કોઈપણ નિર્ણય પર આવવા એમણે વિનંતી કરી છે.

વિદ્યાનું મહત્ત્વ લેખકે "વિદ્યાભ્યાસ"[19] માં સમજાવ્યું છે. 'पढमं नाणं तवो दया' (પ્રથમ જ્ઞાન, પછી દયા) એવું શ્રી વીતરાગ-વાક્ય, 'विद्याविहीन: पशु:' (વિદ્યાવગરના નર પશુ છે) એવું ભર્તૃહરિનું કથન, 'Ignorant men differ from the beasts only in their figure' (અજ્ઞાન માણસો અને પશુઓમાં માત્ર આકૃતિનો જ ફેર છે) એવું કલીન્થીસનું વાક્ય, અને 'It is better to be unborn than untaught; for ignorance is the root of all evils' (ન ભણવા કરતાં ન જન્મવું વધારે સારું છે; કારણકે અજ્ઞાન એજ સર્વ દુ:ખનું કારણ છે) એ પ્લેટોની વાણી નોંધીને વિદ્યાનું મહત્ત્વ પ્રતિપાદિત કરવાનો વાડીલાલનો હેતુ છે. આ નિબંધમાં લેખકના બહોળા વાચન અને વિશાળજ્ઞાનનો આપણને પરિચય થાય છે. હિંદના દાદા દાદાભાઈ નવરોજજી, સર ફિરોજશાહ મહેતા, પેટ્રાર્ક, ચેમ્બરલેન વગેરેને કેન્દ્રસ્થાને રાખીને વિદ્યા એજ વશીકરણ મંત્ર છે એમ

---

૧૯. "જૈ. હિ." : ૧૯૦૫ : એપ્રિલ : પૃ. ૧૨-૧૮

દર્શાવ્યું છે તો ન્યૂટન, ફૉન્ટેનેલ અને બેકન, વિદ્યાભ્યાસને કારણે જ દીર્ઘાયુષ્ય ભોગવવાને સમર્થ બન્યા હતા એમ સાબિત કર્યું છે. "જ્ઞાન માણસને માટે સુખનો એક વધુ રસ્તો ખુલ્લો કરે છે" એમ કહી સ્ત્રી કેળવણી ઉપર ભાર મૂકયો છે. 'માતા શત્રુ પિતા વૈરી યેન બાલો ન પાઠિતઃ' જે માબાપ બાળકને કેળવણી આપતાં નથી તેઓ ખરેખર તેનાં શત્રુ છે" માટે માતાઓને અભ્યાસ કરાવવો જ જોઇએ. આ વિચારની વાડીલાલે સને ૧૯૦૫માં ઘણી છણાવટ કરી હતી તે નોંધપાત્ર છે કારણકે ત્યારે આપણા દેશમાં સ્ત્રીકેળવણી નહિવત હતી.

જ્ઞાન અને વિદ્યાના એમણે બે પ્રકાર ગણાવ્યા છે :૧: લૌકિક અને :૨: લોકોત્તર, આ નિબંધના અંતમાં ભવિષ્યવાણી ભાખતાં લખ્યું છે કે- " જો આપણી ચાલુ અજ્ઞાનમય સ્થિતિ કાયમ રહેશે તો, ડર રહે છે કે, કોઇ ભવિષ્યનો ઇતિહાસકાર આપણો વિનાશલેખ મોટા અને સ્પષ્ટ કાળા અક્ષરમાં લખશે કે – "પ્રાચીન પરાક્રમી આર્યોની બુધ્ધિબારદાન પ્રજાએ સ્વાર્થપરાયણ થઇ, અજ્ઞાન અને અવિદ્યામાં ડૂબી દેશ, બળ અને આર્યત્વ ગુમાવ્યું અને આખરે મનુષ્યની ગણનામાંથી ઓછી થઇ."[20] આમ અજ્ઞાનપ્રજાનું પતન થાય છે અને કેળવણી પામેલી પ્રજા જ ઉન્નતિ કરી શકે છે.

'Timidity is Treason' - કાયરતા એ જ દગો છે[21] શીર્ષકવાળો નિબંધ બાઉન્સન્સ કર્વાર્ટર્લી' નામના જગવિખ્યાત પત્રના અધિપતિ મી.બ્રાઉન્સને અમેરિકાના લોકોને પોતાના કર્તવ્ય કર્મ માટે

---

૨૦. અંજન : પૃ.૧૮
૨૧. "જૈ.હિ." : ૧૯૦૬ : જુલાઇ : પૃ.૯૭-૧૦૬

સજાગ કરવા જે ભાષણ આપ્યું હતું તેનો અનુવાદ છે. તેમણે જ્યાં "દેશ" શબ્દ વાપર્યો હતો ત્યાં વા.મો.શાહે "સંઘ" અથવા "ધર્મ" શબ્દ મૂકી કાયરતા અને કંજુસાઇમાં ડૂબી રહેલા સ્થાનકવાસી જૈન-વર્ગને જાગૃત કરવા પ્રયત્ન કર્યો છે. આપબળ અને આત્મસંશ્રયથી જ ધર્મ અંધારામાંથી અજવાળામાં લાવી શકાય છે એ એમણે દાખલા - દલીલો સાથે સમજાવવા પ્રયત્ન કર્યો છે.

"કીર્તિદેવીના ભકતોની દશા"[22] માં કીર્તિને વરવાની આશા સેવતા આશકોને કેટલી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે તેને અરેબિયન નાઇટ્સ"માં આવતી "અનુપમ સુંદરી"ની વાર્તા સાથે સરખાવી છે. "અનુપમ સુંદરી"ને પામવા જેમ રાક્ષસો, સિંહો, ભૂતો, ખાઇઓ વગેરેનો બહાદુરીથી સામનો કરવો પડે છે તેમ કીર્તિદેવીને પામવાની આકાં--ક્ષાવાળાઓએ ખોટા કલંકો, નિંદાઓ અને નુકસાનીઓ રૂપી ખાઇઓનો સામનો કરવાનો હોય છે તિરસ્કારના તોફાન વચ્ચે ટટ્ટાર ઊભા રહી તેણે કીર્તિદેવીને રીઝવવી પડે છે. જેનો આશય ઉત્તમ છે તેણે કશાથી કંટાળવું કે ડરવું નહિ એ વાત રાણી ઇલીઝાબેથના હૃદયમાં વસેલા સાહસિક યુવાન રૈલે (Raleigh) ના દૃષ્ટાંતથી સમજાવી છે. નિરાશ થયા વિના નીડરતાથી ઉત્તમ આશય રાખી પ્રયત્નશીલ રહેનાર વ્યક્તિને કીર્તિદેવી જરૂર વરે છે એવું લેખકનું સ્પષ્ટ મંતવ્ય છે.

ગૃહસ્થને ઉત્તમ ગણવો કે ત્યાગીને ? એ પ્રશ્નનો ઉત્તર વાડીલાલે "બેમાંથી ઉત્તમ કયું ? ગૃહસ્થીપણું કે ત્યાગીપણું"[23] નિબંધમાં આપ્યો છે. જે માણસ સંપૂર્ણરીતે શુધ્ધતા ધરાવનારા ગૃહસ્થ તરીકે ગૃહસ્થાવાસ

---

૨૨. અંજન : ઓકટોબર - નવેમ્બર : પૃ. ૧૮૪-૧૮૮

૨૩. "જૈ. હિ." : ૧૯૦૭ : એપ્રિલ : પૃ. ૭-૧૪ અને મે: પૃ. ૪૦-૪૩

ચલાવી શકતો નથી તે માણસ સાધુપણા માટે બિલકુલ લાયક નથી એટલું જ નહિ પણ એવો માણસ માત્ર ઢોંગી ( hypocrite ) અને સાધુપણાનો દ્વેષી છે. દરેક ચીજ ક્રમે ક્રમે જ મેળવી શકાય છે કુદરતના કાનૂનની વિરુધ્ધ થઇ વર્તન કરનાર કોઇપણ વ્યક્તિ ત્વરાથી સિધ્ધિ મેળવી શકતી નથી. આ નિબંધમાં વાડીલાલનું વલણ ટીકાત્મક છે પરંતુ બહુ જ સાહજિકતાથી એ પુણ્યપ્રકોપી સત્યવાકયો ઉચ્ચારાતાં હોવાથી એમાં કટુતા વર્તાતી નથી. દા.ત–

"સ્ત્રી તજવા છતાં કેટલાક ધર્મના સાધુઓ સ્ત્રીઓ સામે લળી લળીને નજર કરે છે, ઉપદેશ વખતે સ્ત્રીને ભાવતું બોલે છે, આહાર લેતી વખતે સ્ત્રીથી વાતનો પ્રસંગ શોધે છે, સ્ત્રીને ભણાવવાની ઉત્સુકતા બતાવે છે અને એકાંતમાં પાઠ પણ આપે છે : ભલે પછી શરીરથી તેઓ શુધ્ધ રહી શકતા હોય [જો કે માત્ર પ્રસંગની દુર્લભતા જ શારીરિક શુધ્ધતા જાળવી રાખતી હશે] તો પણ મન તો શિયળ વેચી આવ્યું છે ! સાધુ-પણાનો વીંટો કરી અરબી સમુદ્રમાં નાંખી આવ્યું છે ! સ્વપત્નીને છોડી તે માત્ર પૂર્વભવનું વેર વાળવા માટે જ, એમ તે સાબિત કરે છે."[૨૪] કંચન અને કામિનીથી દૂર રહેવું એ સિધ્ધાંત તરીકે ગમે તેટલું સાચું હોય તો પણ તે વસ્તુઓનો માનસિકરીતે ત્યાગ કરવો અતિ દુષ્કર છે. ગૃહસ્થધર્મ અને સાધુધર્મની મર્યાદાઓ દર્શાવી એમણે સમજાવ્યું છે કે –

"ગૃહસ્થ ગૃહસ્થના રસ્તે ઉત્તમ, ત્યાગી ત્યાગીના રસ્તે ઉત્તમ. દરેકને પોતાનાં કર્તવ્યો કરવાનાં છે. કર્તવ્ય નહિ બજાવનાર ગૃહસ્થ પશુ છે અને કર્તવ્ય નહિ બજાવનાર સાધુ પશુથી પણ હલકો છે........

---

૨૪. એજન : પૃ. ૯

........ત્યાગીએ સંસારીનો કે સંસારીએ ત્યાગીનો દાખલો લેવો બધી બાબતમાં પાલવે નહિ. બન્ને જગતને ઉપકારી છે. બન્ને રસ્તે શ્રેય:સાધન થઇ શકે છે. પણ જો ગુણ વગરના હોય તો બન્ને પથ્થરનાં વહાણ છે."[૨૫] આ નિબંધનો વિષય, એની શરૂઆત અને અંત ઉપરાંત યોગી અને રાજાનું યથાયોગ્ય અસરકારક દૃષ્ટાંત એને વધુ મનનીય બનાવે છે ગૃહસ્થાશ્રમને કેન્દ્રસ્થાને રાખી એક બીજો નિબંધ એમણે લખ્યો છે તે "ગૃહસ્થાશ્રમ એ જ શ્રેષ્ઠ શાળા" અથવા 'Home the best school'.[26] "ગૃહસ્થાશ્રમ એ શાળા અથવા સ્કૂલ છે અને સાધુવ્રત એ ઉચ્ચ-જ્ઞાનની કોલેજ છે. જેમ મેટ્રીક્યુલેશન સુધીનો અભ્યાસ પૂરો કર્યા પછી જ બી.એ.નો અભ્યાસ કરાવનારી કોલેજમાં દાખલ થવાય છે તેમ ગૃહસ્થા-શ્રમનો અનુભવ લઇ ઘડાઇ નમ્ર બનીને જ ત્યાગની કોલેજમાં જવાય છે. તેમ છતાં આ નિયમ ૧૦૦ ટકા મનુષ્યો માટે નથી; એક ટકો એવો પણ હોય કે જે વગર નિશાળે આગળ વધી શકે"[૨૭] ગૃહસ્થાશ્રમની શાળામાં નિ:સ્વાર્થતા, નિયમિતતા, નિર્મળતા, કર્તવ્યપરાયણતા, સહનશીલતા, કોમળતા, દિલસોજી, સ્વાર્થત્યાગ વગેરે પાઠ શીખવાના છે તે તરફ નિર્દેશ કરી પિતાપુત્રનો સંબંધ અને માતાપુત્રનો સંબંધ કેવો હોવો જોઇએ તે સમજાવી ગૃહસ્થાશ્રમમાંથી શીખવાના મહત્ત્વના ગુણોની 'Patience' તખલ્લુસથી વિશદ ચર્ચા કરી છે.

અધિકાર[૨૮] શીર્ષકવાળો નિબંધ શ્રી મણિલાલ નભુભાઇ અને વા.મો.શાહ બંનેએ લખ્યો છે પણ બંનેના નિબંધોમાં ઘણો મોટો તફાવત છે. વાડીલાલ મણિલાલની "સુદર્શન ગદ્યાવલિ" પોતાના

---

૨૫. એજન : પૃ. ૪૩
૨૬. "જૈ. હિ." : ૧૯૦૯ : નવેમ્બર : પૃ. ૨૦૦-૨૧૪
૨૭. એજન : પૃ. ૨૦૨
૨૮. "જૈ. હિ." : ૧૯૧૦ : જાન્યુઆરી : પૃ. ૨૪-૩૨

ટેબલ ઉપર જ રાખતા હતા તેથી શરૂઆતના વર્ષોમાં એમની સંપૂર્ણ અસર હેઠળ હતા. એ વાત સાચી છતાં આ નિબંધમાં વાડીલાલનું સ્વતંત્ર વ્યક્તિત્વ ઝળકી ઊઠે છે. શ્રી મણિલાલે "જ્ઞાનસુધા"ને કેન્દ્રમાં રાખીને આ નિબંધ લખ્યો હોય એમ લાગે છે એમણે લખ્યું છે કે –

" અધિકાર એટલે બુધ્ધિ અને પ્રકૃતિના ભેદને લીધે જેને જેટલું સમજવાની શક્તિ હોય તે, એ અર્થ તો સર્વને સુવિદિત છે. હવે સામાના ઉપર આક્ષેપ કરતી વખતે "જ્ઞાનસુધા" એમ કહે છે કે આવો અધિકાર હોઇ શકે નહિ પોતાની બુધ્ધિ ઠરાવે તે સત્ય અને બીજું બધું અસત્ય "જ્ઞાનસુધા" શું એટલા પણ ધાર્મિક કે ઉદાર નથી?"[૨૯] વાડીલાલના નિબંધમાં કેન્દ્રસ્થાને "અધિકાર" છે. અધિકાર વિના પ્રાપ્ત થયેલી કોઇપણ ચીજ હિતકારી નથી. જે મનુષ્યને તેની પાત્રતા વિચાર્યા સિવાય જો જ્ઞાન આપવામાં આવે તો જ્ઞાનનો દુરુપયોગ થાય, અનધિકારીને ધન આપવામાં આવે તો તેનો દુર્વ્યય થાય અને વૈરાગ્ય પ્રાપ્ત થયા વિનાના માનવીને દીક્ષા આપવામાં આવે તો સાધુતા લાજે, માટે 'Deserve before you Desire' ---------------

" કોઇપણ વસ્તુ કે પદ મેળવવા ઇચ્છતા પહેલા તે વસ્તુ કે પદ મેળવવા લાયક બનો" એ આ નિબંધનો ધ્વનિ છે કેટલાક દૃષ્ટાંતો દ્વારા વાડીલાલે આ વિચારને ભારપૂર્વક સમજાવવા પ્રયત્ન કર્યો છે. અંતમાં જણાવ્યું છે કે – " ઓ શાસનનાયક દેવ ! અમો તારી પાસે ધન નથી માગતા, પત્નિ નથી માગતા, રાજવૈભવ નથી માગતા, અમારા ધર્મમાં આખી દુનિયા ભળી જાય એમ નથી માગતા, અમારા ધર્મમાં એક લાખ સાધુ થાય એમ નથી માગતા, તનદુરસ્તી નથી માગતા, લાગવગ નથી

---

૨૯. "સુદર્શન ગદ્યાવલિ" : "અધિકાર" : ૧૯૦૯ : પ્રથમ આવૃત્તિ ; પૃ. ૧૮૪–૧૮૭

માગતા – કે તારી કૃપા પણ નથી માગતા, માત્ર એટલું જ માગીએ છીએ કે – અમને અને અમારા સર્વ ભાઇઓને અધિકાર – લાયક થવાપણું તે શું તે સમજાવ અને વળી સમજાવ કે, અધિકાર વગરના મળતા દરેક પદાર્થ સ્ત્રી, લક્ષ્મી, રાજાપણું, અમલદારી, ગુરુપણું માત્ર એકજ પરિણામ આપે છે: અધિકાર શબ્દમાંનો પહેલો અક્ષર લઇ લેતા જે રહે તે; અર્થાત્ ધિક્કાર"[30]

"શુધ્ધિ"[31] શીર્ષકવાળા નિબંધમાં બાહ્યશુધ્ધિ એટલે શરીર અને આસપાસના પદાર્થોની સુઘડતા અને અંતરંગ શુધ્ધિ એટલે મનને સુઘડ રાખવું તે એવા અર્થ કરી પોતાના વિચારભંડારની ઊંડાણપૂર્વક ચર્ચા રજૂ કરી છે તો 'પ્રેમ–પ્રેમ –પ્રેમ'[32] માં આધ્યાત્મિક પ્રેમની વાત કરી છે. અહીં એમની શૈલીની પારદર્શિતા નોંધપાત્ર છે "આત્મશ્રધ્ધા"[33]માં આત્મવિશ્વાસના સદ્ગુણ પર ભાર મૂકી આત્મશ્રધ્ધાવાન મનુષ્યનું ચરિત્ર કેવું હોય એ તપાસ્યું છે તો "કેળવણી અને ધર્મ"[34] માં રજૂ થયેલું એકજ વાક્ય એનો માયનો સમજાવવા પૂરતું છે કે – " સ્ત્રી વગરનો ગૃહસ્થ અને પુરુષવગરની સ્ત્રી, ઘોડા કે બળદ વગરની ગાડી અને ગાડી વગરનો બળદ જેટલો શોભે છે તેટલો જ એક કેળવાયેલો માણસ ધર્મ વગર શોભે છે; અને તેટલો જ એક ધર્મના સંસ્કારવાળો માણસ કેળવણી વગર શોભે છે. મતલબ કે જોડકા સિવાય કોઇ ચીજ શોભતી નથી."[35] "જૂનું અને નવું" શીર્ષકવાળા નિબંધમાં ખરેખર નવું જૂનું કાંઇ નથી; પ્રાણી અને પદાર્થ માત્ર જૂની અને નવી એ બંને સ્થિતિઓ એકી વખતે ધારણ કરે છે એમ સમજાવી સને ૧૯૧૪ સુધીનું પોતાનું આત્મકથન જુદા જ

---

30. "જૈ. હિ." : ૧૯૧૦ : જાન્યુઆરી : પૃ. ૩૨
31. "જૈ. હિ." : ૧૯૧૧ : એપ્રિલ : પૃ. ૧–૧૦
32. એજન : જૂન : પૃ. ૧૨–૨૧
33. એજન : ૧૯૧૨ : જાન્યુઆરી : પૃ. ૧–૮
34. એજન : પૃ. ૫૩–૫૪
35. એજન : ૧૯૧૪ : જાન્યુઆરી : પૃ. ૧–૧૦

ઢંગથી રજૂ કર્યું છે. તે "પરમેશ્વરની હજૂરમાં"[36] શીર્ષકવાળા નિબંધમાં પોતાના અંતરાત્મા રૂપી મંદિરમાં પેસી શુધ્ધાત્મસ્વરૂપ સાથે ગોષ્ઠિ કરવી અથવા વ્યવહારમાં મનાતા ઇષ્ટદેવની પ્રાર્થના કરવી એ બન્ને એક સરખું પરિણામ ઉપજાવે છે એવો નિર્ણય લેખકે જાહેર કર્યો છે. શ્રીમદ્ રાજચંદ્રના "આત્મસિધ્ધિશાસ્ત્ર"ની પુસ્તિકામાં પ્રરુપાયેલી વિચારણા સાથે આ વિચારણા ખૂબ જ સામ્ય ધરાવે છે.

વાડીલાલની હળવા નિબંધો લખવાની શૈલીમાં વિશિષ્ટતા હોય તો એ કે, એમાંના એક પણ શબ્દનો અર્થ જોવા "શબ્દકોષ"ની ભાગ્યે જ મદદ લેવી પડે છે એટલે કે શૈલી પાંડિત્યસભર નથી છતાં એ ભાષા એટલી સ્વસ્થતા અને આત્મવિશ્વાસથી લખાયેલી છે કે કોઇ શબ્દ એના યોગ્ય સ્થાને નથી એમ અનુભવાતું નથી. યોગ્ય સ્થાને યોગ્ય શબ્દોનો ઉપયોગ એનું જ નામ શૈલી છે. બીજું વાડીલાલને જે વિચારો કે શબ્દો ઉપર ભાર મૂકવો હોય તે મોટા અક્ષરે છાપ્યા છે અને ત્રીજું એમના નિબંધોના લાંબા શીર્ષકો વાચકનું ધ્યાન ખેંચે છે. સને ૧૯૧૪ સુધીમાં લખાયેલા વિશેષત: નિબંધો હળવા નિબંધો છે પરંતુ ત્યાર બાદ પરિપકવતાને પામેલા એમના વિચારો ચિંતન, મનન, પરિશીલન અને પૃથક્કરણ તરફ વળે છે. અલબત્ત ૧૯૧૪ પહેલાં પણ ગણ્યાગાંઠયા ચિંતનાત્મક નિબંધો લખ્યા છે ખરા પરંતુ મોટાભાગના ચિંતનસભર નિબંધો ત્યારબાદ લખાયા છે.

---

૩૬. એજન : ૧૯૧૪ : ફેબ્રુઆરી : પૃ. ૧૨૭–૧૨૯

## ચિંતનાત્મક નિબંધો

વા. મો. શાહ પ્રગલ્ભ વિચારક અને પ્રતાપી ગદ્યકાર હતા. એમના વિચારોની મૌલિકતા તો હતી જ પરંતુ નિરુપણ પધ્ધતિ પણ મૌલિક હતી. એમના ચિંતનાત્મક નિબંધોનું ગદ્ય કેવા પ્રકારનું હતું તે એમના ચિંતનપ્રધાન નિબંધોના કાલાનુક્રમ પ્રમાણે અભ્યાસ કરી જોઇએ. સને ૧૯૧૪ પછીના એમના મોટાભાગના લખાણોનો ઝોક ચિંતનની અભિવ્યક્તિનો જ હતો. જ્યાં જ્યાં પુનરુક્તિ થવાનો ભય ઉપસ્થિત થયો છે ત્યાં તે વિગતોનો માત્ર નિર્દેશ જ કરવાનું ઉચિત માન્યું છે.

"વિચારશક્તિ" શીર્ષકવાળો નિબંધ માનવીનું ઘડતર એના વિચારો દ્વારા જ થાય છે એમ વર્ણવે છે. આપણા મનમાં ચાલી રહેલા વિચારો જ આપણા વર્તનને પ્રેરે છે અને વર્તન ઉપરથી જ સામી વ્યક્તિ આપણા મનમાં ઘોળાતા વિચારો પામી જવા શક્તિમાન બને છે. 'मनः एव मनुष्याणां कारणम् बंधमोक्षयोः' એ સૂત્રની વાડીલાલે સવિગત છણાવટ કરી છે. "વિચાર" માં સમાયેલા "લોહચુંબક"ના સિધ્ધાંતની ચર્ચા કરતાં નોંધ્યું છે કે "અભણ અને બિનકેળવાયેલા કરતાં ભણેલા અને કેળવાયેલાની વિચારશક્તિ બહુ બળવાન હોય છે. સારા કે ખરાબ વિચારો જ માણસના વ્યક્તિત્વને ઘડે છે. પ્રથમ દરેક વિચાર મનુષ્યના મનમાં ઉત્પન્ન થાય છે અને પછી તે સ્થૂલરૂપ ધારણ કરે છે. આપણા વિચારમાં પણ જગતમાં કાર્ય કરતી મહાન શક્તિની માફક ઉત્પાદક શક્તિ છે જો કે આપણી શક્તિ હાલમાં ઓછી લાગે છે, છતાં તેવી શક્તિ છે તો ખરી. આપણે આપણા પ્રમાણમાં સારી કે

નરસી વિચાર - આકૃતિઓ ઉત્પન્ન કરીએ છીએ અને તે જ પ્રમાણમાં બીજાને મદદ કે હેરાન કરીએ છીએ.[2] મૈત્રેય ઉપનિષદ્‌નું અવતરણ એમણે નીચે પ્રમાણે નોંધ્યું છે -- "Thoughts alone cause the round of births; let a man strive to purify his thoughts; what a man thinks, that he is, this is the old secret."

મનુષ્યોને ભવની પરંપરામાં રખડાવનાર તેના વિચારો છે. માટે દરેક મનુષ્યે પોતાના વિચારોને પવિત્ર બનાવવા પ્રયત્ન કરવો. જેવો માણસ વિચાર કરે છે, તેવો તે થાય છે." વાડીલાલે પુરાણો અને ઉપનિષદોનો અભ્યાસ કર્યો છે એમ એમનાં લખાણોમાં વારંવાર આવતાં અવતરણો પૂરવાર કરે છે.

"વિચારશક્તિ" જેવો બીજો નિબંધ છે "વચનસંયમ".[3] આમાં વચન ઉપર કાબૂ ગુમાવતાં કેવાં અનિષ્ટ પરિણામો આવે છે તે જણાવી વચન ઉપર સંયમ રાખવા વિનંતી કરી છે. આપણે જાણીએ છીએ કે વિચાર વગર બોલાયેલાં વચનો જ વેર વધારે છે તરવારનો કારી ઘા સમયજતાં રુઝાય છે પણ વાણીનો ઘા હૃદયસ્પર્શી હોવાથી રુઝાતો નથી. અહીં શ્રી રમણભાઇ નીલકંઠની બે પંક્તિઓ યાદ આવે છે કે -

"પીળાં પર્ણો ફરી નથી થતાં કોઇ કાળે જ લીલાં,
ભાગ્યાં હૈયાં ફરી નથી થતાં કોઇ કાળે રસીલાં",[4]

જોકે રમણભાઇએ એ પંક્તિઓ જુદા સંદર્ભમાં ઉચ્ચારી છે છતાં ભગ્નહૃદય કદી રસીલા બની શકતાં નથી એ પંક્તિ અહીં બંધબેસતી છે. ઉચ્ચારાયેલી

---

૨. એજન : પૃ.૫
3. "જૈ. હિ." : ૧૯૧૦ : નવેમ્બર : પૃ. ૨૪-૨૮
૪. "રમણભાઇ નીલકંઠ કૃત રાઇનો પર્વત" : માર્ચ ૧૯૫૬, આવૃત્તિ બારમી : પૃ. ૪

વાણી કદી પાછી ખેંચી શકાતી નથી, માટે એક પણ વેણ ઉચ્ચારતાં પહેલાં સામી વ્યકિતના મનમાં એ વચનનો શો પડઘો પડશે તેનો હજારવાર વિચાર કર્યા પછી જ બોલવું એવો વા. મો. શાહનો આ નિબંધમાં સર્વને આગ્રહ છે.

"વિવાહિત સ્થિતિ અને બ્રહ્મચર્ય"[૫] એ ડો. જી. વી. ખેર નામના એક થિયોસોફિસ્ટ મહાશયે લખેલા અંગ્રેજ લેખ ઉપરથી વાડીલાલે લખ્યો છે. વિવાહિત જિંદગી બ્રહ્મચર્ય રૂપી મહેલમાં જવા સારુ અંતિમ પગથિયા રૂપ છે" એમ કહી અનેક દૃષ્ટાંતો સહિત વિષયની ચર્ચા કરી છે. "લગ્ન પુનર્લગ્ન અને બ્રહ્મચર્ય"[૬] માં પણ એ જ વિચારોને ફરીથી નવી રીતે રજૂ કર્યા છે. "સુધારક વાડીલાલ"ના પ્રકરણમાં એ નિબંધોનો યથોચિત ઉલ્લેખ થયો હોવાથી અહીં પુનરુકિત ટાળી છે.

"જ્ઞાનનો પ્રભાવ"[૭], નાટક અને નવલકથાના લેખકો ઘડીવાર લોકોને "રંગના ચટકા" લગાડી ગમ્મત આપી – આશ્ચર્યમાં ગરકાવ કરી થોડા જ વખતમાં લોકોના મન રૂપી રાજ્યમાંથી અદૃશ્ય થાય છે. પરંતુ જ્ઞાની પુરુષનું વાકય તો દરેક પ્રજા પોતાના જીગરમાં છુપાવી દે છે, રકતવાહિનીમાં વહેવડાવે છે પોતાના મગજની અંદર સોનેરી અક્ષરથી કોતરી રાખે છે અને પોતાના આત્માના અલંકાર તુલ્ય ગણી જાળવી રાખે છે; એ વચન એના આખા જીવનના ભોમિયા તરીકે કાર્ય કરે છે. એ વડે એની જિંદગી પલટાઇ જાય છે."[૮] આ અવતરણ આપવાનું કારણ એ જ છે કે વાડીલાલે નાટક, નવલકથાના લેખકો અને જ્ઞાનીને

---

૫. "જૈ. હિ." : ૧૯૧૦ : જૂન થી ડિસેમ્બર : હપતે હપતે
૬. એજન : ૧૯૧૫ : ઓકટોબરથી ડિસેમ્બર : હપતે હપતે
૭. એજન : ૧૯૧૧ : જાન્યુઆરી : પૃ. ૧–૪
૮. એજન : પૃ. ૨

જુદા પાડયા છે અને જ્ઞાની કોણ ? તે સમજાવતાં લખ્યું છે કે " ખરા જ્ઞાની પુરુષો કાંઇ પણ સમજાવતા નથી પણ જાહેર કરે છે; તેઓ ટીકાઓ લખી સત્યને પૂરવાર કરતા નથી, પણ પોતાના જીવનથી સત્યને સત્ય તરીકે જણાવે છે. તેઓ તત્ત્વજ્ઞાનની મારામારીમાં પોતાનો સમય ગાળતા નથી, કારણકે તેઓ જગદુધ્ધારક છે; અને તેમને જગતના ઉધ્ધાર અર્થે આપણા ખ્યાલમાં પણ ન આવે એટલું બધું કામ કરવાનું હોય છે.[૯] અખાએ પણ કવિ અને જ્ઞાનીને જુદા ગણતાં લખ્યુ છે કે -

"જ્ઞાનીને કવિતા ન ગણશે, કિરણ સૂર્યનાં કેમ વણશે ?
શબ્દ કેરો શઢ કયમ થાય ? આકાશ તે કયમ તોળ્યું જાય"[૧૦]

કારણકે લેખકો, કવિઓ, અને સાહિત્યકારો તથા જ્ઞાનીઓ એ બંનેના રસ્તા ભિન્ન છે. કોઇ લેખક, કવિ કે સાહિત્યકાર જ્ઞાની હોઇ શકે પણ જ્ઞાની, લેખક કે કવિ હોવો જ જોઇએ એમ નથી. વા.મો.શાહે જ્ઞાનની ગાથા વર્ણવતાં બીજે એકસ્થળે કહ્યું છે કે - " વગર દવાએ અને વગર ઊંધે,આધિ, વ્યાધિ અને ઉપાધિથી મુકત થાય એવી કોઇ દવા હોય તો તે માત્ર જ્ઞાન છે જ્ઞાન એ કોઇને નિર્માલ્ય બનાવનારી ચીજ નથી. એ કેફી ચીજ છે, ઠંડક છે અને જવાળા પણ છે,અત્યારનો બુધ્ધિવાદ બુધ્ધિ કબૂલ કરે તેને જ જ્ઞાન કહે છે પણ બુધ્ધિનું ફળ તર્ક છે અને જ્ઞાન એ તો હૃદયનું ફળ છે. શ્રવણ, મનન અને નિદિધ્યાસનથી ઊપજે તે જ જ્ઞાન કહેવાય, તેને વેદો પરાજ્ઞાન કહે છે. બુધ્ધિ એને સ્પર્શી શકતી નથી. બુધ્ધિ માત્ર દાસી છે. પૂર્વે જ્ઞાનની પૂજા થતી ત્યારે જ્ઞાનીઓ પૈસા નહોતા રાખતા રાજાઓ પણ તેમનાં ચરણ ચૂમતા છતાં જ્ઞાનીઓને પરવા

---

૯. અંજન : પૃ. ૩
૧૦. "અખાના છપ્પા" : સંપાદક-ઉમાશંકર જોષી: ૧૯૬૨ : બીજી આવૃત્તિ છપ્પો-૨૨

નહોતી................તેઓની સંમતિથી જ રાજાઓ કાયદાઓ ઘડતા."[11] જ્ઞાનને તો વાડીલાલે શ્રેષ્ઠ ઔષધ ગણાવ્યું છે. "જ્ઞાન" વિષયક ચર્ચા વાડીલાલનાં લખાણોમાં ઘણે ઠેકાણે આવે છે "જૈનસમાચાર" માં જ્ઞાનની શકિત વર્ણવતાં લખ્યું છે કે – "જ્ઞાન એ આંતરિક શકિત છે – steam છે – વરાળ છે અથવા વીજળી છે દુનિયાને હરકોઇ રીતે દુ:ખમાંથી ખેંચી જઇ થોડા યા વધતા સુખમાં મૂકવી એ જ જ્ઞાનની સાર્થકતા છે."[12] સાચો જ્ઞાની કોણ ? એની વિશદ ચર્ચા વાડીલાલે "જ્ઞાનનો પ્રભાવ"માં કરી છે.

બાહ્યશુધ્ધિ એટલે શરીર અને આસપાસના પદાર્થોની સુઘડતા અને અંતરંગ શુધ્ધિ એટલે મનની સુઘડતા તાત્પર્યકે મનમાં આવતા વિચારોની સુઘડતા. એ વિષયની ચર્ચા વા.મો.શાહે "શુધ્ધિ"[13] શીર્ષકવાળા નિબંધમાં કરી છે તો "આત્મશ્રધ્ધા"[14] માં વ્યકિતને પોતાની જાતમાં વિશ્વાસ રાખવા જણાવ્યું છે.આત્મશ્રધ્ધા વગરનો માણસ હંમેશા બીકણ અને શંકાશીલ હોય છે ઉપરાંત તે સ્ફૂર્તિથી કોઇપણ કાર્ય કરી શકતો નથી. પોતાને નિષ્ફળતા મળશે એ ભયથી તે કદી કોઇપણ બાબતમાં નિર્ણય લઇ શકતો નથી. આત્મશ્રધ્ધા (self-confidence) વગરનો માણસ પોતે દુ:ખી થાય અને બીજાને દુ:ખી કરે છે. આત્મશ્રધ્ધામાં સઘળી શકિતઓને કેન્દ્રિત કરવાનું બળ છે એમ જણાવી કેટલાંક આત્મશ્રધ્ધાવાન મનુષ્યોનાં જીવન તપાસ્યાં છે અને એમના જીવન-સાફલ્યનું મૂળ કારણ "આત્મશ્રધ્ધા" છે એમ મનનપૂર્વક નોંધ્યું છે.

---

૧૧. "કોન્ફરન્સની ચડતી પડતીનો ઇતિહાસ" – પૃ.૯૧
૧૨. "જૈનસમાચાર ગદ્યાવલિ ભા.૫ ; તા.૨૧–૮–૧૯૧૧
૧૩. "જૈ.હિ." : ૧૯૧૧ : એપ્રિલ–મે : પૃ.૩–૧૦
૧૪. એજન : ૧૯૧૨ : જાન્યુઆરી : પૃ.૧–૮

"જાહેર હિંમત"[૧૫] શીર્ષકવાળા નિબંધમાં દરેક વ્યક્તિમાં પોતાના મનને સત્ય લાગે તે કહેવાની હિંમત હોવી જરૂરી છે એમ સદૃષ્ટાંત પૂરવાર કર્યું છે. "અંધેર, પાપ, કાળા ડાઘ, સડો જ્યાં હોય અને તે જોવામાં જાણવામાં આવ્યાં હોય ત્યાં કહી દેવાં અને તેને સુધારવાની સૂચના કરવી એ જાહેર પુરુષોનું કર્તવ્ય છે, એ કર્તવ્યની સમજ વગર એ કર્તવ્યનો અમલ થયા વગર કોઇ કોમ, કોઇ સંપ્રદાય, કોઇ દેશ કે કોઇ પ્રજા સુધરી નથી."[૧૬] એવું વાડીલાલનું મંતવ્ય છે પત્રકારોમાં તો જાહેર હિંમત હોવી જ જોઇએ એવો એમનો આગ્રહ છે.

" આધ્યાત્મના ઘોર જંગલમાં ઘણા આગળ વધવા માટે જોઇતી જોગવાઇઓમાં વજ્ર જેવું શરીર અને કૂદકા મારતી તનદુરસ્તી પ્રથમ દરજ્જો ધરાવે છે, એ મારી અંગત અને ઊંડી માન્યતા છે." વા.મો. શાહે એમની આ માન્યતાના સમર્થનમાં "જિંદગીનો ભોમિયો"[૧૭] નામનો નિબંધ લખ્યો છે. એમાં વૈદકશાસ્ત્રને એમણે અનુમોદન આપ્યું છે. જિંદગીથી કંટાળનારાઓની ભૂલ કર્યા છે તે સમજાવી શરીર-મન-બુધ્ધિ એ ત્રણેના આરોગ્યને મહત્ત્વ આપી ધર્મના સાચા સ્વરૂપને સ્પર્શવા માટે શાની જરૂર છે તે બતાવ્યું છે. શારીરિક તનદુરસ્તીનાં લક્ષણો વર્ણવી દીર્ઘશ્વાસની ઉપયોગિતા પર અંગુલિનિર્દેશ કરી અનેક જરૂરી સૂચનો કર્યાં છે. વૈદકશાસ્ત્ર, કુદરતશાસ્ત્ર અને ધર્મશાસ્ત્ર એ ત્રણેનો સમન્વય સાધી બતાવવાનો એમનો પ્રયાસ છે પરંતુ આ લખાણ કોઇ કારણોસર અધૂરું

---

૧૫. અજન : ૧૯૧૩ ૠ એપ્રિલ : પૃ. ૧૫૬-૧૬૦

૧૬. અજન : પૃ. ૧૫૭

૧૭. જૈ.હિ : ૧૯૧૪ : માર્ચ-એપ્રિલ હપતે હપતે અને ૧૯૧૬ માર્ચ.

રહેવા પામ્યુ છે. કોઇપણ વ્યક્તિ જિંદગી સરળતાથી વિતાવવા ધારે તો એના સ્વાસ્થ્યને લગતી સઘળી માહિતી આ નિબંધમા અમેણે પૂરી પાડી છે માટે જ એને જિંદગીનો ભોમિયો શીર્ષક આપ્યુ છે.

શારીરિક સ્વાસ્થ્યને કેન્દ્રસ્થાને રાખી બીજા પણ કેટલાક મનનશીલ નિબંધો વા. મો. શાહે લખ્યા છે. જેવાકે - "આરોગ્યબોધ", "મારા ઉપવાસની કહાણી", "ગુપ્ત દરદોની વધતી જતી ભયંકરતા", "તનદુરસ્તીનું શાસ્ત્ર", "ભલાઇ ગયેલું શક્તિનું શાસ્ત્ર", "વિજયનું સાધન", અધ્યાત્મશાસ્ત્ર" એ સઘળા નિબંધોમા વા. મો. શાહની ઊર્ધ્વગામી કલ્પનાશક્તિ, અદ્‌ભુત નિખાલસતા શૈલીની પારદર્શિતા અને સચોટ વકતવ્ય વાચકને જકડી રાખે છે "મારા ઉપવાસની કહાણી"મા ઉપવાસના અનોખા શાસ્ત્ર પર પ્રાચીન તેમજ અર્વાચીન વિચારકોના દૃષ્ટિબિંદુઓની મદદથી પ્રકાશ પાડવાનો પુરુષાર્થ સેવ્યો છે.

"યુધ્ધ, ધર્મ અને પ્રાર્થના"[૧૮] મા યુધ્ધનાં પરિણામો કેવાં દુઃખદ આવે છે તે ગણાવી યુધ્ધ દરમ્યાન બંને પક્ષ તરફથી કેવા પ્રકારની પ્રભુપ્રાર્થના કરવામા આવે છે તે સમજાવ્યુ છે સામાન્ય લોકવર્ગ તો દુશ્મનનો વિનાશ થાય એમ ઇચ્છે પણ ધર્મગુરુઓય એવી પ્રાર્થના કરતા હોય છે ઇશ્વરે કયા પક્ષની પ્રાર્થના સાંભળવી જોઇએ એમ કહી વાડીલાલે યુધ્ધ સાથે ધર્મ અને પ્રાર્થનાને સાંકળી બતાવ્યા છે. તો "યુધ્ધ, ધર્મ અને અહિંસા"[૧૯] મા યુધ્ધ અને સુલેહની ફિલસૂફી સમજાવી છે સાચા યોધ્ધાની વ્યાખ્યા આપતા એમણે નોંધ્યું છે કે -

---

૧૮. "જૈ. હિ." : ૧૯૧૪ : સપ્ટેમ્બર-ઓકટોબર : પૃ. ૮૩૪-૮૪૪
વા. મો. શાહનું રાજકારણ : પૃ. ૮૪-૯૪
૧૯. પ્રગટ : નવચેતન : જુલાઇ ૧૯૬૩ પૃ. ૩૮૯-૩૯૫

"યોધ્ધો" પગાર ખાતર કે કોઇની શિખવણીથી કે મિજાજ ગુમાવી બેસવાના કારણથી "યુધ્ધ"માં પ્રેરાય નહિ. એનું યુધ્ધ તો એક "ખેલ" છે - અને "ખરાખરીનો ખેલ" છે, એ કંઇ નાટકનું યુધ્ધ ન હોય.

અને યુધ્ધ એટલે ? એક સીધી લીટીનો એક છેડો, એનું નામ યુધ્ધ છે. બીજો છેડો સુલેહ છે, યુધ્ધને પણ અંત હોય છે અને સુલેહ કદાપિ અનંત આયુષ્યવાળી ચીજ નથી: મધ્યમાં બન્ને મળે છે, લંબાયેલી સુલેહ જ યુધ્ધમાં પરિણમે છે અને લંબાયેલું યુધ્ધ જ સાચી સુલેહમાં વિરમે છે".[20]

યુધ્ધ, ધર્મ અને અહિંસા ઉપરનું વા. મો. શાહનું ચિંતન ઘણું ઊંડુ છે. યુધ્ધ અને આલિંગનની વ્યાખ્યા આપતાં એમણે જણાવ્યું છે કે - " યુધ્ધ અને આલિંગન : એ બે ક્રિયાઓ પરસ્પર વિરોધી લાગવા છતાં વસ્તુતઃ એક જ ફુવારાની બે ધારાઓ છે. યુધ્ધમાં બે પક્ષ હોય છે તેમ આલિંગનમાં પણ બે પક્ષ હોય છે યુધ્ધમાં બેમાંથી એક મરી કે હટી જાય છે તેથી યુધ્ધને અંતે યુધ્ધભૂમિ પર "એક" જ રહે છે અને આલિંગનમાં "બે" મટી "એક" જ થાય છે, એ તો સ્પષ્ટ છે."[21] વાડીલાલની આ વિચારધારા કંઇક નવા પ્રકારની છે આ નિબંધમાં સમજાવાયેલું તત્ત્વજ્ઞાન એવી વ્યવસ્થિત દલીલો દ્વારા સ્પષ્ટ કરાયેલું હોવાથી સમજવામાં મુશ્કેલી પડતી નથી.

યુધ્ધ અને દુશ્મનાવટની વાત કર્યા બાદ વા. મો. શાહનો "મિત્રતા"[22] શીર્ષકવાળો નિબંધ તપાસીએ. " દુનિયામાં જો કોઇ એવી ચીજ હોય કે જેના સંબંધમાં વધારેમાં વધારે ગેરસમજ થવા પામી

---

૨૦. અંજન : પૃ. ૩૮૯

૨૧. અંજન : પૃ. ૩૯૪

૨૨. "જૈ. હિ." : ૧૯૨૦ : પૃ. ૨૫૨-૨૫૬

હોય તો તે મિત્રતા છે....."મિત્રતા" એ જિંદગીની અનિવાર્ય આવશ્યકતા છે." વાડીલાલને એમની જિંદગી દરમ્યાન મિત્રતાના ઘણા કડુ અનુભવો થયા હતા, તેનો એમણે અહીં ઉલ્લેખ કર્યો નથી કારણ "બે દોસ્તો" નામની પોતાના જ અંગત અનુભવની એક સુંદર વાર્તા એમણે લખી છે. ગ્લોરિયા નામની સ્ત્રીને એટલેકે કીર્તિને વરવાની ઇચ્છાવાળા બે પાત્રોમાના એક વાડીલાલ પોતે છે પરંતુ જો વાડીલાલનું અંગત જીવન જાણ્યા સિવાય એ વાર્તા વાંચીએ તો એક ડિટેક્ટિવ વાર્તા જેવી લાગે.

"મિત્રતા"ના નિબંધમા એમણે એ શબ્દનો અર્થ જુદો ઘટાવ્યો છે. સૌથી પહેલા બાળકની મિત્ર તેની માતા છે પછી કુટુંબીજનો, વડીલો અને નાનાનાના ભાઈભાંડુઓ, ત્યારબાદ શાળાએ જતાં મિત્રો અને શિક્ષકો અભ્યાસક્રમ સંપૂર્ણ કર્યા પછી જિંદગીના ખુલ્લા મેદાનમા પ્રવેશતાં હુન્નર, વ્યાપારધંધો કે નોકરીમાં લાગે છે ત્યાં અનેક પ્રકારના મિત્રો થાય છે, કોણ સાચો મિત્ર અને કોણ ખરાબ તે નક્કી કરવાનુ હવે મુશ્કેલ બને છે. એક અનપઢ પણ વ્યવહારકુશળ ધનપાળનું દૃષ્ટાંત આપી વાડીલાલે યુવાનીમાં મિત્રોની પસંદગી કરવામાં ખૂબ જ ધ્યાન રાખવાની ચેતવણી આપી છે. વાડીલાલે એમનાં પોતાનાં મોટાભાગનાં લખાણોમાં પાત્રનાં સદ્ અસદ્ કાર્યો ઉપરથી નામાભિધાન કર્યું છે. "મસ્તવિલાસ"ની વાર્તાઓમાં પણ પાત્રોનાં નામમાં એમણે ખૂબ કાળજી રાખી હોય એમ જણાઈ આવે છે.

"દુનિયાનું ભૂત, વર્તમાન અને ભવિષ્ય"[23] શીર્ષકવાળા નિબંધમાં "નીતિ" "ગુનો" "કાયદો" એ શું છે ? આપણો સમાજ આગળ વધે છે કે

---

૨૩. અંજન : પૃ. ૧૩-૩૪; ~~૨૩-૩૪~~

પાછળ હઠે છે તેની ચર્ચા કરી છે. ગૃહ, સમાજ, રાજ્ય અને ધર્મને લગતી વિવિધ વાતો આલેખીને પરસ્પરનો સંબંધ બતાવવાનો એમણે પ્રયત્ન કર્યો છે. દુનિયાના ઇતિહાસનું વાડીલાલનું જ્ઞાન અહીં પ્રકટ થાય છે. સમાજ ગુનો કોને માને છે ? જેની પાસે મિલકત છે તે "ચોરી"ને ગુનો માને છે તેથી મિલકતવાળાઓ "ચોરી" કરનારને સજા કરે છે અને મિલકત વગરનાઓ માલિકીની ભાવનાવાળા શ્રીમંતોને લૂંટીને સજા કરવા માગે છે. બંને એકબીજાને સજા કરવા મંડી પડે તો સાચી સજા કઇ ? એમણે "સજા" વિશે નોંધતાં જણાવ્યું છે કે "સજા એ મનુષ્યના માનેલા સુખમાં આડખીલ કરનાર તરફ હયાતી ધરાવતી છૂપા વૈરની લાગણીનું પ્રકટીકરણ માત્ર છે, નહિ કે કોઇ અબ્યાબાધ સત્ય છે. ગુનાનું કોઇ સ્વરૂપ નથી એક સમયે અમુક કાર્ય ગુનો ગણાય તે બીજા કાળમાં સદ્ગુણ મનાય એવું બને છે, એ વિધાન કૈઝર ક્રાઇસ્ટ વગેરેનાં દૃષ્ટાંતોથી સવિસ્તર સમજાવ્યું છે. "ચોર અને શાહુકાર" બંને પરસ્પર વિરોધી શબ્દો છે છતાં એમની સરખામણી કરી છે અને ત્યારબાદ ચોર કરતાં શાહુકાર કઇરીતે ઊતરતો છે તે એમની દલીલ શકિતની કુનેહથી એવી રીતે સમજાવ્યું છે કે વાચકને શાહુકારો તરફ નફરત અને ચોર તરફ સહાનુભૂતિ ઉત્પન્ન થાય. એમણે નોંધ્યું છે કે –

"ઘર ફાડનાર ચોર અને સમાજને વ્યાપાર વગેરે ઊજળાં બહાનાથી લૂંટનાર શાહુકાર એ બન્નેની સ્થિતિમાં ફેર હોય તો તે એ જ કે પહેલાને સમાજના પ્રવાહની સામી દિશાએ ચાલવું પડે છે, જ્યારે બીજો સમાજના પ્રવાહ સાથે વહેતો હોય છે. બાકી તો શાહુકારને જેમ ચોર તિરસ્કાર-પાત્ર લાગે છે તેમ તેટલે જ દરજ્જે ચોરને શાહુકાર તિરસ્કારપાત્ર લાગે છે;

કારણકે શાહુકાર ચોરને પોતાની મિલકત ઓછી થવાના "કારણ"રૂપ માને છે, તેમજ ચોર શાહુકારને પોતાના ભૂખમરાનું "કારણ" માને છે. ચોરી કરવામાં પણ મહેનત તો કરવી જ પડે છે, સાહસ-જોખમ ખેડવાની હિંમતનું તત્ત્વ પણ તેમાં અવશ્ય છે, બુધ્ધિ વાપરવાની પણ જરૂર પડે છે. શું શાહુકાર ચોરના કરતા વધારે મહેનત, હિંમત કે બુધ્ધિને લીધે લાખો રૂપિયાનો સ્વામી બને છે ? અગર શું ચોરમાં શાહુકાર કરતાં ઓછું મનુષ્યત્વ છે ? એથી ઊલટું ઘણા શાહુકારોમાં જે ઉચ્ચ ગુણો નથી હોતા તે કહેવાતો ચોરોમાં વિકસિત સ્વરૂપમાં જોવામાં આવે છે."[૨૪] વાડીલાલે સને ૧૯૧૨માં જેલવાસ ભોગવ્યો હતો તેથી કેદીઓના બે મહિના સુધીના સતત સહવાસને કારણે એમના સદ્ગુણોનો પરિચય એમને થયો હોય.[૨૫]

ફકત "ગુનો" અને "કાયદો" તથા "સજા" ની વાત કરવા ઉપરાંત એમણે "નીતિ" શું તે સમજાવ્યું છે બોલ્શેવિઝમ શું છે અને તે દુનિયામાં શું કાર્ય કરશે તે પણ દીર્ઘદૃષ્ટિથી સમજાવવા પ્રયત્ન કર્યો છે. આ નિબંધ માત્ર વિચારકો માટે લખાયો છે એમ કહી સામાન્યગણ તેનો ઊંધો અર્થ ન કરે તે દૃષ્ટિથી ચેતવણી આપી છે અને સામાન્ય જનસમાજને ગ્રહણ કરવાનો સાર સંક્ષેપમાં આપી નિબંધની પૂર્ણાહુતિ કરી છે. આ ચિંતનસભર દીર્ઘનિબંધમાં વાડીલાલનું વકતવ્ય સોળે કળાએ ખીલી ઊઠે છે.

ચિંતનાત્મક નિબંધોમાં શ્રેષ્ઠ સ્થાન શોભાવે એવો એમનો દીર્ઘ નિબંધ છે "મૂંઝાઇ પડેલી દુનિયા!"[૨૬] માંગરોળ જૈન સભાના આમંત્રણથી

---

૨૪. "વા. મો. શાહનું રાજકારણ : પૃ. ૧૪

૨૫. એજન : પૃ. ૧૫-૧૬

૨૬. હિન્દુસ્તાન પ્રજામિત્ર : તા. ૧-૭-૨૫ ; "મુંબઇ સમાચાર" ૧૯૨૫ માં હપતે હપતે પ્રગટ.

"મૂંઝાઇ પડેલી દુનિયા" વિશે એમણે ભાષણ આપ્યું હતું,જે એક શુધ્ધ નિબંધ જ કહી શકાય એમ છે. સત્તાધારીઓ, સાધુઓ, ધર્મ, સમાજ અને ગાડરિયાપ્રવાહ જેવી જનતાને ચાબખા મારવાના ધ્યેયથી નહિ છતાં કંઇક કટુસત્ય સ્પષ્ટતાથી વ્યકત કરવાના વલણથી આ ભાષણ અપાયું છે. "જ્ઞાન, ક્રિયા અને ભક્તિ એવા ત્રણ ભાગ પાડીને તો સ્વાર્થસાધુઓએ સત્યનું અને મનુષ્યજાતિનું ખૂન કર્યું છે, પણ ભાગપાડવા એ જ તો સત્તાધારીઓનો સ્વાર્થ સાધવાનો ઇલાજ હોય. રાજ દ્વારી-બાબતોમાં પણ એમ જ બને છે."

આ નિબંધ પૃથક્કરણાત્મક છે. બીજી દલીલ પ્રથમ દલીલને ખૂબ જ વ્યવસ્થિતરીતે અનુસરતી લાગે છે. વારંવાર પુનરુક્તિ થવા છતાં નોંધવું પડે છે કે એમની ખુમારી કયાંય છુપાયેલી રહેતી નથી. એમના ગદ્યપ્રભુત્વે જ એમનાં દરેક લખાણોને સચોટ અને સરળ બનાવવામાં મદદ કરી છે. વિચારની હળવાશ કે ગંભીરતાને અનુરૂપ શબ્દ, શબ્દગુચ્છો કે વાકયોની યોગ્ય પસંદગી જ એમના ગદ્યપ્રભુત્વનો પુરાવો છે. "બુધ્ધિવાદનાં આજનાં ભયંકર પરિણામો ગમે તેટલાં ખરાબ લાગે પણ હકીકત આ છે કે બુધ્ધિ-વાદ જીવે છે ત્યાંસુધી કામ તો કરશે જ અને કામની સારી-માઠી અસરો પણ થવાની જ, અને એને લીધે સર્વત્ર પુરણ ગૂંચવાડો થશે અને જીવવું, તેમજ મરવું ત્રાસદાયક થઇ પડશે ત્યારે જ નવો માર્ગ સૂઝશે. બુધ્ધિવાદનાં કાર્યો અને પરિણામોની ચર્ચા વિશદતાથી કરી ઉથલ-પાથલની વૃત્તિનું માનસશાસ્ત્ર સમજાવતાં ઉમેર્યું છે કે "ધાર્મિક,સામાજિક કે રાજકીય ઉથલપાથલ (revolution) એ કાં તો નિર્બળતાનો બળવો હોય કે સબળનો "ખેલ" હોય, નિર્બળના બળવામાં સમય અને વ્યવસ્થા

સંભવે નહિ, કે જે ગુણોમાં શક્તિની અપેક્ષા રહે છે, તેથી નિર્બળની બળવારૂપ ઉથલપાથલ પોતાના જ પગ કાપી બેસે છે. સબળનો ખેલ પરિણામ જોનારને તુરતમાં તો હારતો જ દેખાય પણ શક્તિ પ્રગટાવવાના કાર્ય જરૂર સાથે, દરેક સબળના ખેલમાં મુખ્ય પુરુષ પોતાના ખેલથી પોતાનું જ મૃત્યુ ઉપજાવે."[२७] સત્ય, અસત્ય, અનુભવ, જ્ઞાન, પાપ, પૂણ્ય વગેરે વિષયોને આવરી લઇ "ભક્તિ – ક્રિયા – જ્ઞાન" એ ત્રણેને ભિન્ન કરી પૂજવાને પરિણામે સમાજમાં દિવ્યતાને સ્થાને વ્યાપેલી તુચ્છતાનો તાદશ ચિતાર આપ્યો છે. બુધ્ધિવાદના જમાનામાં દરેક ધર્મવાળાઓએ પોતાના ધર્મ અને સમાજને અનુકૂળ દેવો માન્યા, "નમ્યો તે દેવને ગમ્યો" એવું સૂત્ર આપણા કહેવાતા ધર્મગુરુઓએ બનાવી કાઢયું કારણ, તો જ એમને કોઇ નમન કરે.આવા ધર્મગુરુઓ તરફ કંઇક અર્પણની દૃષ્ટિથી "પગે પડયો", તેની સ્વતંત્રબુધ્ધિ તો હણાઇ જાય જ,આવી રીતે સાધુઓએ સમાજમાં પોતાનું આધિપત્ય જમાવ્યું છે એમ કહી આ વિષયની ઊંડાણથી છણાવટ કરી છે. સાથે સાથે એ પણ જણાવ્યું છે કે જે સ્વતંત્રમિજાજી વિજેતા હોય તે કદી કોઇને નમતો નથી "ખરા સંતો, સમર્થ રાજકર્તાઓ તથા પુરાતત્ત્વવેત્તાઓ જનતાથી ભળતા નથી અને વસતિથી દૂર રહેવાની કાળજી કરે છે તે કંઇ "પાપ" માનીને નહિ, પણ પોતાના આનંદને લૂલો કરનાર વાતાવરણ–નમવા અને નમાવવાની તુચ્છ પ્રકૃતિવાળી જનતાના સંગ–થી કરીને જ તેઓ એવી "સાવચેતી" રાખે છે." દૃષ્ટાંતોની હારમાળા આપીને વાડીલાલે પોતાના મતનું પ્રતિપાદન કર્યું છે. કૃષ્ણ અને ગોપીઓ, પેટ અને જીભ, સિંહ–હાથી અને ઘેટા ના કેટલાક દૃષ્ટાંતોથી પોતાના વક્તવ્યને વધુ ચોટદાર બનાવ્યું છે, તો વેદ, ઉપનિષદ, બાઇબલ, ગીતા વગેરેના ઉલ્લેખો યથાસ્થાને કરી જ્ઞાનમાર્ગ અને ભક્તિમાર્ગની ચર્ચા કરી છે.

---

२७. "હિન્દુસ્તાન પ્રજામિત્ર" : તા. १–७–१९२५

"એકતા"નો ભંગ એજ "દૌર્બલ્ય" અને દર્દનું કારણ એ અને મૂડી-વાળાઓ, મજૂરો અને સરકાર ત્રણેથી જ ભૂખમરો ઉપજ્યો છે એમ કહી જ્ઞાન, કર્મ, ભક્તિ એ દરેકનો કેવો દુરુપયોગ થયો છે, તે બતાવવાનો સભાન પ્રયત્ન કર્યો છે. "એક"નું તત્ત્વજ્ઞાન સમજાવતાં કહ્યું છે કે - "મનુષ્ય એક છે બુધ્ધિએ એને ઓળખવા ખાતર એના ટુકડા કર્યા અને કહ્યું કે બે ચીજનો મનુષ્ય બનેલો છે; સ્થૂલ અને સૂક્ષ્મ, સ્થૂલનું નામ તેણીએ મનુષ્ય શરીર એવું રાખ્યું, અને સૂક્ષ્મનું નામ રાખ્યું: "અંત:કરણ" અથવા અંદરનો મનુષ્ય, એ બન્ને પૈકી દરેક પર પણ બુધ્ધિએ કાપકુટ ચલાવી, અને કહ્યું કે "મનુષ્ય શરીર" જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયોથી બનેલું છે; અને "અંત:કરણ"ની વિવિધ પ્રવૃત્તિઓની નોંધ કરવાને પરિણામે તેણીએ કહ્યું કે "અંત:કરણ" એ મન-બુધ્ધિ-ચિત્ત-અહંકાર એ ચારનો ઝૂમખો છે. એટલી શસ્ત્રક્રિયાથી નહિ અટકતાં બુધ્ધિ આગળ વધી, અને સ્થૂલ તથા સૂક્ષ્મના દરેક ઉપાંગનું પણ પૃથક્કરણ કરવા માંડયું-એમ પૃથક્કરણ કરતાં કરતાં એટલો બધો વિસ્તાર વધારી મૂકયો કે તે સર્વની નોંધ/રાખવી પણ અશક્ય થઇ પડી, અને વિસ્તારની જનેતા બુધ્ધિ પોતે જ થાકી બેઠી, મૂઝાઇ પડી, અને મૂળ વાત તો ભૂલી જ ગઇ કે પોતે તો એક "આખા" નું અંગ માત્ર હતી, અને એકને ઓળખવાના ઇરાદાથી જ શોધખોળ રૂપી મુસાફરી આદરેલી હોવા છતાં "એક" તરફ તો પીઠ જ થતી રહી છે, અને શોધની પ્રતિક્ષણ તેણી "એક" થી તો વધુ ને વધુ દૂર જ જતી રહી છે !"[૨૮] વાર્તા કહેતા હોય એટલી સરળતાથી "એક"નું તત્ત્વજ્ઞાન સમજાવવાનો વા.મો. શાહનો અહીં પ્રયત્ન છે.

---

૨૮. " મુંબઇ સમાચાર" : તા. ૧૭-૮-૧૯૨૫

અંગ્રેજ પ્રજા ભારત પર રાજ્ય કરતી હતી. આપણો દેશ ગુલામ હતો છતાં સ્વતંત્ર માનસ ધરાવતા વાડીલાલ એ અંગ્રેજ સરકારની જરાય પરવા કરતા નહોતા. સરકારની ઝાટકણી કાઢતાં એમણે નીચે પ્રમાણે કહ્યું છે – " ઈંગ્લેંડના દારૂના ખર્ચના અબજોના આંકડા જુઓ અને લશ્કરી ખર્ચના આંકડા જુઓ એટલે પછી એ પ્રજા શામાટે ભૂખની બૂમ મારે છે.તે કહેવું જ નહિ પડે. દારુ છોડવો નથી અને દારૂ પીવા માટે જોઈતાં નાણાં પણ દેશોમાંથી લૂંટયા વગર ચાલવાનું નથી. તેમજ બેટનું પેટ મુઠ્ઠીભર છે અને રાજ કરવું છે આખી દુનિયા પર ! રાજ જીતવામાંય લશ્કરો જોઇએ અને રાજ્ય જાળવવામાંય લશ્કરો જોઇએ ! દારૂગોળો જોઇએ ! ડિટેકટીવ ખાતાં જોઇએ ! દૂરના દેશો પર નજર રાખવા માટે સ્ટીમરો અને એરોપ્લેનોનો કાફલો જોઇએ ! શું જોઇએ અને શું ન જોઇએ? અને એટલી બધી જરૂરિયાતો લૂંટ વગર પૂરી પડવાનો રસ્તો જ કયાં છે? અને એકવાર લૂંટાઇ ગયેલાઓ ફરી ફરીથી લૂંટવાને લાયક રહેતા નથી."[૨૯] દૈનિક સમાચારપત્રમાં સને ૧૯૨૫ માં અંગ્રેજો વિરુધ્ધ આવા વિચારો રજૂ કરતાં વાડીલાલ અચકાતા નહોતા એ એમના સ્વતંત્ર વ્યકિતત્વની ખાત્રી કરાવે છે.

"મૂઝાઇ પડેલી દુનિયા" ના શીર્ષક હેઠળ એકાંતવાદે અને પ્રેરિત ભકિતએ ઉપજાવેલી નિર્માલ્યતાઓ, નવું માનવી સર્જનાર "યોગ-સાયન્સ" કયારે આવશે"?; "એક પાખંડ જ બીજા પાખંડોને બોલાવે છે"!; "દોડો, દોડો ! આજે તમામ ઇશ્વરો ભયમાં આવી પડયા છે"!; "પડદો રહેવા દો, – ઓર બે વધુ પડદા નાખો"!!!, "પ્રમાણિકતા જ વિકાસસૂત્ર" વગેરે અલગ અલગ શીર્ષકો યોજીને અનેકવિધ વિષયોની ચર્ચા વાડીલાલે આપી છે.

---

૨૯: અંજન.

વાડીલાલના કેટલાક અંગત પત્રો નિબંધની ગરજ સારે છે તેમાંનો એક છે શ્રી રમણીયરામ ઉપરનો પત્ર – " પેપરો માટે જનતા કે જનતા માટે પેપરો "? વા. મો. શાહનો પત્રવ્યવહાર પણ ગુજરાતી સાહિત્યમાં અનોખી ભાત ઉપસાવનારો થઇ રહે એવો છે. વાચકો અને લેખકો કેવા હોવા જોઇએ તે આ પત્રમાં એમણે દર્શાવ્યું છે. " વાચક, ખરો વાચક હોય તો તે લેખક થયા વિના રહી શકે જ નહિ, અને "લેખક", ખરો લેખક હોય તો તે પત્રકાર બન્યા વગર રહી શકે જ નહિ. અર્થાત્ એક ભૂમિકા બીજી ભૂમિકાએ પહોંચાડયા વગર રહી શકતી જ નથી. પણ આજે જેમ મૂર્તિપૂજકો મૂર્તિપૂજામાં જ આખી જિંદગી સુધી પડયા રહે છે – એની જરૂરને વટાવી જતા નથી. તેમ આજનો મનુષ્ય આખી જિંદગી સુધી વાંચવાના મોહવાળો રહે છે, લેખક આખી જિંદગી સુધી લેખો અને પોથાં ફેંદવાની તેમ જ લખવાની ભૂખ ધરાવે છે અને પત્રકાર જ્યાં સુધી કાયદો કે થેલી ફરજ ન પાડે ત્યાં સુધી પોતાનો "લવારો" ચાલુ રાખ્યા જ કરે છે ! આમાં કોણે પોતાનું ઉચ્ચીકરણ કર્યું ? અને જેઓ પોતાનો Progress નથી સાધી શકતા તેઓ બીજાનો Progress સાધવા બહાર પડે છે ! હાય ઢોંગી પરોપકાર ! હાય ભોળી જનતા ! આજે જો શોપનહોર કે નિત્શે આપણી વચ્ચે જન્મ લે તો – ભલે આપઘાત એ કાયદાથી ગુન્હો ગણાતો હોય તોપણ – પહેલી જ તકે આપઘાત કર્યા વગર ભાગ્યે જ રહી શકે. વ્યાસ કે વાલ્મીકિ તો "પાંખોવાળા" હતા તેથી તેઓ આપઘાત ન કરતાં આકાશમાં ઊડે અને ત્યાં નવી દુનિયા પોતા માટે સર્જે ! જે દુનિયામાં સૃષ્ટા ન મળે કે ભાવ ઝીલનાર "વિદ્વાન" પણ ન મળે તે દુનિયામાં વાલ્મીકિ જેવો અનંત સૃષ્ટિઓ

ક્ષણમાં પડતો બ્રહ્મા અને બ્રહ્મ દુર્ગંધ સહવા કેમ રહી શકે ? કદાચ એજ કારણથી Superman મહાવીરે ગૌતમ જેવા "વિદ્વાન" ને પણ હાથ ધીરવાની ના કહી હતી !"[30]

વા.મો.શાહના ચિંતનાત્મક નિબંધો વિશે તો જેટલુ લખાય તેટલુ ઓછું છે. "દુનિયાનું ભૂત, વર્તમાન ને ભવિષ્ય" અને "મૂંઝાઇ પડેલી દુનિયા" માં ચર્ચાયેલા દરેક મુદ્દાને વિગતે સમજવા પ્રયત્ન કરીએ તો બીજો નિબંધ લખાઇ જાય એવો ભય રહે છે. માટે શકય તેટલો સંક્ષેપમાં એમનો પરિચય આપવાનો યત્કિંચિત પ્રયત્ન કર્યો છે. આ બે નિબંધોની હરોળમાં ઊભો રહે તેવો એક નિબંધ છે આ બધો પ્રતાપ "વેપાર"નો.[31]

આ નિબંધ લખવા પાછળનો વાડીલાલનો ઉદ્દેશ કંઇક જુદો જ છે. ધારાસભામાં વિઠ્ઠલભાઇ પટેલે ભારતની પ્રથમ લેજિસ્લેટિવ એસેમ્બલી-ના પ્રમુખ તરીકે મર્દાનગીભર્યું વર્તન દાખવ્યું હતું. તે પ્રસંગના અને સકલાત-વાળાના મિશન અંગેના વિચારો વાડીલાલના મનમાં ઘોળાતા હતા. કહેવાતા પત્રકારોની સંકુચિતતા અને નિર્માલ્યતા વિશેના વિચારો પણ એમને સતાવી રહયા હતા. એટલામાં મુંબઇથી મુલુંદ જતાં આવતાં કેટલાક મુસાફરોમાં થતી ગાંધીજીની પ્રશંસા અને સકલતવાળા માટેના તારીફના શબ્દો સાંભળી, એ બંને વિરોધી અભિપ્રાયો ઉપર પ્રકાશ પાડવા અને પોતાના મનમાં થતી ગૂંગળામણને દૂર કરવાના હેતુથી તથા મિત્રોના આગ્રહને વશ થઇ "આ બધો પ્રતાપ "વેપાર"નો" શીર્ષકવાળો લેખ વાડીલાલે લખ્યો.

---

30. "નવચેતન" : જાન્યુઆરી : ૧૯૫૮ : શ્રી રમણીયરામ ઉપર વાડીલાલે લખેલો તા.૧૦-૩-૧૯૨૭ નો પત્ર.
31. " સમાલોચક : એપ્રિલ : ૧૯૨૭ : પૃ. ૨૫૪-૨૬૩ અને મે : પૃ. ૩૩૨-૩૪૧.

સમાજમાં ચારેતરફ "વેપાર"ની જ વૃત્તિ ધરાવનારી વ્યક્તિઓ, લેખક – પત્રકાર અને વાચક, નેતા અને ધર્મગુરુ વગેરે સત્તા જમાવી બેઠા હતા. દરેક "વેપાર" ને "સોદા"ની વૃત્તિથી જ પોતાનું કાર્ય આગળ ધપાવે જતા હતા. વાડીલાલે કહ્યું છે કે – " વાચક વ્યક્તિભાનવાળો હોય, લેખક સમષ્ટિભાનવાળો હોય અને પત્રકાર બ્રહ્મજ્ઞાનવાળો હોય."[32] પરંતુ એમની કલ્પનાના વાચક, લેખક કે પત્રકાર એમને ક્યાંય દૃશ્યમાન થયા નહોતા. દરેકનાં મન સંકુચિત હતાં. કોઇ વ્યાપકતા ભર્યું, સમષ્ટિ–ભાનવાળું વર્તન બતાવી શકતા નહોતા. એમને પોતાનાં કર્તવ્યનું ભાન કરાવવા માટે "પેપરો માટે જનતા કે જનતા માટે પેપરો ?" શીર્ષકવાળો નિબંધ પત્રના સ્વરૂપમાં લખ્યો હતો. એ નિબંધ"આ બધો પ્રતાપ "વેપાર" નો !" શીર્ષકવાળા નિબંધની પ્રસ્તાવના રૂપે લખાયો હતો.

સકલાતવાળા ગાંધીજીને બહુ ખોટી રીતે સમજ્યા હતા એમ વાડીલાલ કહેતા. સકલાતવાળાની વિચારસરણી સાથે વાડીલાલ સંમત થઇ શકે એમ નહોતું.સકલાતવાળા તો એવું પણ કહેતા હતા કે – "કોંગ્રેસે આજસુધી જે કંઇ કર્યું તે બધું ખોટું છે ! હવે બધું છોડો સત્તાવાળા દુવા દે ! ખાદી અને ગાંધીએ દેશને ખુવાર કર્યો, માટે ખાદીને છોડો"[33] સકલાતવાળાના ગાંધીજી વિશેના વિચારો પોતાની રીતે રજૂ કરીને વાડીલાલે એકેએક ક્ષેત્રમાં પ્રવર્તી રહેલી માણસોની માનસિક હલકટતા અને વેપારની લાગણીને આ દીર્ઘનિબંધમાં મૂર્ત કરવાનો પ્રયત્ન કર્યો છે. અનુભવશાસ્ત્ર ધર્મશાસ્ત્ર, નીતિશાસ્ત્ર અને રાજકારણને લગતા મુદ્દાઓ તરફ પણ એમણે અંગુલિનિર્દેશ કર્યો છે. વાડીલાલે નોંધ્યું છે કે–

---

૩૨. "નવચેતન" : જાન્યુઆરી ૧૯૫૮ : પૃ. ૪૨૬

૩૩. "સમાલોચક" : મે : ૧૯૨૭ : પૃ. ૩૩૮

" વેપારી દુનિયાને હયાતીમાં આવ્યાને એટલો લાંબો વખત થઇ ગયો છે કે આજે કોઇને એ યાદ નથી કે એની જનેતા "ક્ષુધા" હતી ! કોઇને કલ્પનાએ નથી કે એનો દીવાન અથવા દલાલ-બુધ્ધિ અથવા કુટ્ટણી - કે જે છાતી કાઢીને ચાલતી ભવ્ય આકૃતિ દેખાય છે તે ખરેખર તો ખૂંધી અને બેડોળ બલા છે, જે બહારનાં વસ્ત્રો વડે પોતાની વિકૃતિ છુપાવે છે અને પોતાની ટાપટીપ અને જીભથી આકર્ષક દેખાય છે."[34] આ દલાલ જ બહુ ભયંકર છે. "દરેક સરકાર, કુટ્ટણખાનાં સામે નહિ પણ કુટ્ટણી તથા દલાલો સામે કાયદા રચે છે."[35]

આ દલાલો સમાજને કેટલી હદે નુકસાન કરી શકે છે તે વાડીલાલે આ નિબંધમાં સમજાવ્યું છે." લડાઇનું ય "સાયન્સ" હોય, જેમ ધર્મનું શાસ્ત્ર હોય તેવું જ પણ આજે બુઠ્ઠી અને ખૂંધી કુટ્ટણી બુધ્ધિએ ધર્મશાસ્ત્રને તેમ જ યુધ્ધશાસ્ત્રને વિકૃત બનાવ્યાં છે - સર્વને વેપારી પ્રકૃતિની રસી મૂકી છે."[36] કોઇપણ વાચકને વિચાર કરતા કરી મૂકે એ પ્રકારનો આ નિબંધ છે.

એમ લાગે છે કે "સમાલોચક" માં સદરહુ નિબંધ પ્રગટ થયા પછી આપણા મૂર્ધન્ય વિવેચક સદ્ગત બ.ક.ઠાકોર, વા.મો.શાહની ગદ્ય-શૈલીથી પ્રભાવિત થયા હોય અને એમને ગુજરાતના છઠ્ઠા ગદ્યપ્રભાવક તરીકે બિરદાવવા પ્રેરાયા હોય. એ સમયગાળામાં પ્રસિધ્ધ થયેલી "જૈનદીક્ષા" એ પણ પ્રો.ઠાકોરના મન ઉપર સારી એવી છાપ પાડી હતી. એ હકીકત છે.[37]

---

૩૪. "સમાલોચક" : એપ્રિલ : ૧૯૨૭ : પૃ. ૨૫૫
૩૫. એજન
૩૬. એજન : પૃ. ૨૫૯
૩૭. જુઓ : પ્રસ્તુત મહાનિબંધ : પૃ. ૪૯૮

"જોઇએ છે વિચારકો"[38] નિબંધ વાંચ્યા પછી કોઇપણ વાચકને સ્વતંત્રરીતે વિચાર કરવાની સાચી આદતને અપનાવવાની ચાનક ચઢે એમ લાગે છે. વા.મો.શાહ શૈલી દ્વારા સમાજના અસાવધાન મગજોમાં તંદુરસ્ત તત્ત્વજ્ઞાનનાં કિરણો પ્રસારવાના એમના પ્રયત્નો મારફત ફેલા-યેલા વિચારબળોનાં આંદોલનોનો સાચો પરચો એકવખત કરી દેવા જેવો છે સદરહુ નિબંધમાં એમણે લખ્યું છે કે –

"આજે વસ્તુસ્થિતિ બદલાઇ ગઇ છે. પ્રવૃત્તિ અને દોડધામના આ જમાનામાં ઊંડાણની જગ્યાએ છીછરાપણું, સ્વતંત્ર વિચારવાની જગ્યાએ ઉપલકિયું અનુકરણ અને ગંભીરતાની જગ્યાએ ધાંધલ વધારે જોવામાં આવે છે. પશ્ચિમની શોધોએ એટલી બધી વસ્તુઓ ઉત્પન્ન કરવા અને આપણી સમક્ષ રજૂ કરવા માંડી છે. અને તે વસ્તુઓ એટલી બધી આકર્ષક છે કે આપણું લક્ષ તે સર્વમાં વહેંચાઇ જાય છે અને ઉપયોગી કે બિનઉપયોગી તથા વધારે ઉપયોગી કે ઓછું ઉપયોગી શું છે તે બાબતનો વિવેક (Discrimination) કરવાનું થોડાથી જ બને છે. નવી નવી જાતના પોષાક, નવી નવી જાતનાં મકાન, નવી નવી જાતના અલંકાર, નવી નવી જાતના રીતરિવાજ, નવી નવી જાતના કાયદા કાનૂન, નવી નવી જાતના ખેલ – તમાસા, નવી નવી જાતના હુન્નરઉદ્યોગ, નવી નવી જાતના પુસ્તકો, પેપરો અને ચિત્રો, નવી નવી જાતની ફિલસૂફીઓ અને નવી નવી જાતના નૈતિક ધોરણો દુનિયાના સઘળા ભાગોમાંથી ખેંચી ખેંચીને આપણી સમક્ષ રજૂ કરવામાં આવે છે અને આપણામાં સ્વતંત્ર વિચાર કરવાની શકિત ઓછી હોવાથી આપણે આ બધા પ્રવાહમાં એક નિર્જીવ તણખલાં માફક ખેંચાઇ જઇએ છીએ !"[39]

---

૩૮. "નવચેતન" : દીપોત્સવી અંક : નવેમ્બર : ૧૯૫૮ :
પૃ. ૧૪૪-૧ થી ૧૪૪-૫
૩૯. એજન : પૃ. ૧૪૪-૧

જો આપણામાં જ સ્વતંત્ર વિચારશક્તિ ન હોય અને બીજાનું ઉછીનું જ આપણને અનુકૂળ હોય તો એનો શો અર્થ ? એક સુંદર પ્રલંબ વાક્ય દ્વારા વાડીલાલે એ વિચારો રજૂ કર્યા છે – "પુસ્તકો ગમે તેટલાં વાંચો, શાસ્ત્રો ગમે તેટલાં ફેંદો, મુસાફરીઓ ગમે તેટલી કરો, દુઃખો ગમે તેટલાં સહો, છાપાં ગમે તેટલાં ચૂંથો, પણ એ પુસ્તકો, એ શાસ્ત્રો, એ મુસાફરીઓ, એ દુઃખો અને એ છાપાં તમને જો પધ્ધતિસરનું નવું જ્ઞાન ન આપી શકે, તમારા જ્ઞાનભંડોળમાં એક પણ સિક્કાનો ઉમેરો ન કરી શકે, તમારા સાંકડા હૃદયને જરાપણ વિસ્તૃત ન બનાવી શકે, તમારા આગળથી બાંધી–જાળવી રાખેલા વિચારોને જરાપણ ન સુધારી શકે, તમારા ખરા આનંદમાં લેશ પણ વધારો ન કરે, તમારા જીવનને જરા પણ ઉચ્ચ ન કરે, તમારી વિચારશક્તિને જરા પણ ન ખીલવે તો એ સર્વનું શું પ્રયોજન ?"[૪૦]

આજે તો માણસોને સ્વતંત્ર વિચાર કરતા કરવા એ કાર્ય જ વધુ મહત્ત્વનું અને મુશ્કેલ છે આ કાર્ય કેવી રીતે હાથ ધરવું તે પણ લેખકે મુદ્દાસર સમજાવ્યું છે. તત્કાલીન શિક્ષણ કેવું નિર્માલ્ય હતું તે જણાવી સમાજને આજે સાચા વિચારકોની જરૂર છે એમ પૂરવાર કર્યું છે.

આના જેવો જ બીજો નિબંધ છે"લેખકો–લખાણો–વાંચનારાઓ"[૪૧] એક જ વિષય ઉપર લખતા બે લેખકોનાં લખાણોના કથનનો આત્મા, ધ્વનિ, ભિન્ન ભિન્ન હોય છે તેમ એક જ લખાણ વાંચનાર બે ભિન્ન વાચકોના અભિપ્રાયો પણ અલગ અલગ હોય છે. એક, તે લખાણ પર

---

૪૦. અંજન : પૃ. ૧૪૪–૨
૪૧. અપ્રગટ ફાઇલમાંથી

પ્રશંસાના પુષ્પો પધરાવે તો બીજો, તિરસ્કારના ઉદ્ગાર કાઢે એમ બને છે. ઘણા એમ કહેતા હોય છે કે "મને કોઇ લખાણ અસર કરી શકે નહિ પરંતુ આ વાત મિથ્યાભિમાન જ કહી શકાય. કોઇપણ લખાણ વાંચ્યા બાદ આપણા મન ઉપર અજ્ઞાતપણે અસર થાય છે જ. આ વાત તાડફળ મેળવવાને પ્રયત્નશીલ બનતા માનવીને કેવી મુશ્કેલીઓ પડે છે તે દૃષ્ટાંત આપી સ્પષ્ટતા કરતાં કહ્યું છે કે –

" મનુષ્યે જેમ બાહ્ય શરીર અને બાહ્ય જીવનનું તેમજ આંતર શરીર અંત:કરણ અને આંતરજીવનનું પૃથક્કરણ તથા અવલોકન કરનારા બનવું જોઇએ : તો જ મનુષ્યજીવન જીવી અને માણી શકાય. સપાટી પરના જોવા અને જીવવા કલેષમય–પીડાભર્યા જ હોય. સપાટી પરનાં જોવા "ખોટાં" હોય, તેમ સપાટી પરનાં વાંચવા ય "ખોટા" હોય. "ખોટાં" : અર્થસિધ્ધિ માટે નકામા. "[૪૨]

આ નિબંધ પ્રથમ વાચને સમજાઇ જાય તેવો નથી. "ગાંધી મુવમેન્ટ" ની બે જુદી જુદી અસરો સમાજ ઉપર થઇ અને તેના ભિન્ન ભિન્ન પ્રત્યાઘાતો પાડતાં લખાણો લખાયા તે વર્ણવ્યા બાદ ત્રીજા પ્રકારનાં માનવછોડની હયાતીની વાત કરતાં નોંધ્યું છે કે –"તે છોડ,તે "તાડ" છે. તે ઉપર કહેલા બંને માનવછોડ કરતાં અને સઘળી જાતનાં વૃક્ષો કરતાં ઊંચો ઊગે છે – "સૂર્ય"ની દિશામાં વધુ ને વધુ આગળ વધતો તે છોડ છે તે "નાગો" છે બીજા છોડ માફક ડાળીઓ, પત્રો વગેરેથી "વિભૂષિત" નથી – સ્વાભાવિક નગ્નતામાં ઉભેલો તે "સીધો" સોટો છે એની પ્રકૃતિમાં "તાડી" એટલે કેફ છે, કે જેનું દૃશ્ય રૂપ માત્ર તેના

---

૪૨. અપ્રગટ લખાણોની ફાઇલમાંથી

મસ્તકે જ દેખાય છે સૌથી વધુ ઊંચો ઊભીને તે નીચે જમીનપર – સમાજ પર – દૃષ્ટિ ફેંકે છે, અર્થાત્ તેની "અવલોકન ક્રિયા ઉપરથી નીચે", નહિ કે નીચેથી ઉપર હોય છે અને તે વધુમાં વધુ "વ્યાપક" હોય છે. તાડ કોઇને"શીળી છાંય" – "દયા" – આપતો નથી; એથી ઊલટું કોઇ કોઇ વખતે એના નીચે બેઠેલા વટેમાર્ગુ નું તાલકું તાડના "કઠણફળ" ના પડવાથી રંગાય છે ! પણ માનપૂર્વક થોડે દૂર રહી, રાહ જોઇ શકનાર કોઇ શાણો પુરુષ એક ચીજ તેની પાસેથી સહજાસહજ મેળવી શકે છે: કારણકે પાકેલું ફળ જરૂર નીચે પડે છે ! અને એ ફળના કઠણમાં કઠણ કિલ્લાને તોડી અંદરનું તત્ત્વ કાઢવાની શકિતવાળાને જરૂર "જ્ઞાનકેફ" મળે છે : હજમ કરવાને અશક્ત મનુષ્યો "દેખાદેખી"થી શોખથી, મૂર્ખાઇ-થી તે પીએ છે અને વધુ દીવાનો બને છે. એ દીવાનાપણું ય સરેરાશ મનુષ્યના ડહાપણ કરતાં તો વધારે "પ્રમાણિકતા" વાળું હોય છે – કારણકે એ સ્થિતિમાં માણસ પોતાનું હૃદય બરાબર ખોલે છે."

આવું પ્રગાઢ ચિંતન રજૂ કરનારા વા.મો.શાહને સમજવા માટે પણ માણસે પેલા તાડફળને પામવા મથતા માનવી જેમ વર્તન કરવું પડે. દમ ખેંચીને એને ભેટીને ઊંચી દૃષ્ટિ રાખીને પોતે વૃક્ષ ઉપર મૂકેલા કાપામાં પગમૂકી સાવચેતીથી ચઢવું પડે તેમ વાડીલાલનાં લખાણોનો રસાસ્વાદ માણવા પણ પોતીકી દૃષ્ટિ જરૂરી છે. ઉછીની લીધેલી કે ભાડૂતી દૃષ્ટિથી સમજી શકાય એવા એમનાં લખાણો નથી.

ચિંતનાત્મક નિબંધો ઉપરાંત વા.મો.શાહે કેટલાક ચરિત્રાત્મક નિબંધો પણ લખ્યાં છે. જૈનધર્મના અગ્રગણ્ય શેઠ શ્રી દામજીભાઇ લખમીચંદ જે.પી.ના દેહાવસાન બાદ વાડીલાલે લીધેલી નોંધ એમના ચરિત્ર નિબંધની ગરજ સારી રહે છે.[૪૩] બીજા શેઠ શ્રી લખમશી નપુ જે.પી. જેમને એમની હયાતી દરમ્યાન જ વાડીલાલે બિરદાવ્યા હતા.[૪૪] જૈન જનતાને એમના જીવન અને કાર્યોની પિછાન કરાવવાનો વાડીલાલનો ઉદ્દેશ હતો.

સને ૧૯૦૭ માં "સાધુવંદના" માં કથેલા મહાન પુરુષોની ચરિતાવલી "સ્થાનક સ્પેકટેટર" ના તખલ્લુસથી એમણે હપતે હપતે પ્રસિધ્ધ કરી હતી તેમાં ઋષભદેવ, શાલિભદ્ર અને ધના અણગાર, કપિલ મુનિ, મહાવીર, પ્રસન્નચંદ્ર રાજર્ષિ વગેરેના જીવનચરિત્રો સંક્ષેપમાં આપી જૈનપ્રજાને એ મુનિચરિત્રોથી વાકેફ કરવાનો એમનો આશય હતો. ચરિત્રો લખવાની એમની નિરુપણ પધ્ધતિમાં ઘણો તફાવત છે. દા.ત.મહાવીર કેમ જન્મ્યા, અને કેવી રીતે એમણે બાળપણ કે ગૃહસ્થાશ્રમ વિતાવ્યો અને કયારે દીક્ષા લીધી એ બાબતોને કલ્પનાશકિતથી લંબાવી લંબાવી લખવા કરતાં "મહાવીર નામનો માણસ શું કરવાથી ભગવાન [ભાગ્યવાન -કીર્તિવાન-સુખી-સૌંદર્યવાન-નીતિવાન-ઉદ્યમવાન-બળવાન-મોક્ષલક્ષ્મીનો માલેક સર્વ વ્યાપકગુણનો ધારક : આ સર્વ અર્થો સંસ્કૃત કોષમાં છે] બન્યો એ વિચારવાનું એમણે વધુ પસંદ કર્યું છે. એમના આત્માની ઉન્નતિ કેવી રીતે થઇ જે છેક શિખર સિધ્ધશીલા સુધી પહોંચી શકી એ

---

૪૩. "જૈ. હિ." : ૧૯૦૩ : સપ્ટેમ્બર : પૃ. ૧૩૭-૧૩૯

૪૪. એજન પૃ. ૧૭૯-૧૮૪

વાતોને કેન્દ્રમાં રાખીને ચરિત્ર આલેખ્યું છે.[૪૫] લગભગ વીસ વર્ષના અનુભવ, વાંચન, મનન અને મંથન બાદ એમણે "મહાવીર" એટલે "સુપરમેન" એવો તત્ત્વાર્થ સમજાવતો વિસ્તૃત નિબંધ સને ૧૯૨૭ માં લખ્યો છે એમાં મહાવીર જીવનનાં નવાં જ મૂલ્યાંકનો રજૂ કરવામાં આવ્યાં છે.[૪૬] વાડીલાલે "મહા-વીર" એટલે "સુપરમેન"નો જે નવો અર્થ કર્યો છે તે એમના જ શબ્દોમાં જોઇએ –

"બહારના તેમજ અંદરના કલેષ માત્ર પર જય મેળવનાર પુરુષ "મહાવીર" કહેવાય. દુનિયાનો ઓછો વધતો પણ અનુભવ પામેલો દરેક મનુષ્ય જાણે છે કે જીવન સ્થૂલ તેમજ સૂક્ષ્મ કાંટાઓથી ભરપૂર છે અને એક કાંટો દૂર કરવા જતાં બીજા ચાર ભોંકાય છે. તથાપિ કોઇ એવા પણ કુશળ પુરુષ હોય છે કે જેઓ જીવનને નિષ્કંટક,કલેષરહિત, આનંદમય બનાવી શકયો છે. જનતાથી જે નથી બની શકતું તે જેનાથી બની શકયું તેવા પુરુષને "સુપરમેન" અથવા પુરુષોત્તમ, મહાવીર, પુરુષસિંહ, પરમપુરુષ ઇત્યાદિ સંજ્ઞા અપાય છે."[૪૭]

સદરહુ નિબંધમાં વા.મો.શાહ શૈલી પૂરબહારમાં વિલસી રહી છે. એમાં ઓજસ પ્રવાહિતા અને પારદર્શિતાનાં દર્શન વાચકને વારંવાર થાય છે સૂત્રાત્મક વાકયો સાથે વિચાર તથા વાણીનો ધોધમાર પ્રવાહ એમાં વહી રહયો છે. આ નિબંધ વા.મો.શાહના શ્રેષ્ઠ નિબંધોમાંનો એક છે.

---

૪૫. "જૈ.હિ." : ૧૯૦૭ : સપ્ટેમ્બર : પૃ.૬૬૧-૬૭૮
૪૬. "જૈનયુગ" : સંવત ૧૯૮૧ : શ્રાવણ-આશ્વિન ; "જૈનપ્રકાશ": તા.૨૮-૮-૧૯૨૭ ; ગ્રંથરૂપે પુન:મુદ્રિત : તા.૫-૯-૧૯૭૨
૪૭. એજન

"સેવા ધર્મની શિષ્યા"[૪૮] અથવા નિસ્વાર્થ પ્રેમ શું ન કરી શકે ? એ શીર્ષકવાળો નિબંધ જગતમાં "બુલબુલ" તરીકે જાણીતી મીસ ફલોરેન્સ નાઇટીન્ગેલને અનુલક્ષીને લખાયો છે. મીસ નાઇટીન્ગેલના સમગ્ર જીવનકાર્યને ટૂંકાં ટૂંકા વાકયો દ્વારા સંક્ષેપમાં સાંકળી લેતો આ નિબંધ નોંધપાત્ર છે. આ નિબંધની શૈલી અંગે એક નાનકડું અવતરણ આપું તો અયોગ્ય ગણાશે નહિ.-

"મીસ નાઇટીન્ગેલ એ કોઇ સાધન વગરની યુવતી કે સાધુડી ન હતી. તે એક ધનાઢ્ય, યુવાન, ખૂબસૂરત કન્યા હતી અને અનેક ભાષાઓના ઉત્તમ જ્ઞાન સાથે ગીતકલા અને વાદ્યકલામાં પણ પ્રવીણતા ધરાવતી હતી. આવી કન્યાને દુનિયાનાં સુખો, લગ્નના લ્હાવા, ઇન્દ્રિયજનક વિલાસો અને અમનચમન ભોગવવાના વિચારોને બદલે મનુષ્ય જાતિની સેવા કરવાનાં જ સ્વપ્ન આવ્યા કરે એ શું ઓછું તાજુબ થવા જેવું છે ? દુનિયા તરફ તિરસ્કાર બતાવી સાધુડી થવાનું એને ગમતું નહોતું, તે મતે પોતાની લક્ષ્મી વગેરેમાં પણ સુખ જોઇ શકતી નહિ."[૪૯] ખૂબ જ સંક્ષેપમાં છતાં વ્યવસ્થિતરીતે પોતાના વિચારો પ્રદર્શિત કરતી વાડીલાલની તીવ્ર અવલોકન-શકિતવાળી, મનનશીલ પ્રતિભા આ નિબંધમાં દ્રષ્ટિગોચર થાય છે.

"સ્વર્ગવાસી રા. ભગુભાઇ કારભારી"[૫૦] શીર્ષકવાળા સદરહુ નિબંધમાં એક વાત ખાસ ધ્યાન ખેંચે છે તે એ કે ભૂતકાળમાં ભગુભાઇ વાડીલાલના દુશ્મન હતા કારણ એમણે વાડીલાલના "જૈનસમાચાર"

---

૪૮. "જૈ. હિ." : ૧૯૧૪ : માર્ચ : પૃ. ૧૯૪-૨૦૨
૪૯. એજન : પૃ. ૧૯૪ ;
૫૦. "જૈ. હિ." : ૧૯૧૪ : નવેમ્બર-ડિસેમ્બર : પૃ. ૯૦૩-૯૦૭

પત્ર ઉપર બદનક્ષીનો દાવો કોર્ટમાં માંડયો હતો તે વિસરી જઇ તેમના મૃત્યુ બાદ વાડીલાલે એમને બિરદાવતાં આ લેખ લખ્યો છે. "સાધુઓ અને શેઠિયાવર્ગના જુલમ વિરુધ્ધ પોકાર ઉઠાવનાર જૈન કોમ-નો પહેલો જાહેર પુરુષ કોઇ હોય તો તે મર્હુમ જ; અને તેમને એ માટે ઘણું સહેવું પડયું હતું " એમ કહી એમનાં કાર્યોની કદર કરી છે. ભગુભાઇ સાથે યુધ્ધમાં ઉતરવાનું પોતાને "સદ્ભાગ્ય" પ્રાપ્ત થયું હતું એમ વાડીલાલે નોંધ્યું છે કારણ "મૂર્ખાઓથી ભેટવા કરતાં સજ્જનોથી લડવું એ વધારે ઇચ્છવાયોગ્ય છે એમ તેઓ માનતા હતા.

વાડીલાલના સઘળા ચરિત્રાત્મક નિબંધોમાં "મહાવીર -સુપરમેન" શીર્ષકવાળો નિબંધ ગુજરાતીસાહિત્યમાં ગણનાપાત્ર ગણાય એવો છે. એનો તલસ્પર્શી અભ્યાસ તત્ત્વજ્ઞ વાડીલાલના પ્રકરણમાં રજૂ કરવા ધાર્યો છે. એમના આત્મકથાત્મક નિબંધો પણ છૂટાછવાયા મળી રહે છે. "હવે કયે રસ્તે જઇશું ?"[૫૧] માં જૈન સમાજની વસ્તુસ્થિતિનું સામાન્ય ચિત્ર આપી કેટલાક માર્ગસૂચનો એમણે કર્યા છે. "ભક્તિયોગ," "કર્મયોગ" "જ્ઞાનયોગ"ની ચર્ચા કરી, જૈનો એ યોગનું સેવન કેવી રીતે કેટલે અંશે કરે છે અને કેવી રીતે કરવું જોઇએ એ એમણે દર્શાવ્યું છે. આ નિબંધ આત્મકથાત્મક રીતે લખાયો છે.

સને ૧૯૧૨માં "જૈનસમાચાર" સાપ્તાહિક અમુક કારણોસર એમને બંધ કરવું પડયું તે સમયે "સાધુમાર્ગી જૈન સંઘને છેલ્લી સલામ"[૫૨] શીર્ષકવાળો લેખ એમના જીવનના ઉચ્ચ આદર્શો વિચારો અને વક્તવ્યને

---

૫૧. "જૈ. હિ." : ૧૯૧૨ : પૃ. ૨૯-૪૪
૫૨. એજન : પૃ. ૪૮

વ્યક્ત કરે છે તો "જૈન બનવાથી ઊભી થતી મુશ્કેલીઓ"[૫૩] માં એમની આત્મકથા જ નિરુપાઇ છે. આત્મકથાનો લેખક પોતાના દોષ છુપાવે નહિ. કોઇપણ વ્યક્તિ દેવ નથી માટે તેના ગુણદોષનું યથાતથ આલેખન આ સાહિત્યપ્રકારનું અનિવાર્ય અંગ છે. સદરહુ નિબંધમાં વાડીલાલે પોતાના દોષ પ્રગટ કર્યા છે એમનામાં આત્મવિશ્વાસ એટલો બધો હતો કે એમના વિચારોને, વાતોને, પ્રસંગોને, લખાણોને કોઇ પડકાર ફેંકે એમ તે વારંવાર ઇચ્છતા અને જાહેર કરતા જ્યારે જ્યારે એમની સામે પડકાર ફેંકાતો ત્યારે કોઇની પણ મદદ યાચ્યા વિના પ્રતિસ્પર્ધીને વાડીલાલ પહોંચી વળતા. વાડીલાલનું મગજ નર્મદના જેવુ ખુમારીવાળું હતું એમ તો ડગલેને પગલે અનુભવાય છે.

" <u>મારું મરવા પડેલું વહાલું બાળક – રતલામની જૈન ટ્રેનિંગ કોલેજ</u>"[૫૪] માં પોતાના હસ્તે જે સંસ્થાની સ્થાપના થઇ તેને મૃત:પ્રાય દશામાં જોતાં વ્યથિત થઇ દુ:ખના ઉદ્ગારો એમણે કાઢયા છે અને એ બાળકને ઉગારી લેવા સમાજને કેટલીક અગત્યની સૂચનાઓ કરી છે.

"<u>મારી નવી પ્રાપ્તિ શ્રી "મસ્ત"</u> "માં બાવાજી તુલસીદાસ સાથેના સંબંધોની વાતો છે જે ખૂબ જ વિસ્તારથી "ગદ્યકાર વાડીલાલ" વાળા પ્રકરણમાં આલેખી હોવાથી અહીં પુનરુક્તિ કરવી ઉચિત નથી.

---

૫૩. "જૈ. હિ." : ૧૯૧૪ : જાન્યુઆરી : પૃ. ૮૦–૮૮
૫૪. એજન : માર્ચ : પૃ. ૧૭૭–૧૮૦

વાડીલાલે બીજી વ્યક્તિઓ ઉપર લખેલા વિસ્તારભર્યા અંગતપત્રો પણ આત્મકથાત્મક નિબંધો જેવા છે. નિબંધનું સાહિત્ય સ્વરૂપ જ એવું છે કે એમાં આકર્ષક વિષય કરતાં આકર્ષક નિરૂપણપધ્ધતિ વધુ મહત્ત્વની છે. નિબંધની સફળતા લેખકના વિચારોની અભિવ્યક્તિ પર મહદ્અંશે આધારિત છે. વાડીલાલના નિબંધોની નિરૂપણપધ્ધતિ સાદી છતાં સરળ, આકર્ષક, સૂત્રાત્મક અને રસપ્રદ છે જે એમનું આગવું વિશિષ્ટ વ્યક્તિ-ત્વ ઉપસાવે છે.

એમણે નિબંધોના મોટાભાગના પ્રકારોમાં થોડો થોડો પ્રયાસ તો કર્યો જ છે. ઉદ્બોધનાત્મક કે ઉપદેશાત્મક એવા વ્યાખ્યાનશૈલીના નિબંધો પણ એમણે લખ્યા છે. "શું અવતાર નજીકના ભવિષ્યમાં થવાનો છે?"[૫૫] માં એમના સ્વતંત્ર વિચારોની સમજાવટ નોંધપાત્ર છે. દા.ત. -

" યુગપ્રધાન" ના આગમનરૂપી લાભ ઇચ્છતા ભવ્યો ! ખોદો, ખૂબ ખોદો; તમારા હૃદયની જમીનમાં ઊંડું - અતિ ઊંડું ખોદો અને એ સઘળી જમીન તળે - ઉપર કરી નાંખો "પ્રેરણા" (inspiration) ના વરસાદથી એ જમીન કોઇ વખતે રસબસ અને એ જ ખેતરમાંથી "યુગપ્રધાન" નીકળી આવશે, જે એક જ વખત નહિ પણ સદા સર્વદા દર્શન આપશે, ખાવાનું આપશે, તમારા ઇન્દ્રિયોના નહિ પણ આત્માના સઘળા "શોખ" પૂરા પાડશે. ખોદો, એ "ઘરનું ખેતર" ખૂબ ખોદો - ઊંડું ઊંડું ખોદો અને ખરું કામ એ જ છે - દેવ આવે તોપણ ખરું કામ કરવાનું એ જ છે અને દેવ ન આવે તો પણ એજ કામ કરવાનું છે - માટે હૃદયક્ષેત્રને

---

૫૫. "જૈ. હિ." : ૧૯૧૨ : ઓક્ટોબર : પૃ. ૧૦-૧૭

ખૂબ ખોદો – ખૂબ ખેડો – એના ઊંડા પોલાણમાં "પ્રેરણા" ના વરસાદબિંદુને પડવા દો અને "જમીન" અને "જળ" ના સંયોગથી " પવિત્ર પાક" જન્મવા દો."[૫૬]

આવો બીજો સંબોધનાત્મક નિબંધ છે "અમારા મુનિવરો".[૫૭] આ નિબંધના દરેક પરિચ્છેદની શરૂઆત "અમારા મુનિવરો" ના સંબોધનથી થાય છે શરૂઆતમાં મુનિઓના ગુણગાન ગાયા બાદ કોથળામાં પાંચશેરી રાખીને વાડીલાલે ચાબખા માર્યા છે. પ્રશંસાના ઓથા હેઠળ પ્રહારો કર્યા છે. સાધુવર્ગને એમનાં કર્તવ્યોનું ભાન કરાવવાનો, અને તેઓને દુષ્કૃત્યો કરતા અટકાવવા માટેનો વાડીલાલનો પ્રયત્ન છે.

"સભાપતિનું વ્યાખ્યાન "[૫૮] ઉદ્બોધનાત્મક પ્રકારના નિબંધોનો ઉત્કૃષ્ટ નમૂનો છે. સને ૧૯૧૮ના સપ્ટેમ્બરની પચીસમી તારીખે વર્ધામાં અખિલ ભારતવર્ષીય જૈન પોલિટિકલ કોન્ફરન્સનું એક અધિવેશન "મોણ્ટેગ્યુ ચેમ્સફર્ડ સુધારા"ની યોજના અંગે જૈનોનો સંયુક્ત અવાજ રજૂ કરવા ભરાયું હતું તેના સભાપતિપદેથી વાડીલાલે આપેલું આ વ્યાખ્યાન છે. વર્ધાના લોકનાયકોએ આ વ્યાખ્યાનને "પોલિટિકસનાં અસાધારણ દિગ્દર્શન તરીકે ઓળખાવ્યું છે. શ્રોતાઓને સંબોધતા એમણે કહ્યું છે કે–

" તે અમારો આગેવાન નથી કે જે ઊધઈની માફક અમારું લોહી ચૂસી લે છે. તે અમારો મિત્ર નથી કે જે અમને સત્યાનાશના રસ્તા ઉપર ખેંચી જાય છે. તે અમારો ગુરુ નથી કે જે અજ્ઞાનતાથી, પ્રમાદથી કે

૫૬. એજન : પૃ. ૧૭
૫૭. "જૈ. હિ." : ૧૯૦૭ : સપ્ટેમ્બર : પૃ. ૧૯૮–૨૦૩
૫૮. "જૈ. હિ." : ૧૯૧૯ : ઓક્ટોબર : પૃ. ૮–૩૯ અને "વા. મો. શાહનું "રાજકારણ" : પૃ. ૪૫–૮૩

માલેકના સ્વાર્થથી અમને રૂઢિમાં ધર્મનો હાઉ બતાવી - ડરાવી - પાયમાલ કરતાં શરમાતો નથી...............શું ઘરમાં બેસી રહેવાથી અમારી સામાજિક સ્વતંત્રતા મળવાની હતી ? અને સામાજિક સ્વતંત્રતા કે જે આપણા હાથની વાત છે તે પણ ન મેળવી શકીએ તો રાજકીય સ્વતંત્રતા કે જે બળવાન પરદેશીઓના હાથમાંથી મેળવવાની છે તેને લાયક આપણે ગણાઇએ ખરા ? વીર પુત્રો ! કાયરતા અને પ્રમાદ છોડો, વિદેશીઓના સ્વાર્થીપણા તમને ખૂંચતાં હોય, તેમની સામે તમારા હકની લડાઇ લડવી જ હોય, તો પ્રથમ આ ઘરનું રાજ્ય નિર્ભય કરો, ત્યાં તમારી આત્મપ્રતિષ્ઠા પર ઉભા રહેતાં શીખો, ત્યાં તમારાં હિતને નુકસાન કરવાનો ધંધો લઇ બેઠેલાઓની સ્વાર્થ ખટપટો પર થપાટ મારી તેમના કાબૂમાંથી મુકત થવાની શકિત મેળવો".[૫૯]

આવા ઉદ્બોધનાત્મક નિબંધોમાં વાડીલાલનું સ્પષ્ટ વકતવ્ય અને નિડરતાપૂર્વક જે સાચું છે તે જ કહેવાની ટેવનો પરિચય વાચકને થાય છે.

" <u>એકાંતની પ્રેરણાઓ અને અંગત અનુભવો</u>" "<u>વાચક લેખકનું ધ્યેય</u>" "<u>વેપારીઓ બૂમ કયાં પાડે છે</u>" ? "<u>મૃત્યુ શું સારા માટે હોઇ શકે</u> ?" "Can अहिंसा Secure स्वराज्य ?" "<u>છાપખાનાના જમાનાના મોટા ભયો</u>", "<u>જળપ્રકોપ શું શિખવવા</u> માગે છે ?" "ન" ની મહત્તા ! વગેરે અનેક નિબંધો વાડીલાલે લખ્યા છે, તો "પ્રકાશનોપ્રભાવ" અને "કવિતાની મહત્તા" જેવા સર્જક નિબંધો પણ આપ્યા છે. નિબંધના ક્ષેત્રે આટલું વિપુલ સાહિત્ય આપનાર વાડીલાલની ગુજરાતના શ્રેષ્ઠ નિબંધકારોમાં ગણના થઇ નથી એ આશ્ચર્યની વાત છે.

---

૫૯. એજન : પૃ. ૭૩-૭૪

## ગદ્ય અને શૈલી

ગુજરાતી સાહિત્યની પંડિતયુગના વિલક્ષણ ગદ્યકાર અને મૂર્ધન્ય વિવેચક શ્રી બ. ક. ઠાકોરે વા. મો. શાહને ગુજરાતના દસ ગદ્યપ્રભાવકોમાંના એક તરીકે છઠ્ઠું સ્થાન આપતાં લખ્યું છે કે :

" નર્મદથી માંડીને આપણા ગદ્યલેખકોમાં ઉત્તમ વીસ કોણ ? એવા પ્રશ્નપત્રના જવાબમાં નીચેનાં દસ નામ આવ્યા વિના નહિ રહે એવું મારું અધીન મત છે :- નર્મદ, નવલરામ, ગોવર્ધનરામ, બીરબલ, મણિલાલ નભુભાઈ, વાડીલાલ શાહ, મોહનભાઈ ગાંધી, દત્તાત્રેય કાલેલકર, કિશોરલાલ મશરૂવાળા અને અંબાલાલ બાલકૃષ્ણ પુરાણી અને જોવાનું આ પણ છે કે આ દસમાંથી ચારે કવિતાઓ લખી છે, કવિ લેખે નામના પણ મેળવી છે તથાપિ; એ દરેક કવિ લેખે ગણાય છે તે કરતાં ગદ્યલેખક તરીકે વધારે મોટો ગણાય છે, બેશક."[1]

---

1. "આપણી કવિતા સમૃદ્ધિ" સને ૧૯૩૧ : પ્રથમ આવૃત્તિ પ્રવેશક : સ. બ. ક. ઠા.

સદરહુ અવતરણના ઉત્તરાર્ધમાં શ્રી બ. ક. ઠાકોરે જે નિર્દેશ કર્યો છે તેમાં અજાણતાં અર્ધસત્ય છૂપાયું છે એવો ઉલ્લેખ શ્રી ત્રિભુવન હેમાણીએ સને ૧૯૩૨ના "સાહિત્ય"ના મે માસના અંકમાં પૃ. ૨૯૩-૯૪ કર્યો છે તે આ પ્રમાણે છે: " તેઓશ્રી કહે છે કે એ દસ ગદ્યકારોમાંથી ચારે એટલે નર્મદ, નવલરામ, ગોવર્ધનરામ, મણિલાલ નભુભાઈ વગેરે કવિતાઓ લખી છે. પરંતુ તેઓ કેમ ભૂલી જાય છે કે જેમને તેઓ ઉત્તમ અને સમર્થ ગદ્યકારોમાંના એક તરીકે ઓળખાવે છે એવા સ્વ. વાડીલાલ શાહે પણ કવિતા લખવાના છૂટક છૂટક પ્રયાસો કરેલા ખરા; અને એ વાતનો સબળ પૂરાવો તેમના "જૈનહિતેચ્છુ"ની ફાઈલો આજે પણ આપી રહી છે. વળી એ વાડીલાલ શાહનું "વિજયસૂત્ર" હૃદય કહે તે કરવું હો સજ્જન શીર્ષકવાળું કાવ્ય ગુજરાતી સાહિત્યમાં ચિરસ્મરણીય રહે તેવું છે એવું મારું

આવા ઉચ્ચકક્ષાના ગદ્યપ્રભાવક તરીકેનું બિરુદ શ્રી બ. ક. ઠાકોરે વાડીલાલ શાહને કેમ આપ્યું હશે એ વિચારણીય છે. આપણે કહી શકીએ કે બ. ક. ઠાકોર વાડીલાલના વિપુલ સાહિત્યસર્જનથી અપરિચિત નહોતા.

ઉત્તમ પ્રકારના ગદ્યનું સર્જન કરવું એ સરળ નથી, અપ્રતિમ મહાવરાને પરિણામે જ એ લખી શકાય છે છતાં મહાન સર્જકોને માટે એ સ્વાભાવિક હોય છે. અથાગ પરિશ્રમ કરી એવા ગદ્યસર્જન પાછળ તેઓ મંડી પડે છે* તેમ નથી પરંતુ એ ગદ્યસર્જન માટે તેમને સજાગ જરૂર રહેવું પડે છે. વાડીલાલે સાહિત્યસર્જન કરવા ખાતર કે ઉત્તમ ગદ્ય સમાજ સમક્ષ ધરવાના હેતુથી કદી લખ્યું નથી, વિશેષત: ધર્મસુધારણા અને સમાજસુધારણાના ધ્યેયને હાંસલ કરવા માટે જ એમણે કલમ ઉપાડી છે છતાં એમનાં સુશ્લિષ્ટ ગદ્યલખાણો માટે એમણે કેવા કેવા પ્રયત્નો કર્યા છે તે એમના જ શબ્દોમાં જાણવું ઉચિત ગણાશે.

" આથી હું એમ નથી કહેવા માગતો કે હું ભૂલ નથી જ કરતો કે ન જ કરું. માણસમાત્ર ભૂલને પાત્ર છે : સંપૂર્ણતા કોઇ ખૂણે નથી હું માત્ર એટલો જ દાવો કરી શકું અને કરું છું કે, મારો આશય ભ્રષ્ટ કે સ્વાર્થી નથી અને બુધ્ધિ વિષયક ભૂલ ન કરી બેસું એ માટે પણ હું મારા અનુભવ વાચન અને વખતે બીજાની સલાહ સુધ્ધાંનો પૂરતો ઉપયોગ કરવાની

---

અધીન મત છે." આ એક કાવ્યની સાથે ઉચ્ચ કાવ્યોની હરોળમાં ઊભું રહી શકે એવું 'The Song of the Seeker' નામનું અંગ્રેજી કાવ્ય પણ છે.

"વિજયસૂત્ર" : જૈ. હિ. ૧૯૧૭ : ઓકટોબર પૃ. ૩૨૯; "જૈનપ્રકાશ": ૨ જી ઓકટોબર ૧૯૨૭ ; તથા "જિન સંદેશ" તા. ૧-૧૦-'૧૧

'The Song of the Seeker' : "જૈ. હિ. ૧૯૦૯ : એપ્રિલ : પૃ. ૭; "જૈનપ્રકાશ" ૨૮ ઓગષ્ટ ૧૯૨૭ : પૃ. ૩૬૮

કાળજી રાખું છું. હમણાંના અકેક અંકના લખાણ માટે ઓછામાં ઓછો એક મહિનો એકાંતવાસ સેવું છું, બહારની અસરોથી બચવા એટલો ચેતતો રહું છું, બની શકે તેટલી માહિતી મેળવું છું, સમર્થ વિચારકોના પુસ્તકો-ની સહાય લઉં છું, અને લખાયલું "મેટર" પ્રેસમાં મોકલ્યા પહેલાં અથઇતિ બેથી ત્રણવાર વાંચી જાઉં છું, એટલું જ નહિ પણ ત્રણવાર પ્રૂફ મારી જાતે જ તપાસતો હોવાથી તે વખતે પણ કોઇ વિચાર કે મત સંબંધી ભૂલ – સુધારવાની તક મને મળે છે. આથી વિશેષ પ્રમાણિકતાની આશા એક લેખક પાસેથી ભાગ્યે જ રાખી શકાય."[૨]

શ્રી મણિલાલ નભુભાઇ દ્વિવેદીને એકવાર પોતે લખેલું લખાણ ફરીથી વાંચવાનો કંટાળો હતો તેથી એમની ભાષામાં કેટલેક સ્થળે શિથિલતા અને અશુદ્ધિ રહી જવા પામી હતી.[3] જ્યારે ઉપર્યુકત પરિચ્છેદમાં જણાવ્યા પ્રમાણે વાડીલાલ પોતાનાં લખાણોને બેથી ત્રણ વખત વાંચી જતા હોવાથી લખાણમાં રહેલી ભૂલો અને અશુદ્ધિ તેઓ દૂર કરી શકતા હતા માટે લેખોમાં ભાગ્યેજ ભૂલ રહી જવા પામતી હતી. પોતાનાં લખાણો પ્રત્યે આટલી બધી કાળજી રાખવા છતાં એમની ઉગ્રતા અને તીખી વાણી વિશે સમાજમાં ઘણો જ ઊહાપોહ રહેતો હતો. વાડીલાલ એ વાતથી અજ્ઞાત નહોતા, એમણે એ ઉગ્રતા વિશે ખુલાસો આપતાં લખ્યું છે કે:

" મારી જે ભાષાની ઉષ્ણતા માટે ફરિયાદ કરવામાં આવે છે તે જ ભાષાના અત્યંત "ઠંડા" પણા માટે મને પોતાને શરમ આવે છે ! આ દેખીતા વિરોધનું વાસ્તવિક કારણ સમજવા જેવું છે. હું જ્યારે

---

૨. "જૈ. હિ." : સપ્ટેમ્બર ૧૯૧૭ થી જૂન ૧૯૧૮ : પૃ. ૪૦૮
3. ડૉ. ધીરુભાઇ ઠાકર લિખિત મણિલાલ નભુભાઇ સાહિત્યસાધના પૃ. ૩૦૪

લખવા બેસું છું ત્યારે જે બનાવ કે વિષય ઉપર મારા મગજમાં વિચારો ધમસાણ મચાવી રહયા હોય છે અને જે વિચારો મારી કલમમાં ઉતરવા જોર કરી રહયા હોય છે તે જ લખવાનો મારો રિવાજ છે; — બીજા શબ્દોમાં કહું તો અગાઉથી ધારી મૂકેલા કે કોઇએ ફરમાવેલા વિષય ઉપર હું લખી શકતો નથી, માત્ર અંતરપ્રેરણાથી જ લખું છું; અને લખતી વખતે જે બનાવ ઉપર લખવાનું હોય છે તે બનાવની વિવિધ સ્થિતિઓ (stages) સિનેમાની ફિલ્મ માફક મારી નજર સામે ફરતી રહી હોય છે, તે બનાવમાં ભાગ લેતી વ્યક્તિઓના એ પહેલાંના કૃત્યોનો સ્થૂલ દેખાવ પણ દૃષ્ટિ સમક્ષ ખડો થાય છે, તેઓના મગજની લંબાઇ-પહોળાઇ અને મગજની અંદરના માવાનું હલન-ચલન અને તેની (quality) અને (quantity) તથા તેમના હ્રદયની અંદરનાં ચિત્રો : આ સર્વ મારી સામે એટલા આબેહૂબપણાથી અને એટલી ત્વરાથી હાજર થાય છે કે એક સેકંડ માત્ર પણ હું મારું ધ્યાન બીજી કોઇ દિશામાં લઇ જઇ શકતો નથી. પછી એ સઘળા દેખાવો પર મારી દૃષ્ટિનાં કિરણો પડી તેમને ઓગાળી નાખે છે, તેની જાણે કે વરાળ બનથી હોય, અને તે વરાળ મારા મગજ ઉપર આગના હરફ થઇ ચોંટે છે. તે આગના હરફનો પછી મારે "ભાષા" માં "તરજુમો" કરવો પડે છે, અને તે એટલો દમ વગરનો — એટલો શુષ્ક અને એટલો રોતડ હોવાનું, હું જ્યારે ફુરસદે તે ફરીથી વાંચી જાઉં છું ત્યારે, મને "ભાન" થાય છે કે તે વખતે મને મારા ઉપર જ તિરસ્કાર ભાવ ઉપજે છે. આ આખી ક્રિયા કેમ બનતી હશે તેનો ખ્યાલ હરએક માણસ લાવી શકે નહિ. ગમે તેમ હો, પણ મારી કહેવાતી ઉગ્ર ભાષા- — જે મારી દૃષ્ટિએ નિર્માલ્ય છે — નું મૂળ કારણ મેં ઉપર લખ્યું તે જ છે."૪

---

૪. "જૈ. હિ." : સપ્ટેમ્બર ૧૯૧૭ થી જૂન ૧૯૧૮ : પૃ. ૪૦૪-૪૦૫

વા.મો.શાહના કહેવા અનુસાર તો જ્યારે એમને લખવાની ફરજ પડતી કે એમના અંતરને લખવાની તાલાવેલી લાગતી ત્યારે જ એમણે કલમ ઉઠાવી હતી અને લખવાની શરૂઆત કર્યા પછી એ લેખિનીને અટકવાનો કોઇ અવકાશ જ રહેતો નહોતો, એમની વિચારધારા અવિરતપણે વહયા કરતી. વિચાર, ભાષા, શબ્દ કે શબ્દોની ગોઠવણી માટે એમને ફાંફાં મારવા પડતાં નહોતાં એ બાબતની પ્રતીતિ સદ્ગત ધૂમકેતુએ કરાવતાં લખ્યું છે કે " વા.મો.શાહ ઘણા જ શકિતશાળી લેખક હતા ને તેમને મળવાનું સદ્ભાગ્ય પણ મને એકવખત મળ્યું હતું, તે વખતે એ અમદાવાદમાં એક પુસ્તક છપાવતા હતા. તેમની રીત પ્રેસમાં બેસીને તરત પ્રુફ જોઇ નવું નવું મેટર ઝપાટાબંધ આપતા જવું તેવી હતી. તેમણે આખું પુસ્તક આઠ દિવસમાં પૂરું કર્યું હતું. નામ હું ભૂલી ગયો છું, પણ ત્યારે જ મને લાગ્યું હતું કે આમને વિચારો આવે છે – શોધવા જવા નથી પડતા."[૬]

વા.મો.શાહના ગદ્યનો વિચાર કરતી વખતે એમણે વાપરેલી તીખી ભાષા દ્વારા એમનું પુણ્યપ્રકોપી માનસ જ છતું થાય છે એ સુસ્પષ્ટ છે. નીડરતાની બાબતમાં અખો, નર્મદ અને વાડીલાલ સંપૂર્ણ સામ્ય ધરાવે છે એમ કહીએ તો એમાં અતિશયોકિત નથી. એમની નજરમાંથી દુષ્કૃત્યો આચરનાર વ્યકિત સંસ્થા કે સમાજ ભાગ્યે જ છટકી શકતાં. પોતાનાં લખાણોની સમાજ ઉપર કેવી અસર થશે અને પોતે નિંદાને પાત્ર ઠરશે એમ જાણવા છતાં વેગીલી, ઉગ્રશબ્દોની ભરમારવાળી, તીખી તમતમતી, સોંસરું વીંધી નાખે તેવી છતાં ઓજસ્વી, બલવતી, પ્રવાહી શૈલી દ્વારા

૬. તા. ૨૨-૩-૧૯૬૦ ના રોજ શ્રી ત્રિભુવન હેમાણી ઉપર ધૂમકેતુએ લખેલા અંગતપત્રમાંથી; "વા.મો.શાહનો સંસારસુધારો"; ઉપોદ્ઘાત : પૃ.૭ ; આ પત્રમાં ઉલ્લેખ પામેલા પુસ્તકનું નામ હતું "જૈનદીક્ષા" ૧૯૨૯

વાડીલાલે જનતાને જાગૃત કરવાનો આજીવન ભેખ લીધો હતો એમની આ પ્રકારની ગદ્યશૈલીનું એક દૃષ્ટાંત નીચે પ્રમાણે છે –

" જોઇએ છે – જોઇએ છે – જોઇએ છે. "આગ", સ્વદેશ પ્રેમની આગ, સમાજપ્રેમની આગ, ઐક્યપ્રેમની આગ, સેવાપ્રેમની આગ, ઊંચી જાતના દિવ્ય યુધ્ધોની આગ, સત્યકથનની હિંમતની આગ, "હૂંફ" અને "શક્તિ" આપનારી "આગ" ના એન્જિન રૂપ સાચા લોકનાયકોમાં રાખવી જોઇતી શ્રધ્ધા રૂપી આગ, આપસના ઝગડા રૂપી ખોટી ગરમીને બાળી ભસ્મ કરનારી આગ, ખોટા ડર અને હીચકારાપણાના "બરફ" ને પીગાળી નાખી ગરમ વરાળ ફેંકતું પાણી બનાવનારી આગ, અધ્યાત્મની આગ, ઉચ્ચવિચારોની આગ, સાચી વફાદારીની આગ !

જોઇએ છે – જોઇએ છે – જોઇએ છે. એ દિવ્ય આગમાં બાળવા માટે સડેલા ભેજા, કોહેલા જીગર, કુસંપનો કચરો, નિર્બળતાના ઝાંખરા, વાક્પટુતા રૂપે ઉપદેશાતા ઢોંગી "વૈરાગ્ય"ના જાળાં, "પ્રથા" ને "ધર્મ" માની એને વળગી રહેનારી બગાઇઓ, પ્રગતિ અને શક્તિના દરેક ચિન્હથી લોકવર્ગને ભડકાવનારાં શેતાનો, તથા નિર્બળતા અને સડામાં મોક્ષ બતાવનારી ઠગારી "બલા"ઓ, કે જે સર્વને દિવ્ય આગની ભઠ્ઠીમાં બાળી ભસ્મ કરી ફીનીક્ષ પક્ષીની પેઠે નવા અને તાજા દેહ સાથે ફરી જન્મ આપવાની "નૂતનભારતને" જરૂર છે."[૭]

વાડીલાલની આ ભાષા કોને અસર કર્યા વિના રહી શકે ? આ આગ જેવી ભાષા જ લોકોના હૃદયમાં આગ જન્માવવાને શક્તિમાન

---

૭. "જૈ. હિ." : ૧૯૧૬ : સપ્ટેમ્બર–ડિસેમ્બર : પૃ. ૯–૯૩

બનશે એમ વાડીલાલ જાણતા હતા. એમણે ભાષાના અનેક ભેદ ગણાવ્યા હતા. નીચેના પરિચ્છેદમાં "ભાષા" શબ્દનો ઉપયોગ એમણે ગદ્યના અર્થમાં કર્યો હતો.

" ભાષાના અનેક ભેદ હોય છે, જેમ કે, એક વિવેચક તરીકેની ભાષા, એક સૂત્રકારની ભાષા, એક નિબંધકારની ભાષા, એક મિત્ર-મંડળી વચ્ચે ચાલી રહેલા વાર્તાલાપ જેવી ભાષા, એક પત્રકારની ભાષા, એક પ્રચારક કે ઉપદેશકની ભાષા, વગેરે વગેરે સમાજની આજની દશા જોતાં એને સૌથી વધારે અસરકારક થઇ પડે એવી ભાષા પ્રચારક-ની ભાષા છે. સમાજ એવો નિષ્ઠુર – મંદ લાગણીવાળો - dull થઇ ગયો છે કે તેને શાસ્ત્રીય કે સૂત્રકારની કે નિબંધકારની ભાષા અસર જ કરી શકતી નથી; એવી શૈલીમાં લખાયેલું એક આખું પુસ્તક વાંચી જવા છતાં વાંચનારના મન પર અસર રહી જવા પામતી નથી, કહો કે તેણે શું વાંચ્યું એનું એને "ભાન" પણ હોતું નથી. આગ જેવી – વીજળી જેવી – ડંખવાળી ભાષા એના હૃદય પર આઘાત કરે છે અને એને ભયભીત કરી "જગાડે" છે; ભયથી "જાગેલું" તે હૃદય પછી ભયનું કારણ શોધવા પ્રેરાય છે અને એ શોધ કરવા જતાં પેલા પ્રચારકના લેખમાંના સિધ્ધાંતો (truths) આપોઆપ એમાં ઘૂસી જાય છે. આવા લેખકો કાંઇ ઇરાદા પૂર્વક એવી ભાષાનો ઉપયોગ કરતા હોતા નથી; પરંતુ, જેમ અતિ ગરમી વરસાદના ઝાપટાને બોલાવી લાવનાર થઇ પડે છે તેમ, સમાજની અતિ શિથિલ દશા અમુક અમુક વ્યક્તિઓમાં એવી જ શૈલી પ્રેરનાર થઇ પડે છે, જેની તે લેખકને પણ ખબર હોતી નથી; તે તો માત્ર (unconsciously પોતાની instinct (આંતરપ્રેરણા) ને જ અનુસરે છે,

પણ તે instinct ની પાછળ પ્રેરક તત્ત્વ સમાજની દશા હોય છે એનું એને "ભાન" હોતું નથી."[૮]

વાડીલાલને સમાજમાં પ્રવર્તી રહેલા જડતા, મૂઢતા, નિર્માલ્યતા, નિષ્ક્રિયતા, અંધશ્રધ્ધા, દાંભિકતા, કૂપમંડૂકતા, અનાચાર, પ્રપંચ, પાખંડ, ઢોંગ જેવા દૂષણોએ લખવાની ફરજ પાડી અને એમના વિશાળ વાંચને અને બહોળા અનુભવે એ લખાણોમાં રંગ પૂર્યા. એમના મગજની ખુમારીના દર્શન તો લખાણોમાં ડગલે ને પગલે થયા વિના રહેતા નથી. એમના ચિંતનમાં ઊંડાણ અને સ્વતંત્રતા છે, એમનો સ્વતંત્રવિહાર પાને પાને જણાય છે. એમની દેશપ્રીતિ અને સત્યપ્રીતિ જ એમને ઉગ્રતાથી લખવા પ્રેરે છે. આત્મશક્તિ ધરાવનાર સ્વમાની વાડીલાલે લખ્યું છે કે :

" મારા લેખોની ચોરી અને સાહિત્યકારોની મારા નામનો ઉલ્લેખ કરવાની કૃપણતા : અહુ લાંબા વખતથી જાણું છું. સાહિત્ય પરિષદ મને Omit પણ ન કરે, એકવાર મેં લખવા ધાર્યું હતું, પણ પછી બહુ વિચાર કરતાં જણાયું કે તેઓ મને Omit કરીને જ ખરું માન આપે છે. I am not a 'साहित्यकार' : I do not write for the sake of writing or for adding to or improving literature. I think and feel and when my action of thinking and feeling reaches its Zenith it showers in the form of words which people call 'Books'.

---

૮. "જૈ. હિ." : સપ્ટેમ્બર ૧૯૧૭ થી જૂન ૧૯૧૮ : પૃ. ૬૨૨-૬૨૩, અને "નવચેતન" ઑગષ્ટ : ૧૯૪૫ : પૃ. ૨૬૬-૨૭૨.

નિત્શેને પણ એ વખતના સાહિત્યકારોએ એ જ ટ્રીટમેન્ટ (treatment) આપી હતી."[૯] વાડીલાલ પોતાની હયાતી દરમ્યાન અને ત્યારબાદ પણ આજપર્યંત ગુજરાતી સાહિત્યમાં વણપ્રીછયા જ રહેવા પામ્યા છે. શ્રી ત્રિભુવન વી. હેમાણીના કેટલાક પ્રયત્નો સિવાય એમનું બાકીનું સાહિત્ય હજુપણ વણસ્પર્શ્યું જ રહ્યું છે.

વા. મો. શાહનું ગદ્ય જુદે જુદે સમયે વિવિધ સ્વરૂપોમાં સર્જાયેલું છે. કયારેક કયારેક એ ગદ્ય એમણે લખેલા અંગત પત્રોમાં સમાવિષ્ટ થયેલું નજરે પડે છે. એમની શબ્દોની ગોઠવણી અને નવીન અર્થઘટન વાચકનું સવિશેષ ધ્યાન આકર્ષે છે દા.ત –

" તાત્કાલિક રાગ તેમજ તાત્કાલિક વિરાગ : એ બે એવાં તત્ત્વો છે કે જેના આધાર પર ગંભીર ઉધ્ધારકાર્ય ઉઠાવનાર સજ્જડ થાય જ ખાય. મહાભારતના યુધ્ધપ્રસંગની માફક હમણાં તો એ જ સર્વ માટે શ્રેયસ્કર છે કે, એક બાજુથી "ધૃતરાષ્ટ્ર" અશકતપણે અલગ રહે, બીજી બાજુથી કૃષ્ણ સશકતપણે તટસ્થ રહે, અને ધર્મપ્રેમી પાંડવો તથા અધર્મપ્રેમી કૌરવો મરદાનગીપૂર્વક ખેલ્યા કરે. જે ક્ષેત્રે "પાંડવ" ન હોય તેવા ક્ષેત્રે નિર્હેતુક પ્રવૃત્તિ રૂપ "કૃષ્ણ" વૃત્તિને ઊભવાનું ય ન પાલવે; જે ક્ષેત્રે "કૌરવ" ન હોય તે ક્ષેત્રે કૌરવની અપેક્ષા પર જ હયાતી ધરાવતા પાંડવો ય કયાંથી હશે ? એકલો ધૃતરાષ્ટ્ર અને "કૌરવો" હોય ત્યાં તો હજી પાંડવોને આવવા દો !......."હિતેચ્છુ" કે "પ્રકાશ" તો મારા આનંદાત્મક સ્વરૂપને આડખીલો હતી. "સમુદાય"ની "જરૂરિયાત"

---

૯. શ્રી ત્રિભુવન હેમાણી પર તા.૩૨ –૯–૧૯૩૦ ના રોજ વાડીલાલે લખેલા અંગત પત્રમાંથી; "વા. મો. શાહનું રાજકારણ" : પૃ.૫૧

મારો ભોગ લેતી હતી : મને તેની ઇચ્છા નહિ પણ કંટાળો છે અને હોવો જોઇએ તમે જેની "દયા" ખાવાનું સૂચવો છો તેમનો હું તો ખરેખર જીગરના ઊંડાણમાં – મારા પોતાના હિતની દૃષ્ટિએ તો – "ઉપકાર" માનું છું. લોકો માત્ર શબ્દોને પરણી બેઠા છે. જીવનને પિછાનતા જ નથી. દયા, ત્યાગ, નમ્રતા, ઉપકાર આદિ વ્યાખ્યાનોનો ખપ કરે છે પણ એવાં વર્તન થાય તો ઓળખી શકતા નથી. જૈન તત્ત્વજ્ઞાન ભાવનામાત્ર નથી, ક્રિયામાંથી પ્રગટતી સુગંધી છે. છેલ્લી થવા પામેલી ઘટના જેવી ઘટનાઓ તો માત્ર એ "સુગંધી" ને બહાર ખેંચી આણનાર મિલ કે યંત્ર કે "નિમિત્ત" છે. દૂર રહી હર્ષ-ખેદ કરનારા સારામાં સારા માણસોને માત્ર "ભાવના-રોગ" સમજવો. ભાવનાને વીંધી ક્રિયાના ક્ષેત્રમાં ઝૂઝયા વગરની અક્રિયતા તો "મોહ" જ ગણાય: એ જ "ધૃતરાષ્ટ્ર" ! હા, પણ બધી ય ચીજોને માટે સ્થાન છે........અને મારે માટે હમણા તો સ્થાન છે: "શૂન્ય"કારમાં : ત્યાં જ્યારે "એકડો" ઊઠશે ત્યારે તે પોતે પોતાનું સ્થાન સ્રજશે -"એકડા" માત્ર એવા હઠી હોય ! તે પોતાનું સ્વર્ગ પોતે જ સ્રજે ! આપેલું સ્વર્ગ એને નરક થઇ પડે! અને સ્રજેલુ સ્વર્ગ તે પોતે જ તોડે ! એવાનો સંગ કરવા ઇચ્છનાર લોકોને તમારે ચેતાવવા જોઇએ."[૧૦] આવું તત્ત્વજ્ઞાન તો વા.મો.શાહના અનેક અપ્રગટ પત્રોમાં સંગ્રહાયું છે એમાં એમની આગવી શૈલી-પ્રતિભાનાં દર્શન થયા વિના રહેતાં નથી. વાડીલાલનું ગદ્ય, વાર્તાઓ અને કથાઓમાં સવિશેષ પથરાયેલું છે. ગંભીર વાર્તાલાપમાં પણ વાડીલાલ અર્થગાંભીર્ય સચવાઇ રહે એવા શબ્દોની સજાવટ કુનેહપૂર્વક કરી શકયા છે દા.ત.-

---

૧૦. શ્રી ડાહ્યાલાલભાઇ ઉપર તા.૧૦-૮-૧૯૩૦ નો વાડીલાલે લખેલા પત્રમાંથી – વઢવાણના શ્રી ડાહ્યાલાલ હરગોવિંદદાસ જાની હોય એમ અનુમાન થાય છે. જે પાછળથી "રમણાનંદ સરસ્વતી"ના નામે જાણીતા હતા.

" મારા ચહેરા પરથી તું જોઇ શકશે કે હું અત્યારે મજાક કરવાના રંગમાં નથી; તેમ તારે માથે હમણાં કાળભૂંગ ભમે છે એ મારું કથન વ્યંગમાં બોલાયેલું નહોતું. તું મારું જ અંગ હોઇ, વિશ્વાસભંગ નો દોષ વહોરી લઇને પણ જંગમાં ઉતરવા પહેલાં એક તક તને આપવા ઇચ્છું છું. બોલ, હું જે પૂછું તેનો તદ્દન સાચો જવાબ આપશે ? પતિએ પૂછયું "[11]

રંગ, ભૂંગ, વ્યંગ, અંગ, ભંગ, જંગ એવા અંત્યાનુપ્રાસી શબ્દોની ગોઠવણી વાડીલાલે સભાનતાપૂર્વક જ કરી હશે. ક્રિયાપદો કરતાં વિશેષણોના ઉપયોગમાં એ વધુ સજાગ છે. એમનાં વિશેષણો સત્ત્વશાળી છે છતાં અર્થગૌરવને ભોગે એમણે કદી શબ્દલાલિત્ય ઉપસાવ્યું નથી. આવું એક બીજું નાનકડું અવતરણ પણ અહીં આપવું જરૂરી છે. –

" અને છતાંય સમાજ કહે છે : રાજા તે રાજા અને ચોર તે ચોર! ...........પણ ઢોર ને શું ખબર કે ખરું જોર કયું ! ઘોર નિદ્રામાં પડેલી દુનિયા કૃત્રિમ સિધ્ધાંતોનો શોરબકોર કરતી વૃધ્ધ બની તો પણ ગોર કરતાં શીખી નહિ !"[12]

અહીં પણ ગદ્યમાં અંત્યાનુપ્રાસ યોજી વાડીલાલે શૈલીમાં થોડી ઝમક આણી છે. અર્થગાભીર્ય ભરપૂર છતાં સુંદર, વિશદ, રસળતી, ઓજસભરી, પારદર્શક, સડસડાટ રાજમાર્ગ પર દોરી જતી શૈલી એ વાડીલાલની વિશિષ્ટતા છે. એમની શૈલીને શ્રી ત્રિભુવન હેમાણીએ "વા. મો. શાહ શૈલી"ના નામે ઓળખાવી છે. એમના ગદ્ય સાહિત્યનાં મોટાભાગનાં ક્ષેત્રોમાં પોતાનું મૌલિક પ્રદાન નોંધાવ્યું છે. પત્રકારજીવન દરમ્યાન

---

૧૧. "મસ્તવિલાસ" : "ભકતકન્યા" : પૃ. ૧૩૯–૧૪૦

૧૨. "મસ્તવિલાસ" : "યોગી અને ચોર" : પૃ. ૨૦૮

લખાયેલા તંત્રીલેખોમાં તથા ધર્મના અનોખા મૂલ્યાંકન અને અર્થઘટન કરતા લેખોમાં એ ગદ્ય વિશિષ્ટ રીતે વિલસી રહ્યું છે. કેટલેક સ્થળે સૂત્રાત્મક વાક્યો, કેટલેક સ્થળે તદ્દન નાનાં નાનાં લઘુવાક્યો તો કેટલેક સ્થળે પ્રલંબ વાક્યોની (Periodic Sentences) ભરમાર એમના ગદ્યમાં દૃષ્ટિગોચર થાય છે. એમની સૂત્રાત્મક વાણી વિશે તો જેટલું કહીએ તેટલું ઓછું છે. એમનાં લખાણોમાં અર્થના ભારને કારણે જબરજસ્તીથી દોડતું ગદ્ય ભાગ્યે જ નજરે પડે છે. ગહન વાત સરળતાથી રજૂ કરવાની વા.મો.શાહની શક્તિ કંઇ અજબ છે, ન સમજવું હોય તો પણ સમજાઇ જાય એવી સરળ ભાષા કેટલેક સ્થળે એમણે વાપરી છે. દા.ત.-

"જ્ઞાન જ્યારથી સસ્તું થયું ત્યારથી "છીછરું" પણ થયું !

લેખકો વધ્યા ત્યારથી લખાણ "તુચ્છ" પણ થયું !

ગુરુઓ જ્યારથી ઘણા થયા ત્યારથી મનુષ્ય જાતિની આત્મશક્તિ ઘટી !

પુસ્તકો વધ્યા ત્યારથી "ખરું પુસ્તક" લોપ થયું ! તત્ત્વ જેમ સરળ બનાવવામાં આવ્યું તેમ વધુ ભ્રષ્ટ થતું ગયું ! "ટીકા"ઓ વધી તેમ "સૂત્રો" મરણ પામ્યાં ! ઠાકોરો વધ્યા ત્યારે એક પણ ચક્રવર્તી ન રહયો, એટલે કે "અમીરી" - "મસ્તી" અદૃશ્ય થઇ ! વાંચનારા વધ્યા તેમ વાંચવાની "ઊંડાઇ"નાબૂદ થઇ ! વ્યાપારી વધ્યા તેમ "શાહુકારી" ઊડી ગઇ ! ડાકટરો વધ્યા તેમ "આરોગ્ય" અદૃશ્ય થયું ! લડનારા વધ્યા ત્યારે "મરદાનગી" મારી ગઇ !

તાત્પર્ય -

કોઇ ચીજનો મૂળ ગુણ દૂર કરવો હોય તો, એને સુલભ્ય બનાવો !
કોઇ ચીજનો મૂળ ગુણ જાળવવો અને ખીલવવો હોય તો, એ ચીજને
દુર્લભ કે કષ્ટસાધ્ય -"મોંઘી" બનાવો."[૧૩]

વાડીલાલની આ સૂત્રાત્મક શૈલી એટલી બધી આકર્ષક છે કે એનું વાચન છોડવું ભાગ્યે જ ગમે. "જૈનહિતેચ્છુ"માં હપતે હપતે પ્રસિધ્ધ થયેલા "નગ્નસત્ય" ના લખાણો આ શૈલીના ઉત્તમ દૃષ્ટાંતો છે. ગંભીર તાત્ત્વિક વાતને રમૂજથી, વિશદતાથી રજૂ કરવાની હથોટી વા.મો.શાહની કલમમાં હતી તે "નગ્નસત્ય" ના લખાણો સ્પષ્ટપણે સૂચવે છે. "નગ્નસત્ય" ના લેખો કોઇ એક વિષયની ચર્ચા કે કથારૂપે લખાયા નથી. એતો પ્રાસંગિક વિચારો અને અનુભવોનો સંગ્રહ છે. એકજ દોરામાં પરોવેલા મણકાની માળા જેવું એનું માળખું છે. ફકત એકજ દોરામાં પરોવાયેલા હોવાને કારણે એક મણકો બીજા મણકાથી સંબંધ ધરાવે છે. નહિ તો દરેકનું આગવું સ્વતંત્ર અસ્તિત્વ છે તેમ "નગ્નસત્ય"ની લેખમાળાના દરેક લખાણનું અલગ અસ્તિત્વ છે. 'Naked Truth' ને માટે "નગ્નસત્ય" શબ્દની ભેટ વાડીલાલે ગુજરાતીસાહિત્યને આપી છે. આ લેખમાળાને વાડીલાલે "વ્યવહાર ના પડદા પાછળ ડોકિયાં" અથવા "સ્વાનુભવો તથા એકાંતની પ્રેરણાઓ" જણાવી છે અને વધુમાં ઉમેર્યું છે કે-

"My Truth is my truth. I will follow that only, and at any cost.
Oh the joy of being my own creator and Destroyer."[14]

આ "નગ્નસત્ય"ના લેખો તો વાડીલાલના સૂત્રાત્મક લખાણોનો ખજાનો છે. એમાંના કેટલાક નમૂનારૂપ સૂત્રો આપણે જોઇએ

---

૧૩. "જૈ. હિ." : ૧૯૨૧ : પૃ.૯
૧૪. "જૈ. હિ." : ૧૯૧૬ : પૃ.૧૯

૧. ધિક્કાર એ પણ "સદ્ગુણ" છે – તું પોતાને ધિક્કાર અને પુરા જોરથી ધિક્કાર ; એ પણ પ્રગતિ માર્ગ છે. માણસ તે છે કે જે પોતાને વટાવી જાય.

૨. તાબેદારી અનિવાર્ય છે ! – જેઓ પોતાના તાબે નહિ રહી શકે તેમણે બીજાના તાબે રહેવું જ પડશે.

૩. કોઇ સમાજની તમામ વ્યકિતઓ રાજા બને કે તમામ પ્રજા બને, તો તે સમાજનો અંત સમીપ આવ્યો સમજો. બીજાઓના શરીર, ઇચ્છા અને બુધ્ધિ પર સત્તા ચલાવવાની કુદરતી યોગ્યતા ધરાવનારા "રાજા"માર્ગીઓ કાયદા બાંધશે જ અને ઓછી શકિતવાળાઓએ તે કાયદાના બંધનમાં રહેવું પડશે જ. "સમજુને માટે સાન અને મૂર્ખને માટે દંડ એ કુદરતી કાનૂન છે; બડબડવું એ મૂર્ખાઇ છે.

૪. બંધન નથી, તો મુકિત પણ નથી; મુકિત છે તો બંધન પણ છે; મુકિતની કિંમત છે તો બંધન પણ કિંમત વગરનું હોઇ શકે નહિ. બંધન દ્વારા જ મુકિત છે. બંધનોથી ડરીને તેની આભડછેટ રાખનારને મુકિત નથી. બંધનના હૃદયમાં રહેલો મુકિત નામક આત્મા ઢૂંઢવાનું સાહસ કરી શકે તે ચડવા–પડવા રૂપ સ્વરૂપોવાળી પ્રગતિ મેળવી શકે.

૫. મોટામાં મોટો જેલર Feeling ( લાગણી )છે, મોટામાં મોટો છોડાવનારો Willing ( ઇચ્છાશકિત )છે.

૬. બે મનુષ્યો કેવી રીતે મિત્રતામાં જોડાય છે તે ઉપર નહિ પણ તેઓ કેવી રીતે છૂટા પડે છે તે ઉપર તેઓના આત્માની સમાનતા કે અસમાનતાની કિંમત આંકી શકાય.

૭. લડવૈયાનો વિશ્વાસ કરવો વ્યાપારીનો વિશ્વાસ કરવા કરતાં વધારે સહીસલામત છે.

ફક્ત "નગ્નસત્ય"માં જ આવા ગદ્યનો ઉપયોગ કર્યો છે એમ રખે કોઇ માની લે. "અસ્તવિલાસ" ની તત્ત્વજ્ઞાનપ્રચૂર કથાઓમાં પણ ઠેરઠેર સૂત્રો વિખરાયેલાં પડયાં છે. આવાં સૂત્રો જ ફક્ત એકત્રિત કરવાનું રાખીએ તો એક મોટું પુસ્તક થાય એમાં શંકાને સ્થાન નથી. સૂત્રાત્મક-શૈલીનો બહોળો ઉપયોગ એ "વા. મો. શાહ શૈલી"ની વિશિષ્ટતા છે. વિચારના વેગને અનુરૂપ ભાષા એમને સ્વતઃ ઉદ્ભવે છે. વા. મો. શાહ શૈલીની મૌલિકતા એ જ એની સંજીવની છે.

વાચકને વાંચવાં ગમે એવા શબ્દોની રમત કરતાં વાકયો પણ એમનાં ગદ્યલખાણોમાં વારંવાર આવે છે. દા. ત.-
" આંકડા વગરનો વીંછી, માયા વગરની સ્ત્રી, મરદાનગી વગરનો પુરુષ, દાવપેચ વગરનો રાજ્યદ્વારી અને કટાક્ષ કરવાની હિંમત, આવડત અને શકિત વગરનો આર્યસમાજી કે પ્રોટેસ્ટન્ટ કે સ્થાનકવાસી નહિ ઇચ્છવાજોગ છે, "દયાજનક દૃશ્ય" છે. કુદરતની વિકૃતિ છે."[૧૫] આવાં વાકયોમાં વકતવ્યને ચોટદાર બનાવવા માટેના પ્રયોજાયેલા સાદૃશ્યમૂલક શબ્દગુચ્છો વાચકનું ધ્યાન ખેંચે છે. વિચારની અસ્ખલિત

---

૧૫. "જૈ. હિ." : ૧૯૨૦ : પૃ. ૧૪૯

ગતિનો અનુભવ કરાવે એરીતે વાક્યખંડોની થયેલી રચના પણ "વા. મો. શાહ શૈલી" માં નોંધપાત્ર છે વારંવાર એમના ગદ્યમાં થયેલો પ્રલંબ વાક્યરચનાનો ઉપયોગ એમનું ગદ્ય તથા શબ્દો ઉપરનું પ્રભુત્વ સાબિત કરી આપે છે. મહાવીર વિશે એમણે લખ્યું છે કે -

" જે એકાંતમાં સાડાબાર વર્ષ સુધી મનનરૂપી અને ક્ષુધા, તૃષા, નિદ્રા આદિ કુદરતની અનિવાર્ય ગણાતી માગણીઓ ઉપર પોતાનું સામ્રાજ્ય સ્થાપવા રૂપી "તપ" કરી શકે, જે ગુફાઓમાં રહી ગુફા જેવો ઊંડો અને પહાડો પર રહી પહાડ જેવો ઊંચો અને "કઠણ" બની શકે, જે ઇન્દ્રને પોતાની મદદે આવતાં અટકાવી શકે અને "સહાય" ને અપમાન માની શકે, જે અનાર્ય અથવા નહિ ખેડાયેલા કઠિન દિલના મનુષ્યો વચ્ચે જાણી બૂજીને જઇને તેમના વિચારો અને માન્યતાઓને આઘાતરૂપ થઇ પડવાનું સાહસ કરી શકે, જે હવે પછી ઉદય થવાનાં કર્મોને એકી સાથે "ઉદેરવા" - આવાહન આપવા - ઉશ્કેરવા - ની હિંમત ધરી શકે અને એમાંના કેટલાકોનો "ક્ષય" (destruction) કરવાની અને કેટલાકનો "ઉપશમ" (winning over by strategy) કરવાની કુનેહ ધરાવી શકે, જે જનસમાજને "યોધ્ધા" અને "શહેરી" "સાધુ અને શ્રાવક" એવા બે પ્રકારના ભેદમાં વિભક્ત કરવાની બંનેનાં ભિન્નરુચિ કર્તવ્યો અને ભિન્નરુચિ અધિકારો મુકરર કરવાની તથા બંને ભિન્નરુચિ પુરુષોનો એક સમાજમાં સમાવેશ કરી "શાસન" અથવા "રાજ્ય" ની સ્થાપના કરી શકે, જે પૂર્વના મહાપુરુષોના હાથે બંધાયેલી ઇમારત તોડીને નવેસરથી ઇમારત ચણવા છતાં એનો જ પુનરુધ્ધાર કર્યો છે એમ જનસમૂહને વિશ્વાસ ઉપજાવી શકે, જે "પ્રચંડક્રોધ" રૂપી નાગના ઝેરનું

પણ ઝેર હોઇ શકે, જે Rule અને Exception ,"શ્રાવક" અને સાધુ" બેને જુદી જુદી "આજ્ઞા"ઓ આપી શકે અને તે છતાં બંનેને એક જ "શાસન"નાં અંગ બનાવી શકે, – તેવા મહાવીર ના "ઊંચાણ"માંથી વહેતો ઝરો ઘણી લાંબી જગા રોકે ઘણા લાંબા વખત સુધી વહયા કરે એમાં આશ્ચર્ય કાંઇ નથી."[16] આવી પ્રલંબ વાકયરચના અનેકવાર સફળતાપૂર્વક વાડીલાલે પ્રયોજી છે તો નાના નાના ટૂચકા, કથા, વાર્તા, દૃષ્ટાંતોનો એમણે છૂટે હાથે ઉપયોગ કર્યો છે જેથી નિરસતા કે શુષ્કતાને એમનાં ગદ્યલખાણોમાં સ્થાન મળ્યું નથી. "કબીરજીનાં આધ્યાત્મિકપદો" જેવા વિવેચનગ્રંથ હોય, "જૈનદીક્ષા" અને "મસ્તવિલાસ" જેવા તત્ત્વજ્ઞાનની ગહનતામાં ડૂબકી મારવા લઇ જતા ગંભીર ચિંતનાત્મક ગ્રંથો હોય કે "જૈનહિતેચ્છુ"માં હપતે હપતે પ્રસિધ્ધ કરાયેલા "દુનિયાનું ભૂત, વર્તમાન ને ભવિષ્ય", "જિંદગીનો ભોમિયો" કે " લગ્ન, પુનર્લગ્ન અને બ્રહ્મચર્ય, જેવા નિબંધો હોય, દરેકમાં " વા. મો. શાહ શૈલીની" મૌલિકતાની ઝાંખી વાચકને થયા વિના રહેતી નથી. એમનાં લખાણોનું વિશદ નિરૂપણ, વ્યવસ્થિત પૃથક્કરણ, અકાટય દલીલો, હળવા વિનોદ અને કવચિત તીક્ષ્ણ કટાક્ષ વાચકને આકર્ષે છે. એમના હળવા કટાક્ષ માટે એક નાનકડું અવતરણ જોઇએ. –

" આપણે હજી ઘણી વાતો કરવાની છે; પણ તમે સુકુમાળ હોઇ હમણાં તો પેલા તમારા ડગમગતા કોન્ફરન્સ નામક હવાઇ મહેલમાં કલ્પિત વિજયદુંદુભિના ધ્વનિ સાંભળતા પોઢી જાઓ. સવારે વહેલા ઊઠી હનુમાનજીને તેલ ચઢાવી આવી, માછલાંને "રામ" નામની લાખ

---

૧૬. "જૈ. હિ." : સપ્ટેમ્બર ૧૯૧૭ થી જૂન ૧૯૧૮ : પૃ. ૭૦૫–૭૦૬

ચિઠ્ઠીઓવાળી આટાની ગોળીઓ ખવરાવી આવી, વેળાસર સામાયિક કરવા બેસી જજો અને ભવોભવના સેવક તથા આત્મબંધુને યાદ કરજો, એટલે વગર દોરડાના તારથી આપણે આજની અધૂરી રહેલી વાર્તા આગળ ચલાવીશું. હાલ તો જય શ્રી હવાઇ મહેલની ! જય શ્રી લક્ષ્મી પાતકી ! જય શ્રી કબરસ્તાનકી ! જય શ્રી કેસાગરકી ! જય શ્રી હનુમાન દેવકી !

લિ. પરાજયમાં જય જોનારો
તમારો સાચો આત્મબંધુ વા. મો. શાહ."[17]

"સૌને પરણી બેસવું છે", " ભમરાજીનું ભાષણ" અને "પૈસો વાવવાની વિદ્યા" જેવા કેટલાય નાના મોટા કટાક્ષલેખો એમણે લખ્યા છે. એમનાં હળવાં કે ગંભીર લખાણો વાંચતાં એક વાતની પ્રતીતિ જરૂર થાય છે કે "વાડીલાલને પોતાને શું" કહેવું છે અને કેવી રીતે કહેવું છે, એની બરાબર ખબર હતી. એમનો સચોટ શબ્દપ્રયોગ, વિચારના સ્વભાવને અનુકૂળ તાત્પર્યમય વાક્યઘટના, અલંકારનો અભાવ, અને છતાં આવેગ, ઉત્કટતા અને ઉગ્રતા એમનાં લખાણોનાં મુખ્ય લક્ષણો છે. વિચારોની પારદર્શિતાએ એમની વાણીમાં વિશદતા આણી છે છતાં એમનું ગદ્ય વિદ્વદ્ભોગ્ય રહ્યું છે "મસ્તવિલાસ" નું એમનું ગદ્ય ઉચ્ચકોટિનું છે પરંતુ આબાલવૃદ્ધ એમાં આનંદ માણી શકે છે એ એની લાક્ષણિકતા છે. દા.ત. –

" કબીરજીની સાળ ચાલ્યા જ કરતી હતી ! વાણો ને તાણો, ઉપર ને નીચે અને નીચે ને ઉપર થતો થતો, એકબીજાથી ગૂંથાઇ એકરૂપ બન્યા કરતો હતો. વણાટક્રિયાને અંતે ન રહેતો "વાણો" કે ન રહેતો

---

૧૭. "જૈ. હિ." : ૧૯૧૪ : જાન્યુઆરી : પૃ. ૧૩૪

"તાણો" તે બંને એક વસ્ત્રમાં અદૃશ્ય થતાં, અને એ જ રીતે કબીરજી "દૃષ્ટા" અને "દૃશ્ય" ને, જીવભાવ અને ઇશ્વરભાવને, સુખ તેમજ દુઃખને, જ્ઞાન તેમજ અજ્ઞાનને, શક્તિ અને અશક્તિને, હાર તથા જીતને, આલોક અને પરલોકને, જડ તેમજ ચૈતન્યને અને પ્રવૃત્તિ તેમજ નિવૃત્તિને પોતાની અનુભવરૂપ સાળમાં નાખી એક સળંગ આકાર આપતા ઓહો, કબીરજીની સાળની શું વાત કરવી ![૧૮]

વા.મો.શાહની વાર્તામાં તત્ત્વજ્ઞાનને આમ તાણાવાણાની માફક વણી લઇ એક સળંગ આકૃતિ ઉપસાવવાની રીત અનોખી છે, છતાં "મસ્તવિલાસ" ની છેલ્લી આઠ વાતો "યોગી અને ચોર" "કાળ શું છે વ્યાલ કે બાલ ?" " રામદાસ સ્વામીનું પ્રાયશ્ચિત" "રામાયણ તો મારી જીવનકથા છે !" "ભ્રમણાતીતનું અનુભવ શાસ્ત્ર" "ભ્રમણાતીતની પિછાન" "પ્રચંડ મસ્તોની અનોખી મસ્તી" અને "જેને જોઇએ તે મળી રહે છે" માં તત્ત્વજ્ઞાન ઠાંસી ઠાંસીને ભર્યું છે. વાર્તાઓના આવરણ દ્વારા એને સરળ સુલભ બનાવવાનો પ્રયત્ન વાડીલાલે જરૂર કર્યો છે છતાં અમુક ઉચ્ચ ભૂમિકાએ પહોંચેલી વ્યક્તિ જ એનો આસ્વાદ માણી શકે છે માટે એ વાર્તાઓની ભાષા સર્વજનભોગ્ય છે એમ આપણે કહી શકીએ નહિ. દા.ત. "યોગી અને ચોર" માં શરૂઆતની વાર્તા તો ખૂબ સરળ છે પણ ચોર યોગીપદને લાયક બન્યો પછી વાડીલાલ વાચકને ધીમે ધીમે તત્ત્વજ્ઞાનનાં ઊંડાણમાં ખેંચી જાય છે. એમાં આપવામાં આવેલી નોંધો ફક્ત તત્ત્વજ્ઞાન છે જેમાં આપણે મગજને કસોટીએ ચઢાવવું પડે છે, ત્યાં એમનું ગદ્ય ચિંતનના ભારથી વધુ ગહન બને છે જેમકે – "સુષુપ્તિ તે જ છે

---

૧૮. "મસ્તવિલાસ" : "ઇચ્છાશંકર પંડ્યા અને ઇચ્છાદેવી પંડિતા": પૃ. ૧૬૮

કે જ્યાં પોતાનું જ્ઞાનસ્વરૂપ કળતું નથી. કારણકે એ સ્થિતિમાં આપણો અહંકાર અંધકારમાં લય થાય છે."[૧૯]

શ્રી ઝવેરચંદ મેઘાણીએ તો વા.મો.શાહને "ચિંતનગદ્યના જનક તરીકે" બિરદાવતાં લખ્યું છે કે –

" સાહિત્યમાં મહાલવા ખાતર નહિ પણ ધર્મસુધાર તેમજ ચિંતનવિહાર કરવાની ખુમારીના એક શસ્ત્ર લેખે પ્રબલ તેજસ્વી શૈલી વાપરનાર આ લેખક સુપ્રસિધ્ધ છે.

પરિપકવાવસ્થામાં લખાયેલું આ મસ્તવિલાસ પુસ્તક છે. એમાં આત્માની મસ્તી રમણ કરે છે. આમાંના છવ્વીસ લેખોનું મૂર્તિવિધાન તત્ત્વચિંતનની દૃષ્ટિએ પણ સર્વભોગ્ય ને સાર્વજનિક હોવા ઉપરાંત તેમાં શૈલીની કલાએ શિલ્પ કોતરાયું છે.

કથાપ્રસંગો, સંવાદો, ઘટનાઓ વગેરે સ્વરૂપોના એ શિલ્પવિધાન માં લેખકની મૌલિકતા પૂરેપૂરી વિલસે છે. શબ્દો જાણે કે એ શિલ્પીના ટાંકણામાંથી ઘા બનીને પડેલા છે.

લેખકની ઉગ્રતાએ સાંપ્રદાયિક દૃષ્ટિને ફેંકી દઇ શુધ્ધ આત્મિક ખુમારીનો રંગ ધારણ કર્યો છે, અને આ સદીના પ્રારંભથી પોતે પોતાની તેજસ્વિતાનું જે સ્વાતંત્ર શૈલીવાહન ઘડયું હતું તેનો આ પુસ્તકમાં પૂર્ણ વિકાસ થઇ ચૂકયો છે.

---

૧૯. "મસ્તવિલાસ" : પૃ. ૨૩૪

આમાંના અનેક ફકરાઓ અલગ પાડીને લેખકની શૈલી પર નિબંધ લખી શકાય તેવું છે. આ શૈલી લેખકને અનેક અણદીઠ ચિંતનપ્રદેશો-માં ઘુમાવવા લઇ જાય છે.

એક અર્થઘન અને જોશીલા પૌરુષે નીતરતા ચિંતનગદ્યના જનક તરીકે લેખકનું સ્થાન જો ગુજરાતી ગદ્યવિકાસના ઇતિહાસમાં ઉચ્ચ રહેશે તો તે આ પુસ્તકને આધારે રહેશે."[20]

મેઘાણીની દૃષ્ટિએ "ચિંતનગદ્યના જનક"નું સ્થાન પામેલા વા.મો. શાહનો શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ "અર્વાચીન ચિંતનાત્મક ગદ્ય" માં ફકત નામોલ્લેખ કરીને જ સંતોષ માન્યો છે. હા, ભરતકુમાર ઠાકર, રમેશ મ.ભટ્ટ, અને ચંદુભાઇ પટેલે લખેલી સંયુકત કૃતિ " ૩૭ સાહિત્યિક નિબંધો"[૨૧] માં "ચિંતનાત્મક ગદ્ય" ની ચર્ચા કરતી વખતે, વા.મો. શાહને વિશે નાનકડો પરિચ્છેદ લખવામાં આવ્યો છે ખરો. પહેલા પણ કેટલાક માનતા હતા અને હજુ પણ કેટલાક માને છે તેટલું વા.મો.શાહનું કાર્યક્ષેત્ર મર્યાદિત નહોતું શકય તેટલા બધા ક્ષેત્રોને એમની કલમ સ્પર્શી ચૂકી છે ઉપરાંત એમની ભાષાશૈલી વિલક્ષણ, આગવી, અટૂલી છે. સ્વાનુભવોને લખાણોમાં ગૂંથી લેવાની કળા એમને હસ્તગત છે, માટે જ એમાં એમના વ્યકિતત્વ અને અંગત જીવનની છાયા પડેલી દેખાય છે એમણે કહ્યું છે કે " મારું લખાણ એ મારા જીવનનો તરજૂમો છે"એ સત્ય જ છે. એમણે જેવાં પુસ્તકો વાંચ્યાં તેવો એમના વિચારોએ આકાર લીધો. સમાજમાં અવલોકેલા, અનુભવેલા પ્રસંગોએ એમના વિચારોને વધુ ઉગ્ર

---

૨૦. "જન્મભૂમિ" : કલમ અને કિતાબ : તા.૧૯-૩-૧૯૩૬ અને વા.મો.શાહની તત્ત્વકથાઓ : પૃ.૩૧

૨૧. "૩૭ સાહિત્યિક નિબંધો" : ૧૯૬૭ : પ્રથમ આવૃત્તિ: પૃ.૩૭૯

બનાવ્યા. સમાજે એમને છંછેડયા અને એમણે સમાજને સુધારવાનો નિર્ણય લીધો. મણિલાલ નભુભાઈના લખાણોના વાચને એમનું જીવનઘડતર થયું પણ ખુમારી તો એમની પોતાની. "મગજમાં રાઈ ભરી હોય એટલો તો એમનો મિજાજ છતાં સત્ય અને ન્યાય માટેનો સતત આગ્રહ, અસત્ય તથા અન્યાય સામેની એમની લડત પ્રશંસનીય ગણાય તેવી છે.

અતિશય ઉગ્ર ભાષા કેટલીકવાર અસહ્ય બને છે એવું વાડીલાલના પ્રસંગમાં બન્યું. જ્યાં ધર્મગુરુઓ કે જનતાની ઝાટકણી કાઢવા બેસતા તથા જ્યાં અન્યાયી અને વ્યભિચારીઓને ખુલ્લા પાડવાનું કામ હાથ ધરતા, ત્યાં એમની ભાષા ઉગ્રતાની પરાકાષ્ટાએ પહોંચતી. કદાચ ગુસ્સો એમના મગજ ઉપર આધિપત્ય જમાવી બેસતો એમ કહીએ તો ચાલે, ત્યારે એમની ભાષા કંઈક કિલષ્ટ બનતી. ધર્મગુરુઓને ભરવાડ અને અંધશ્રદ્ધાળુ જનતાને ઘેટાં કહી નવાજવાથી પણ એમને સંતોષ ન થતો. એમણે કહ્યું છે કે – "મને ધર્મગુરુઓ અને ધર્મનાયકરૂપ શ્રીમંતોથી વિરાગ ઊપજ્યો છે. એ સાચો વિરાગ છે, તે કેમ ઊપજ્યો? મેં તેઓનો અનુભવ અડધી સદી સુધી કર્યો અને તેમના અંતઃકરણનો ખૂણો ખાંચકો કાપી–કૂપીને જોયો, મને ત્યાં સંડાસ દેખાયો. સંડાસ તરફ અણગમો કોને ન ઊપજે? અને એ અણગમો એજ વિરાગ!"[૨૧] વાડીલાલનાં આવાં લખાણો વાંચતાં અખાના છપ્પાની યાદ આવ્યા સિવાય રહેતી નથી.
તત્કાલીન સમાજે વા.મો.શાહની કરેલી ઉપેક્ષા, અવગણના કે અવહેલનાના મૂળમાં એમની ઉગ્રતાજ કારણભૂત હશે એમ સમજાય છે. છતાં એમનાં બધાં લખાણો ઉગ્ર છે એવો અભિપ્રાય રખે કોઈ બાંધી લે! જ્યારે એમને સુધારકના વેશે તપાસીએ ત્યારે જ એ ઉગ્રતાનાં દર્શન થાય છે.

---

૨૧. "આર્યધર્મ": પ્રસ્તાવના: પૃ. ૧૬; અને "વા.મો.શાહનો ધર્મસંદેશ": પૃ. ૪૦.

બાકી પત્રકાર, વિચારક, વિવેચક કે તત્ત્વજ્ઞાનીના વેશે નિહાળીએ તો એમની દલીલશક્તિ પર આફરીન થઇ જવાય એમ છે. પોતે જે વાત કહેવી છે તે પ્રતિપક્ષીના મનમાં ઠસાવીને જ જંપે એવી બુધ્ધિશક્તિ પોતે ધરાવતા હતા. એમની લડતમાં હૃદય કરતાં બુધ્ધિ ઉપરનો હલ્લો વિશેષ પ્રમાણમાં રહેતો હતો પરંતુ હૃદયની ઉદારતાના પણ અનેક પ્રસંગો એમના જીવનમાંથી ઉપલબ્ધ છે.

વાડીલાલે ગદ્ય લખવા ખાતર લખ્યું નથી એમ તો અગાઉ ઘણીવાર કહેવાઇ ગયું. એ Art for Life's sake માં માને છે Art for Art's Sake માં માનતા નથી તેથી સર્જન કરવાનો એમનો ઉદ્દેશ નથી છતાં સાહિત્યસર્જન થઇ ગયું છે. વાડીલાલ ગદ્યકાર ખરા કે નહિ? એ પ્રશ્નનો ઉત્તર તો એમનું વિપુલ ગદ્યસર્જન આપી રહે છે. અવનવી શૈલીની અજમાયશ કરવાની અજબ પ્રહારની હથોટી એ સફળ ગદ્યકારનું જ લક્ષણ છે.

શ્રી બ.ક.ઠાકોરે વા.મો.શાહને ગુજરાતી સાહિત્યના અગ્ર-ગણ્ય ગદ્યપ્રભાવકોમાં સ્થાન આપ્યું છે તે સાર્થક છે. પણ વા.મો.શાહની પદ્યરચના એમનાથી અજાણી રહી હશે. જો કે વાડીલાલને કવિ કહી શકાય નહિ. એમનાં કાવ્યો ગણ્યાંગાંઠયા છે છતાં અર્થગાંભીર્યથી ભરપૂર અને ઉચ્ચ આદર્શોને પ્રતિબિંબિત કરતાં સૌષ્ઠવયુક્ત છે. દા.ત.

૧ "વિજયસૂત્ર જૈ.હિ.:૧૯૧૧:પૃ.૩૨૯ માં એમણે કહ્યું છે -

"હાથ ધરેલાં કાર્યો પૂરાં -

<u>કરતાં કરતાં મરવું</u>

કાંઇ કદાપિ બાકી રહે તો
મરતાં મરતાં કરવું
હો સજ્જન –
હૃદય કહે તે કરવું."

૨ 'दुःखा कहाँसे!' જૈનપ્રકાશ: તા. ૧૮-૧-૨૮

3 'निजानन्द' અપ્રગટ ફાઇલમાં

૪ The Song of the Seeker જૈ. હિ. ૧૯૦૯: એપ્રિલ, પૃ. ૧

આ એમનું શ્રેષ્ઠ કાવ્ય કહી શકાય એમ છે.

"Fade, fade, each earthly joy : Mahavir is mine!
Break, ev'ry tender tie, Mahavir is mine :
Dark is the wilderness,
Earth has no resting-place;
Mahavir alone can bless, Mahavir is mine!"

આવાં વાડીલાલે કેટલાક કાવ્યો લખ્યાં છે પરંતુ એમના ગદ્યલખાણોમાં પણ યથાયોગ્ય સ્થળે કાવ્યતત્ત્વ છે એમ આપણે કહી શકીએ. દા.ત. –

"હે મનને શાન્તિ આપનાર દેવાંશી જાદુગર! જિંદગીના હેતુ પ્યાર અને પરમેષ્ઠિ પિછાનને સ્વાભાવાનુસાર (akin) એવી હે અદ્ભુત શક્તિ! પ્રભાકરનાં છેલ્લા કિરણો ધીમે ધીમે રંગ બદલી રજા લે છે અને રજની-રમાને મળવા સોનેરી-રૂપેરી ટપકાંવાળી દુધીઆ તારક-સાડી લઇ સ્નેહી શશી લાવણ્યતાથી પગલાં ભરવા નિશાનો કરે છે એવા હસતા સમયને વિશે, તને તથા પ્રિયાને લઇને એકાંતમાં આવેલા નિર્મળ ભટકતા ઝરા પાસે બેસનારને તું કેવા પવિત્ર માનસિક પ્યારની પરિસીમાએ પહોંચાડે છે! તેમજ તું પવિત્ર "શ્રેષ્ઠ સુહૃદ" સાથે ફરતા

માનવને જંગલમાં દોરી તારી પેન ચડાવનાર સૂર રૂપી પાંખો ઉપર બેસાડી દૂર દૂર ખેંચી જઇ અંતરીક્ષથી, કુદરતની સુંદરતા, જગતની વિચિત્રતા, નીતિની આવશ્યકતા, નરનારીનું નિમક હરામીપણું - એ સર્વનું દિગ્દર્શન કરાવતો કરાવતો કેવો ધર્મ-શ્રધ્ધા રૂપી દેવદ્વારે પહોંચાડે છે![22] આવીરીતે વા.મો.શાહે લીધેલા રૂપકશૈલીના આશ્રયને કારણે એકપ્રકારનું કાવ્યતત્ત્વ અનુભવાય છે. "ઋષિદત્તા આખ્યાયિકા"માં આવી રૂપકાત્મક કવિત્વસભર શૈલીનો વારંવાર લેખકે ઉપયોગ કર્યો છે. દરેક લેખકને પોતાની શૈલી ઘડવામાં થોડાક તો સજાગ રહેવું જ પડે છે એટલે વા.મો.શાહને એમની શૈલી વિના-પ્રયત્ને વરી હતી એમ તો ન કહી શકાય. વાડીલાલે સાહિત્યમાં ઉમેરો કરવાના ધ્યેયથી ચોક્કસ નહોતું લખ્યું છતાં જે કાંઇ લખાય તે ઉત્તમ સર્જન બને એવો પ્રયત્ન તો તેમને અવશ્ય કરવો પડયો હતો. ઉપરાંત એમના અપર્યાદિત વાચન અને અનુભવે એમની લેખનશૈલીને વધુ સુશ્લિષ્ટ અને આગવી પ્રતિભાશક્તિવાળી બનાવી. શ્રી હિંમતલાલ ગણેશજી અંજારિયાના મંતવ્ય અનુસાર વાડીલાલ અમુક પ્રકારની જોરદાર, ભાવવાહી, ઉત્સાહપ્રેરક અને કંઇક અનોખી ગદ્યશૈલીના લેખક છે."[23] તો "વાડીલાલનું ગદ્ય ખરેખર બળવાન છે" એવી પ્રશસ્તિ સાક્ષરશ્રી રામનારાયણ પાઠકે પણ કરી છે.[24] શ્રી વિજયરાય વૈદ્યે એમની શૈલીને બિરદાવતાં નોંધ્યુ છે કે - "જૈનદીક્ષા"કારની સ્વતંત્ર, પ્રગલ્ભ વિચારશક્તિ અને જરા અટપટી પણ ઘણી જોરદાર, સોંસરુ વીંધતી લેખનશૈલી તો સુપ્રસિધ્ધ છે જ".[25] ઇન્દ્રવદન કુ. દવેના મત અનુસાર -

---

૨૨. "મધુમક્ષિકા": પૃ. ૧૫-૧૬.
૨૩. હિંમતલાલ ગણેશજી અંજારિયા કૃત "ગુજરાતી ગદ્યના ઘડનારા", પૃ. ૫૪-૫૫.
૨૪. "પ્રસ્થાન": ૧૯૯૦: માગશર: પૃ. ૨૦૦.
૨૫. "કૌમુદી": ૧૯૩૧: ઓગસ્ટ: ૨૯નું શ્રેષ્ઠ શાસ્ત્રીય પુસ્તક.

"એમના ગદ્યમાં પત્રકારી લખાણોમાં હોય છે તેવો આવેગ છે, પણ તેમાં હોય છે તેવા શબ્દોના ખાલી ખણખણાટ નથી કે ભાષાની ઓછી ચમક નથી. જો કે ક્યારેક એમાં આવેશની અતિશયતા થવાથી વક્તવ્યની પુનરુક્તિઓ ઘૂસી જવા પામે છે. ક્વચિત "પાવૈયાઓ માટે કાંઇ આ પ્રવૃત્તિ નથી", કે "સત્યસુંદરીને નગ્ન કરી નિહાળવાની મને કેટલુંક થયાં લત લાગી હતી અને તેથી હું ઘણાં "અટકચાળાં કરતો" જેવાં વાક્યોમાં રુચિભંગનો દોષ આવે છે, તોપણ એકંદરે એક સંનિષ્ઠ રજોગુણી, તત્ત્વવિચારક, સુધારક, પ્રજાવત્સલ આત્માની આ પ્રાસાદિક, વેધક, અસ્ખલિત પણ બેશબંધ વહેતી પૌરુષભરી વાણીના ધોધમાં સ્નાન કરવું – એમાં તણાવું આપણને ગમે તેવું છે. એમાંથી જીવનક્રાંતિ અને ઉન્નતિની ઝંખના સેવનારા સર્વજનોને તેમના મનોરથો માટે પૌષ્ટિક ભાથું મળી રહેશે એમાં કોઇ શંકા નથી".[૨૬]

ગુજરાતી સાહિત્યમાં અંગ્રેજી શબ્દોનું રૂપાંતર કરી યોગ્ય શબ્દ બક્ષવામાં પણ વા.મો.શાહનો ફાળો નોંધનીય છે. લગભગ સવાસો જેટલા અંગ્રેજી શબ્દોનું ગુજરાતી કરણ એમણે કર્યું છે તેમાં "નગ્નસત્ય" શબ્દ મહત્ત્વનો છે. Absolute truth ને માટે "નરું સત્ય", "નિશ્ચયદૃષ્ટિ", "નિશ્ચયસત્ય", "નિશ્ચયનય" જેવા શબ્દોનો ઉપયોગ એમણે વારંવાર કર્યો છે તો –

| | |
|---|---|
| Active | – "ક્રિયાકારક", "ગતિશીલ", "ક્રિયાશીલ" |
| Benevolent Art | – "પ્રશસ્ત કલા" |
| Association | – "મનોવર્ગણાઓ" |
| Astral body | – "વાસના શરીર" |

---

૨૬. "ઊર્મિ–નવરચના": ૧૯૬૦: સપ્ટેમ્બર, પૃ. ૬૬–૬૭.

Agitation — "ખળભળાટ", "આંદોલન"

Causal body — "કાર્મણ શરીર"

આવા અનેક શબ્દોના યથાયોગ્ય ઔચિત્યપૂર્ણ પર્યાયો એમણે પ્રયોજ્યા છે. શ્રી ત્રિભુવન હેમાણીએ "પારિભાષિક કોશ"માં ખૂબજ શ્રમપૂર્વક આ સઘળા શબ્દો શોધીને પુરવણીમાં આપ્યાં છે.[27]

વાડીલાલને ગદ્યકાર તરીકે મૂલવતાં અંતમાં ડૉ. અમૃતલાલ એસ. ગોપાનીનો અભિપ્રાય આપ્યા વગર ચાલી શકે તેમ નથી –

"It is now as broad as daylight that he was a prolific writer. His volumes of "Jain Hitechchhu" and some dozens of his books are a sure testimony to his gigantic abilities and go a good deal to prove that besides thorough knowledge of the subject he had a comprehensive amplitude of mind and richness of imagination. He turned into gold what he touched. The interest of 'Madhu Makshika' is well sustained from the beginning to the end. Pointed antithesis is a singular mark of his composition. In his hasty and superficial circumlocutions (અમૃતલાલ શેઠનું અઠવાડિયું" ) the eye of genius might discern some subjects invisible to his grosser companions. He was more straight - forward than verbose, more powerful than

---

૨૭. "પારિભાષિક કોશ": પ્રયોજક: વિશ્વનાથ મગનલાલ ભટ્ટ સને ૧૯૬૮: આવૃત્તિ બીજી.

homely. He prov.ed successfully that pen was mightier than sword. He had much of Roussean in him as regards matter, much of Quincy as regards form, much of Lamb as regards nicety of logic.

Subtle analysis of characters, felicity of phrases, intellectual humour of his own, a solid, unbreakable chain of arguments, and rich exuberance of imagination ascribe to him a unique position in the literary world not enjoyed by any Jain leader-past or present."[28]

---

૨૮. Dr. Amritlal S. Gopani: 'Jain Gazette':1932, April; અને "વા. મો. શાહનું રાજકારણ": પૃ. ૨૭૫-૨૭૬.